# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654





પેજ-08
સ્વિફ્ટની અપીલથી લાખો મતદારો એકઠા થયા, હિલાઓનો અવાજ બની બિયોન્સે....





પેજ-09
સચિને અંડર-19 કેપ્ટન આયુષને પોતાની ટેસ્ટ જર્સી આપી....


**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 31.00 | 17.00 |
| વડોદરા | 32.00 | 17.00 |
| સુરત | 32.00 | 20.00 |




પેજ 5
લીલા નિશાનમાં માર્કેટ બંધ, સેન્સેક્સ 84,273 અંકે બંધ....



11 FEBRUARY-2026 WEDNESDAY





ઈમરાન ખાનના સ્વાસ્થ્ય અને બેરેકની તપાસનો આદેશ....
પેજ 10


**શેરબજાર**

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 84273.92 | ▲ 208.17 |
| નિફ્ટી | 25935.15 | ▲ 67.85 |
| સોનું | 156950.00 | ▼ 1116.00 |
| ચાંદી | 252002.00 | ▼ 10618.00 |


વર્ષ-15 । અંક-091 । વિક્રમ સંવત-2082 । મહા વદ-10 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### બુક, બિરલા અને બખેડો, કોણે કર્યું જનરલ નરવણેનું પુસ્તક લીક?

# સ્પીકરને હટાવવા સંસદમાં મહાસંગ્રામ



(એજન્સી) નવી દિલ્હી । તા. 10

સંસદના બજેટ સત્રમાં ભારતના પૂર્વ થલસેના અધ્યક્ષ જનરલ મનોજ મુકુંદ નરવણેના પુસ્તક 'ફોર સ્ટાર્સ ઑફ ડેસ્ટિની'ને લઈને મોટો વિવાદ ઊભો થયો છે. વિપક્ષના નેતા રાહુલ ગાંધી આ પુસ્તકને સંસદમાં વાંચવા માંગતા હતા, પરંતુ સંરક્ષણમંત્રીએ નિયમોનો હવાલો આપીને તેમને અટકાવ્યા હતા. સંરક્ષણમંત્રીએ જણાવ્યું હતું કે, આ પુસ્તક હજુ પ્રકાશિત થયું નથી અને અપ્રકાશિત પુસ્તકને સંસદમાં વાંચવાનો કોઈ નિયમ નથી. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહના વિરોધના બીજા જ દિવસે રાહુલ ગાંધી આ પુસ્તક હાથમાં લઈને સંસદમાં જોવા મળ્યા હતા. તેમણે મીડિયાને જણાવ્યું કે, જ્યારે વડાપ્રધાન મોદી સંસદમાં આવશે ત્યારે તેઓ આ પુસ્તક તેમને આપશે. આવું થાય ત્યારે જવાહરલાલ નહેરુ અને અટલ બિહારી વાજપેયીના સમયે કેવી રીતે સંસદ કામ કરતી હતી એ યાદ કરવું પડે. આજે આપણે હોબાળા વચ્ચે કેમેરા સ્પીકર પર શિફ્ટ કરવાના અને માઈક બંધ કરવાના આક્ષેપો સાંભળી રહ્યા છીએ, ત્યારે નહેરુ અને વાજપેયીના જમાનામાં એવું ન હતું.

## પુસ્તક છપાયું ન હોવા છતાં રાહુલ ગાંધી પાસે ક્યાંથી આવ્યું ? દિલ્હી પોલીસની FIR નોંધી તપાસ શરુ

બીજી તરફ, પુસ્તક છપાયું ન હોવા છતાં રાહુલ ગાંધી પાસે ક્યાંથી આવ્યું તે જાણવા માટે દિલ્હી પોલીસે FIR નોંધી તપાસ શરુ કરી છે. પેંગ્વિન પબ્લિકેશને પણ નિવેદન જાહેર કરીને સ્પષ્ટતા કરી છે કે, આ પુસ્તક હજુ સુધી પ્રકાશિત થયું નથી. આ વિવાદને પગલે સંસદમાં વડાપ્રધાન મોદીનું સંબોધન થઈ શક્યું ન હતું. હવે વિપક્ષે રાહુલ ગાંધીને બોલતાં અટકાવવા સહિતની અન્ય વાંધાજનક બાબતોને લઈને સ્પીકર વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ રજૂ કર્યો છે. હાલમાં આ પુસ્તકને લઈને ખૂબ જ રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે.

## પુસ્તક અંગે જનરલ નરવણેની પ્રતિક્રિયા

### જનરલ નરવણેનું પુસ્તક બજારમાં ઉપલબ્ધ

વિવાદ વધતાં પૂર્વ સેનાધ્યક્ષ જનરલ મનોજ મુકુંદ નરવણેએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પેંગ્વિનના જવાબને રી-પોસ્ટ



કરતાં માત્ર 7 શબ્દોમાં પ્રતિક્રિયા આપી હતી કે, 'પુસ્તકની વર્તમાન સ્થિતિ આ છે.' જોકે નરવણેની પ્રતિક્રિયા બાદ પણ આ મામલો અટકતો દેખાતો નથી. આ અગાઉ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, 'જનરલ નરવણેનું પુસ્તક બજારમાં ઉપલબ્ધ છે. 2023માં ખુદ નરવણેએ ટ્વીટ કરીને કહ્યું હતું કે તેમનું પુસ્તક એમેઝોન પર ઉપલબ્ધ છે. કાં તો જનરલ નરવણે જૂઠું બોલી રહ્યા છે અથવા તો પબ્લિશર પેંગ્વિન રેન્ડમ હાઉસ ઈન્ડિયા.'

## અર્જૂન તેંડુલકરના લગ્નની તૈયારીઓ સચિને PM મોદી સહિત નેતાઓને આપ્યું આમંત્રણ



(એજન્સી) નવી દિલ્હી । તા. 10

સચિન તેંડુલકરે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી. આ પોસ્ટની સાથે તેમણે વડાપ્રધાન સાથેના કેટલાક ફેમિલી ફોટો પણ શેર કર્યા. આ ફોટામાં સચિન, તેમની પત્ની અંજલિ, પુત્રી સારા, પુત્ર અર્જુન અને સાનિયાનો સમાવેશ થાય છે. ક્રિકેટના દિગ્ગજ ખેલાડી સચિન તેંડુલકરના પુત્ર અર્જુન તેંડુલકર, સાનિયા ચાંડોક સાથે લગ્ન કરવા જઈ રહ્યા છે. આ દંપતીએ ઓગસ્ટ 2025માં સગાઈ કરી હતી. જેમાં ફક્ત પરિવારના સભ્યો અને થોડા નજીકના મિત્રો જ હાજર રહ્યા હતા.



### સરકારે AIથી બનેલા કન્ટેન્ટને લઈને નવા નિયમો જાહેર કર્યા

## સોશિયલ મીડિયા પરથી 3 કલાકમાં એઆઈથી બનેલા ફેક વીડિયો હટાવવા પડશે

### નવા નિયમો 20 ફેબ્રુઆરીથી લાગુ

(એજન્સી) નવી દિલ્હી । તા. 10

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો દુરુપયોગ અને સદઉપયોગ ખૂબ વધી રહ્યો છે. ઘણીવાર AI દ્વારા ડીપફેક અને નકલી ઓડિયો-વીડિયો બનાવીને સોશિયલ મીડિયામાં શેર કરવામાં આવે છે, જેના કારણે લોકો સુધી ખોટી માહિતી પહોંચે છે, ત્યારે સરકારે AIથી બનેલા કન્ટેન્ટને લઈને નવા નિયમો જાહેર કર્યા છે, જેની સીધી અસર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અને ડિજિટલ કંપનીઓ પર પડશે. નવા નિયમ મુજબ હવે ઈન્ટરનેટ પરનું કોઈપણ કન્ટેન્ટ AI ટૂલ્સથી બનેલું હશે તો તેના પર સ્પષ્ટ લેબલ લખવું ફરજિયાત કરાયું છે. નવા નિયમો 20 ફેબ્રુઆરી-2026થી લાગુ થશે.

### ...તો યુઝર્સ સામે પણ થશે કાર્યવાહી

નવા નિયમોમાં એવું પણ કહેવાયું છે કે, સોશિયલ મીડિયા કંપનીઓએ દર ત્રણ કલાકે યુઝર્સના નિયમોની માહિતી આપવી પડશે. આમાં યુઝર્સને સ્પષ્ટ કહેવામાં આવશે કે, જો AIથી બનેલું ગેરકાયદે અથવા વાંધાજનક કન્ટેન્ટ શેર કરશો તો તેમના વિરુદ્ધ AI ઍક્ટ, નવા ફોજદારી કાયદા, POCSO અને અન્ય ઍક્ટ હેઠળ કાર્યવાહી થઈ શકે છે.

### કયામતનું સ્વપ્ન જોનારા સડી જશો: CM આદિત્યનાથ યોગી

## 'કયામત સુધી બાબરી મસ્જિદ ફરી નહીં બને', CM યોગીનું સૌથી મોટું નિવેદન



(એજન્સી) બારાબંકી । તા. 10

બારાબંકીમાં ઉત્તર પ્રદેશના CM યોગી આદિત્યનાથે બાબરી મસ્જિદ અંગે મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, 'બાબરી મસ્જિદનું માળખું કયામતના દિવસ સુધી ફરી નહીં બને. અમે કહ્યું હતું કે, રામ લલ્લા હમ આયેંગે, મંદિર વહીં બનાયેંગે. મંદિર ત્યાં જ બની ગયું. આજે અમે ફરી કહી રહ્યા છીએ કે, કયામત સુધી બાબરી મસ્જિદ નહીં બને. જે લોકો કયામતના દિવસનું સ્વપ્ન જોઈ રહ્યા છે તે દિવસ ક્યારેય આવવાનો જ નથી. આ સરકાર જે બોલે છે તે કરી દેખાડે છે અને જેટલું કરે છે તેટલું જ બોલે છે.

### રામ લલ્લા હમ આયેંગે, મંદિર વહીં બનાયેંગે, તેમાં કોઈ શંકા છે?': યોગી

અમે કહ્યું કે, રામ લલ્લા હમ આયેંગે, મંદિર વહીં બનાયેંગે, તેમાં કોઈ શંકા છે?' કોંગ્રેસનો આક્ષેપ છે કે, 'આ સમયગાળામાં સેબીએ ICICIની તરફેણમાં કેટલાક નિર્ણયો લીધા હતા, જે માધબી પુરી બુચ સેબીના વડાં હતાં ત્યારે લેવાયા હતા. આ રીતે તેમણે આઈસીઆઈસીઆઈ બેંકને લાભ કરાવી આપ્યો હતો, જે કાયદાકીય જોગવાઈની વિરુદ્ધ છે. તેમણે સેબીમાં નોકરીના કાર્યકાળ વખતે કુલ રૂ.3.30 કરોડના પગાર તેમજ અન્ય ફીની આવક મેળવી છે. CM યોગીએ આગળ કહ્યું કે, 'જે લોકો કયામતના દિવસ આવવાનું સ્વપ્ન જોઈ રહ્યા છે, તે આમ જ સડી જશે.

### 16 કરોડ પરિવારને દર વર્ષે આપવામાં આવી રહ્યું છે પેન્શન

બારાબંકીના કાર્યક્રમમાં રાજ્યના મંત્રી, ભાજપ કાર્યકરો અને સંત સમાજના લોકો મોટી સંખ્યામાં પહોંચ્યા હતા. આ દરમિયાન મુખ્યમંત્રીએ ભાજપ સરકારની સિદ્ધિઓનો પણ ગણાવી. તેમણે કહ્યું કે રાજ્યમાં 16 કરોડ પરિવારોને દર વર્ષે પેન્શન આપવામાં આવી રહ્યું છે.

### ભારત અને સનાતન ધર્મ એકબીજાના પૂરક : CM આદિત્યનાથ યોગી

મુખ્યમંત્રીએ કહ્યું કે, ભારત અને સનાતન ધર્મ એકબીજાના પૂરક છે, બંનેને અલગ કરીને ન રાખી શકાય. સનાતન ધર્મ પર વિશ્વભરમાંથી થઈ રહેલા પ્રહારથી આપણે સતર્ક રહેવું પડશે. કારણ કે જે લોકોને ભારતની પ્રગતિ સારી નથી લાગી રહી, જે લોકોને ભારતનો વિકાસ પસંદ નથી આવી રહ્યો અને જેઓ વિકસિત ભારતની સંકલ્પનાને પચાવી નથી શકતા તેઓ કાવતરાં ઘડી રહ્યા છે. કેટલાક લોકો ષડયંત્ર કરી રહ્યા છે, કેટલાક ષડયંત્રનો શિકાર બની રહ્યા છે.

### લાશ પાસેથી દૂધના ગ્લાસ મળ્યા

## મથુરામાં પરિવારના 5 લોકોના મૃતદેહ મળ્યા

મથુરા | મથુરામાં એક જ પરિવારના પાંચ સભ્યોએ આત્મહત્યા કરી છે. મૃતકોમાં પતિ, પત્ની અને ત્રણ બાળકોનો સમાવેશ થાય છે. પ્રારંભિક માહિતી મુજબ, પરિવારે ઝેર ભેળવેલું દૂધ પીધું હતું. મોડી સવાર સુધી પરિવારના સભ્યો જાગ્યા નહીં ત્યારે આ ઘટના પ્રકાશમાં આવી. પડોશીઓએ દરવાજો ખખડાવ્યો પરંતુ કોઈ જવાબ ન મળ્યો. પાડોશીઓને શંકા ગઈ એટલે પોલીસને જાણ કરી. દરવાજો ખોલીને અંદર પ્રવેશતાં પોલીસને પાંચ મૃતદેહ મળી આવ્યા હતા. લાશ પાસે દૂધના ગ્લાસ મળી આવ્યા હતા. મૃતકોની ઓળખ મનીષ (35), તેની પત્ની સીમા (32), તેમનો બે વર્ષનો પુત્ર પ્રતીક અને તેમની બે પુત્રીઓ હની (5) અને પ્રિયાંશી (4) તરીકે થઈ છે. આ ઘટના મહાવન પોલીસ સ્ટેશન હેઠળના ખપ્પરપુર ગામમાં બની હતી.

### 2025 સુધીમાં 20,853 ગુનેગારો પકડાયા

## સાયબર ઠગો સુધરી જાઓ, અમિત શાહની મોટી ચેતવણી

### છેતરપિંડીની ઈકોસિસ્ટમને રોકવા પગલું

(એજન્સી) નવી દિલ્હી । તા. 10

હવે સાયબર સ્કેમ કરનારા લોકો મુશ્કેલીમાં મુકાશે. સરકારે છેતરપિંડીની ઈકોસિસ્ટમને ખતમ કરવા માટે એક મોટું પગલું ભર્યું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે CBIની નવી સાયબર ક્રાઈમ બ્રાન્ચનું ઉદ્ઘાટન કર્યું. તેમણે



I4C (ઈન્ડિયન સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર)ના S4C ડેશબોર્ડનું પણ લોન્ચિંગ કર્યું. આ પ્રસંગે તેમણે કહ્યું, 'સૌ પ્રથમ, હું CBI અને I4Cને અભિનંદન આપું છું.' અમિત શાહે કહ્યું, 'આ એક એવું યુનિટ છે જેમાં ઘણા બધા વિભાગો અને યુનિટ સાયબર ક્રાઈમને રોકવા માટે એક જ પ્લેટફોર્મ પર સાથે મળીને કામ કરી રહ્યા છે. દરેકના પ્રયાસો એક જ દિશામાં છે. તો જ ઈચ્છિત પરિણામો પ્રાપ્ત થઈ શકે છે. આપણી 11 વર્ષની ડિજિટલ યાત્રામાં સાયબર સુરક્ષા ખૂબ જ મહત્વપૂર્ણ છે.

### 2025 સુધીમાં 20,853 ગુનેગારો પકડાયા

શાહે કહ્યું કે શરૂઆતમાં 25,000 યુઝર્સ હતા, જે હવે 1 અબજને વટાવી ગયા છે. 1 જીબી ડેટાનો દર 97 ટકા ઘટી ગયો છે. વિશ્વમાં દરેક બીજો ડિજિટલ વ્યવહાર ભારતમાં થઈ રહ્યો છે. આપણે 97 કરોડથી વધુ જન ધન ખાતાઓને સુરક્ષિત કરવાની જરૂર છે. સાયબર સુરક્ષા હવે આપણા દેશના સંગઠનોના ડેટા સાથે પણ જોડાયેલી છે.




### જુગાર રમવાની ના પાડતાં પરિણીતાને સાસરું છોડવું પડ્યું...

# વહુને જન્માષ્ટમી-શ્રાવણિયો જુગાર રમવા મજબૂર કરવાના કેસમાં પરિવાર દોષિત, પતિને ભરણપોષણ ચૂકવવા કોર્ટનો હુકમ

**(એજન્સી) અમદાવાદ । તા. 10**

જુગાર રમવાની ના પાડતાં પરિણીતાને સાસરું છોડવું પડ્યું. લો...બોલો આવું ક્યાંય બને?...આ ચોંકાવનારો કિસ્સો રાજકોટમાં બન્યો છે. જન્માષ્ટમીનો જ્યાં સૌથી વધુ ક્રેઝ જોવા મળે છે એવા રાજકોટમાં એક પરિવારે ઘરની વહુને જન્માષ્ટમી-શ્રાવણિયો જુગાર રમવા કહ્યું, તો વહુએ જવાબ આપ્યો કે હું શિક્ષિત પરિવારમાંથી આવું છું, હું જુગાર નહીં રમું.બસ, પછી શું વિવાદ એટલો બધો વધ્યો કે પત્નીને સાસરું છોડવા મજબૂર થવું પડ્યું. આખરે પરિણીતા કોર્ટ પહોંચી ને અમદાવાદ જિલ્લા અદાલતે રાજકોટના એક પુરુષ અને તેનાં પરિવારજનોને શ્રાવણ માસ દરમિયાન પત્નીને જુગારની પરંપરામાં ભાગ લેવા માટે મજબૂર કરીને તેને હેરાન કરવા બદલ દોષિત ઠેરવ્યા, સાથે સાથે કોર્ટે ઘરેલુ હિંસા અધિનિયમ હેઠળ પતિને માસિક ભરણપોષણ, ઘરભાડા માટે સહાય તથા વળતર ચૂકવવાનો આદેશ આપ્યો છે.

કેસની વિગતો મુજબ હાલ નિકોલ વિસ્તારમાં રહેતી મહિલાએ જાન્યુઆરી, 2017માં રાજકોટના એક કરિયાણાની દુકાન ચલાવતા યુવક સાથે લગ્ન કર્યા હતા. શરૂઆતમાં બધું ઠીક હતું, પરંતુ શ્રાવણ માસ દરમિયાન તેનાં સાસરિયાંએ ઘરમાં સૌ જુગાર રમતા હોવાથી તેને પણ જુગારમાં ભાગ લેવા માટે આગ્રહ કર્યો હતો. મહિલાએ પોતે શિક્ષિત પરિવારમાંથી આવતી હોવાને કારણે જુગાર નહીં રમે એવું કહીને ઈનકાર કર્યો હતો.જુગાર રમવાનો ઈનકાર કર્યા બાદ પરિવારના વર્તનમાં ફેરફાર આવ્યો હોવાનું તેણે જણાવ્યું છે. સાસરિયાંએ પોતે જુગાર ન રમે તોપણ જુગાર માટે તેનાં માતા-પિતાથી પૈસા લાવવા માટે દબાણ શરૂ કર્યું હતું. તેના કહેવા મુજબ આ જુગારમાં માત્ર પરિવારજનો નહીં, પરંતુ ઓળખીતાઓ પણ સામેલ હતા. વિવાદ વધતાં તેણે આક્ષેપ કર્યો હતો કે જો તે જુગાર નહીં રમે તો પતિ સાથે છૂટાછેડા લેવા જેવી પરિસ્થિતિ પરિવાર દ્વારા ઊભી કરવામાં આવી. અંતે, તેણે 2019માં સાસરું છોડ્યું હતું.

તેણે સાસરું છોડ્યા બાદ સાસરિયાંએ તેના વિરુદ્ધ છેતરપિંડી અને ઘરેણાં લઈ જવાનો આક્ષેપ કરતી FIR નોંધાવી હતી. ત્યાર બાદ મહિલાએ અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં આવેલી JMFC કોર્ટમાં પતિ અને તેનાં પાંચ સગાં વિરુદ્ધ ઘરેલુ હિંસાની ફરિયાદ કરી હતી અને સાસરેથી કાઢી મૂકવામાં આવી હોવાનું જણાવ્યું હતું.સાસરિયાંએ આક્ષેપો ખોટા હોવાનું કહીને તેમના દ્વારા કરાયેલી પોલીસ ફરિયાદોને આધાર બનાવ્યા હતા, જોકે અદાલતે મહિલાની હેરાનગતિ અંગેની વાત સ્વીકારી હતી. પતિની આવક સાબિત ન થઈ શકતાં અદાલતે સક્ષમ વ્યક્તિની સરેરાશ આવકના આધારે પતિને દર મહિને 5 હજાર ભરણપોષણ ચૂકવવાનો અને ઘરભાડા માટે વધારાના 2 હજાર રૂપિયા પ્રતિ મહિને ચૂકવવાનો આદેશ આપ્યો છે. કૌરવ-પાંડવો જુગાર રમતા. શ્રીકૃષ્ણની અનુમતિથી દુર્યોધને પાંડવોને જુગાર રમવા બોલાવેલા. જુગાર રમવામાં કૌરવો કપટ કર્યું હતું. કૌરવ-પાંડવો બેવાર જુગાર રમેલા. પહેલા જુગટામાં પાંડવો રાજપાટ હારી ગયા, વનવાસ જવું પડ્યું. વનવાસ પૂર્ણ થયા પછી પાંડવોને ઈન્દ્રપ્રસ્થનું રાજ્ય મળ્યું.




શ્રાવણ મહિનો પવિત્ર મહિનો છે. આ મહિનામાં રક્ષાબંધન અને સાતમ આઠમનો તહેવાર મનાવવામાં આવે છે, સાથે આખો મહિનો શિવજીની પૂજા-અર્ચના કરવામાં આવે છે, જોકે આ મહિનાની શરૂઆતમાં અને એમાંય સાતમ આઠમના પર્વ દરમિયાન લોકો જુગાર રમવા લાગી જાય છે, જુગાર રમવાનો જાણે કે એક ટ્રેન્ડ શરૂ થઈ ગયો છે. ઘણાં વર્ષોથી ઘણાં એવાં શહેરો છે, જ્યાં જુગાર રમવાની પ્રથા બનાવી દીધી છે, પરંતુ તમને ખ્યાલ છે કે આપણા હિન્દુ શાસ્ત્રોમાં ક્યાંય પણ જુગાર રમવાની પ્રથા નથી લખી.
એક જાણીતા એસ્ટ્રોલોજરના મતે ભગવાન શ્રીકૃષ્ણ નાગકુલમાં ગયા હતા એ સમયે તેમણે જુગટું કર્યું હતું એટલે એક પ્રકારનું પરાક્રમ, પરંતુ એ જુગટુ જુગાર તરીકે મનાવે છે અને એને અનેક શહેરો અને અનેક ધર્મમાં એક પ્રથા તરીકે અત્યારે લોકો માનીને રમી રહ્યા છે, પરંતુ એ એક ભ્રમ છે અને જાતે ઊભી કરેલી પ્રથા છે.

## સાબરમતીના કિનારે ભારતીય સંસ્કૃતિનો મહાકુંભ : 21 ફેબ્રુથી ભવ્ય વસંતોત્સવ

**(એજન્સી) ગાંધીનગર । તા. 10**

ગાંધીનગર ફરી એકવાર ભારતીય કલા અને સંસ્કૃતિના રંગે રંગાવા તૈયાર થયું છે. સાબરમતી નદીના કિનારે આવેલા સંસ્કૃતિ કુંજ ખાતે આગામી 21મી ફેબ્રુઆરીથી બીજી માર્ચ દરમિયાન વસંતોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, વર્ષના મોટાભાગના સમયમાં શાંત રહેતી સાબરમતીની કોતરો આ દિવસોમાં દેશભરના નામીઅનામી કલાકારોના ઘૂંઘરુના નાદ અને લોકનૃત્યોના તાલે જીવંત બની ઉઠશે.

ગાંધીનગરના સંસ્કૃતિ કુંજ ખાતે આગામી 21મી ફેબ્રુઆરીથી 2જી માર્ચ દરમિયાન વસંતોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવ માત્ર ગુજરાત પૂરતો મર્યાદિત ન રહેતા સમગ્ર દેશની પરંપરાગત કલાઓને એક જ મંચ પર પ્રદર્શિત કરતો મિની ભારત સમાન સાંસ્કૃતિક ઉત્સવ બની રહેશે. આ વર્ષે હર ઘર સ્વદેશી, ઘર-ઘર સ્વદેશી'ની થીમ સાથે આયોજિત આ ઉત્સવમાં વડાપ્રધાનના વોકલ ફોર લોકલ અને આત્મનિર્ભર ભારતના વિઝનને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. દેશના ખૂણેખૂણેથી આવેલા હસ્તકલાના કસબીઓ પોતાની કલાસૂઝથી નિર્મિત સ્વદેશી ચીજવસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ કરશે.

નગરજનોને એક જ સ્થળે કાશ્મીરથી કન્યાકુમારી સુધીની વિશિષ્ટ હસ્તકલા, વણાટકામ અને પરંપરાગત આભૂષણોની ખરીદી કરવાનો લ્હાવો મળશે. આ મેળો સ્થાનિક કારીગરોને આર્થિક બળ પૂરું પાડવાની સાથે પ્રવાસીઓને ભારતીય હુન્નરનો પરિચય કરાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે. આ વસંતોત્સવનું મુખ્ય પાસું તેની વિસરાતી જતી લોકકલાઓનું પુનઃસ્થાપન છે.

## નિસાન પ્રેસિડેન્ટ તરીકે થિએરી સબ્બાગની નિમણૂંક કરીને ભારતમાં તેની લિડરશીપને મજબૂત બનાવી રહ્યું છે

ગુરુગ્રામ : નિસાન આફ્રિકા, મધ્યપૂર્વિય, યુરોપ અને ઓશિએનિકા (એએમઆઈઈઓ) ક્ષેત્રમાં સિનિયર મેનેજમેન્ટમાં શ્રેણીબદ્ધ ફેરફારોની જાહેરાત કરે છે, તેનો હેતુ Re:Nissan ટ્રાન્ફોર્મેશન પ્લાનની ડિલિવરીને મજબૂત બનાવવા તથા ઓપરેશનલ કાર્યક્ષમતા, ગતિ અને ગ્રાહક ધ્યાન કેન્દ્રિત કરવા માટે રચાયેલ છે. 1લી જાન્યુઆરી, 2026થી થિએરી સબ્બાગની જવાબદારીમાં નિસાન ઇન્ડિયાનો સમાવેશ કરવામાં આવ્યો છે, કેમકે તેઓ મધ્ય પૂર્વ, કેએસએ, સીઆઈએસ અને ભારત-નિસાન તથા ઈન્ફીનિટી ડિવિઝનલ વાઈસ પ્રેસિડેન્ટ તથા પ્રેસિડેન્ટ તરીકે નિમણૂંક થયા છે. વિસ્તૃત કાર્યક્ષેત્ર એએમઆઈઈઓ ક્ષેત્રમાં વ્યૂહાત્મક પ્રાથમિક્તાની રીતે ભારતામાં તેની ગવર્નન્સ, એક્સિક્યુશન તથા ગ્રોથ મૂમેન્ટમને મજબૂત બનાવતી વખતે સ્થાપિત બજારોમાં તેના નેતૃત્વનું સાતત્ય જાળવવા નિસાન ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે.ભારત એ નિસાનની 2026ની



મહત્વકાંક્ષાના કેન્દ્રમાં બની રહ્યું છે, કેમકે બ્રાન્ડ બજારમાં તેના પુનઃરુત્થાનને વેગ આપી રહી છે. આ ગતિના આધારે, નિસાન ઈન્ડિયાની આગામી 14થી 16 મહિનામાં ત્રણ નવા મોડેલ રજૂ કરશે, જેમાં ગ્રેવાઈટ, ટેકટોન અને 7-સીટર સી-એસયુવીનો સમાવેશ થાય છે, દેશભરમાં 250 ટચપોઈન્ટ્સની સાથે વધતા જતા ડીલર નેટવર્ક દ્વારા ગ્રાહક સુધી પહોંચનો વિસ્તાર આગળ વધારશે.આ જાહેરાત વિશે જણાવતા, મ્સિમિલિઆનો મેસ્સિના, નિસાન એએમઆઈઈઓ ચેરપર્સન કહે છે, 'Re:Nissanનું આયોજન એ પરિવર્તન અને ગ્રાહક-કેન્દ્રિત થવા અંગેનું જ છે. પ્રાદેશિક નેતૃત્વને સશક્ત બનાવીને અમે એક વધુ ચપળ સંગઠન બનાવી રહ્યા છીએ, જે બજારની ગતિશિલતાને ઝડપથી પ્રતિસાદ આપી શકે તથા સ્પર્ધાત્મક, આકર્ષક ઉત્પાદનો પહોંચાડી શકે. મને વિશ્વાસ છે કે, આ ફેરફારો અમારા પ્રદર્શનને મજબૂત બનાવશે અને 2026માં અમારી પ્રગતિને સુપરચાર્જ કરશે તથા થિએરીને તેમની નવી ભૂમિકામાં દરેક સફળતાની અપેક્ષા છે.

# અમદાવાદમાં ગેરકાયદે 6 કોલ સેન્ટર પર EDના દરોડા
## અકીબ ઘાંચીને ત્યાંથી 12,000 યુએસ ડોલર જેટલી ક્રિપ્ટોકરન્સી મળી

**(એજન્સી) અમદાવાદ । તા. 10**

યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાના નાગરિકો સાથે છેતરપિંડી કરવામાં સામેલ મોટા પાયે ગેરકાયદેસર કોલ સેન્ટરોની તપાસનો રેલો અમદાવાદ સુધી પહોંચ્યો છે. હૈદરાબાદ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ અમદાવાદમાં છ સ્થળોએ તપાસ કરી છે. આ તપાસમાં અકીબ ઘાંચીના કબજામાંથી આશરે 12,000 યુએસ ડોલર જેટલી ક્રિપ્ટોકરન્સી અને 13.5 લાખ રૂપિયાની બિનહિસાબી રોકડ પણ મળી આવી હતી. આરોપીઓ અને તેમની સંસ્થાઓના 31 બેંક ખાતા અને એક બેંક લોકર ફ્રીઝ કરવામાં આવ્યા છે. હૈદરાબાદ ઝોનલ ઓફિસના એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ 4 ફેબ્રુઆરી, 2026ના રોજ અમદાવાદના છ પરિસરમાં પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA), 2002ની જોગવાઈઓ હેઠળ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું, જેમાં વિદેશી નાગરિકો, મુખ્યત્વે યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાના નાગરિકો સાથે છેતરપિંડી કરવામાં સામેલ મોટા પાયે ગેરકાયદેસર કોલ સેન્ટર કામગીરીની તપાસનો સમાવેશ થાય છે. EDએ સાયબરાબાદ



પોલીસ તેમજ CBI, IOD, નવી દિલ્હી દ્વારા સંગઠિત સાયબર છેતરપિંડી અને નકલ સંબંધિત નોંધાયેલી FIRના આધારે PMLA તપાસ શરૂ કરી હતી. EDની તપાસમાં બહાર આવ્યું છે કે, ગેરકાયદેસર કોલ સેન્ટર ઘણા આરોપીઓ જેમ કે, મોહમ્મદ અંસારી ઉર્ફે મોહમ્મદ ઈરફાન અંસારી, અકીબ ગુલામરસુલ ઘાંચી, વિકાસ કે. નિમાર, દિવ્યાંગ રાવલ, પ્રદીપ વી. રાઠોડ અને તેમના સહયોગીઓ દ્વારા સ્થાપિત અને સંચાલિત કરવામાં આવ્યા હતા. વિવિધ સ્થળોએથી કાર્યરત કોલ સેન્ટરો એક જ જૂથ દ્વારા સામાન્ય તકનીકી માળખા, પ્રશિક્ષિત માનવશક્તિ, કોલ સ્ક્રિપ્ટ્સ અને કેન્દ્રિયકૃત મની-હેન્ડલિંગ મિકેનિઝમનો ઉપયોગ કરીને નિયંત્રિત કરવામાં આવતા હતા. તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે, કોલ સેન્ટર ઓપરેટરોએ યુ.એસ. સરકારી એજન્સીઓના અધિકારીઓ અથવા ખાનગી કંપનીઓના પ્રતિનિધિઓનો ઢોંગ કર્યો હતો અને લોન બાકી રકમ, કર જવાબદારીઓ અથવા કાનૂની કાર્યવાહી ન કરવાના ખોટા આરોપો લગાવીને પીડિતોને ડરાવ્યા હતા. જેના કારણે તેમને ગિફ્ટ કાર્ડ ખરીદવા અથવા ડિજિટલ ચુકવણી કરવા દબાણ કરવામાં આવ્યું હતું. આ રીતે જનરેટ થયેલી ગુનાની રકમ મુખ્યત્વે એમેઝોન ગિફ્ટ કાર્ડ દ્વારા પ્રાપ્ત થતી હતી અને ત્યારબાદ તેને રિડીમ કરીને ક્રિપ્ટોકરન્સીમાં રૂપાંતરિત કરવામાં આવતી હતી. બિટકોઈન સહિત, પેક્સફુલ અને અન્ય ગેરકાયદેસર ચેનલો જેવા ઓનલાઈન પ્લેટફોર્મ દ્વારા, ક્રિપ્ટોકરન્સીના રૂપાંતર અને લિક્વિડેશનને સરળ બનાવવામાં વિદેશી નાગરિકોની સંડોવણી સાથે ગુનાની રકમનો એક નાનો ભાગ ભારતીય બેંકિંગ ચેનલોમાંથી પસાર થતો હોવાનું જાણવા મળ્યું હતું.


## અનુરૂપના બ્રાઈડ-ગ્રુમ રૂબરૂ વાત કાયક્રમો ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડમાં!

થોડા દાયકા પહેલા સુધી, વિદેશ જવું એક મોટી વાત હતી. પરંતુ છેલ્લા પચીસ વર્ષોમાં. આ પરિસ્થિતિ ઘણી બદલાઈ ઘઈ છે. મરાઠી બાળકો શિક્ષણ અને નોકરી માટે ઘર છોડવા લાગ્યા. અને ધીમે ધીમે. મરાઠી લોકો અમેરિકા,ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ,ઈંગ્લેન્ડ અને કેનેડા જેવા દેશોમાં સ્થળાંતર કરી ગયા.મરાઠી સમુદાય પણ પોતાની કુશળતાના બળ પાર ત્યાં પ્રખ્યતા બન્યા.
આ વલણ આજે પણ બદલાયુ નથીા ઘણા વર્ષો પહેલા ત્યાં ગયા પછી પણ, 'અનૂરૂપ' નામ મરાઠી લોકો માટે અજાણ્યું નથી. કારણકે તેમાંના ઘણાએ અનૂરૂપમાં લગ્ન કર્યા હતા. જેની 50 વર્ષની સમૃદ્ધ પરંપરા છો આજે,તેમના પુત્રો અને પુત્રીઓ લગ્ન કરી રહ્યાછે અને અલબત્ત ,તેઓ અનૂરૂપ પાર વિશ્વાસ કરેછે, જેની પાસે એક અત્યાધુનિક વેબસાઈટ છે - મોબાઈલ એપ્લિકેશના એટલા માટે અનૂરૂપે નક્કી કર્યું કે વિદેશમાં આ મરાઠી સમુદાય માટે, નોકરી અને શિક્ષણ માટે આજે ત્યાં ગયેલા છોકરા અને છોકરીઓ માટે ખાસ પ્રયાસો કરવા જોઈએ, આજના છોકરા છોકરીઓને પરંપરાગત વર - કન્યા ની 'મિટિંગ' પંસદ નથી. એટલેજ અનૂરૂપે સૌપ્રથમ 2014 માં રૂબરૂ વાત કાર્યક્રમ અમેરિકા ખાતે યોજ્યો, જે ખૂબજ રસપ્રદ રીતે એકબીજાનો પરિચય કરાવવા માટેરચાયેલ છે, અત્યાર સુધીમાં, અમેરિકામાં યોજાયેલા 24 રૂબરૂ વાત ક્રાયક્રમોંમાં 2600 થી વધુ ચોકર-ધોકરીઓએ ભાગ લીધો છે. છેલ્લા 4 વર્ષમાં, અનુંરૂપ સિંગાપોર અને દુબઈ સહીત આ બધા સ્થળો સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહું છે.
જયારથી અનૂરૂપે ગુજરાતી સમુદાય માં સેવાઓ શરૂ કરી છે. ત્યારથી અનૂરૂપે ગુજરાતી પાત્રો સુધી પહોંચવાનો પણ પ્રયત્ન રહ્યોછે. અને પરદેશ વાશી છોકરા છોકરીઓ ને સામુદાયિક બંધન થોડા ઓછા હોય છે. એવું જોવામાં આવ્યું છે, તો અનુંરૂપ ના મીટ અપ કાર્યક્રમો માં મરાઠી અને ગુજરાતી બંને
માતૃભાષા વાળા પાત્રો સહભાગી થાય છે,
અમે જ નથી બધા કેહતા કે જ્યાંજ્યાં ગુજરાતી અને મરાઠી લોકો પહોંચ્યા છે. ત્યાં ત્યાં અનૂરૂપના કાર્યક્રમો થાય છે.

* ન્યૂઝીલેન્ડમાં રૂબરૂ વાત કાર્યક્રમ :- 21 ફેબ્રુઆરી 2026 (શનિવાર ): ઓકલેન્ડ

* ઑસ્ટ્રેલિયામાં રૂબરૂ વાત ક્રાયક્રમ :-28 ફેબ્રુઆરી 2026 (શનિવાર ): સિડની , (છેલ્લી થોડી સીટસ્ બાકી )

નોંધણી માટે www.anooroopwiwaha.com ની મુલાકાત લો અમને 18002677991 પર કોલ કરો.



## પશ્ચિમ રેલ્વેએ બાંદ્રા ટર્મિનસ ⇌ ઓખા વચ્ચેની સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનની ટ્રિપ્સ લંબાવી

| ટ્રેન નં. | ક્યાંથી | સુધી | સેવાના દિવસો | સુધી લંબાવાઇ |
|---|---|---|---|---|
| ૦૯૫૬૧ | બાંદ્રા ટર્મિનસ | ઓખા | બુધવાર | ૦૧/૦૪/૨૦૨૬ |
| ૦૯૫૬૨ | ઓખા | બાંદ્રા ટર્મિનસ | મંગળવાર | ૩૧/૦૩/૨૦૨૬ |

સ્ટોપેજ, સ્ટોપના સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

ટ્રેન નં. ૦૯૫૬૧ ની વિસ્તૃત ટ્રિપ્સ માટે બુકિંગ બધા PRS કાઉન્ટર અને IRCTC વેબસાઇટ પર ખુલ્લું છે. ઉપરોક્ત ટ્રેન ખાસ ભાડા પર સ્પેશિયલ ટ્રેન તરીકે ચાલશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઇક કરો અને અમને ફોલો કરો:
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

કૃપા કરીને બધી આરક્ષિત ટિકીટોની સાથે પોતાનો સાચો પરિચય પત્ર પણ સાથે રાખવો.


## News Brief

### માતાની દવા લેવા નીકળેલી યુવતીને કાળ ભરખી ગયો

ગાંધીનગર | કલોલના અંબિકા હાઈવે પર શ્રીજી ગરનાળા પાસે રોડ ક્રોસ કરી રહેલી યુવતીને પૂરપાટ ઝડપે બુલેટ ચાલકે ટક્કર મારતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ગંભીર ઈજાગ્રસ્ત 24 વર્ષીય યુવતીનું સારવાર દરમિયાન મોત નીપજતા કલોલ શહેર પોલીસે બુલેટ ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

કલોલના નાગોરીવાસ વિસ્તારમાં રહેતી સલમા રસુલભાઈ ઘાંચી 8 ફેબ્રુઆરીની રાત્રે નવેક વાગે ઘરેથી તેની માતાની દવા લેવા નીકળી હતી. દરમિયાન સાડા દસ વાગ્યાની આસપાસ શ્રીજી ગરનાળા પાસે અમદાવાદ-મહેસાણા હાઈવે ક્રોસ કરતી વખતે બુલેટ (નંબર GJ01PZ5443) ના ચાલકે તેને જોરદાર ટક્કર મારી હતી.


અકસ્માત બાદ 108 એમ્બ્યુલન્સ મારફતે તેને સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જ્યાં પ્રાથમિક સારવાર બાદ તે સમયે હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. જેને મોડી રાત્રે લિયાકતભાઈ ઘાંચી અને અન્ય બે વ્યક્તિઓ ઈજાગ્રસ્ત હાલતમાં રિક્ષામાં લઈને ઘરે ગયા ત્યારે પરિવારને અકસ્માતની જાણ થઈ હતી.

જોકે બીજા દિવસે સવારે તેને શરીરમાં અસહ્ય દુખાવો ઉપડતા પરિવારજનો સઈજ ખાતેની પી.એસ.એમ. હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં ડોક્ટરોએ સલમાની ગંભીર હાલત જોતા તાત્કાલિક આઈસીયુ વોર્ડમાં દાખલ કરી હતી. જોકે સારવાર દરમિયાન તેની તબિયત વધુ લથડી પડતા તે અર્ધ બેભાન અવસ્થામાં સરી પડી હતી. અને ગઈકાલે સલમાનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતુ. આ અંગે મૃતકની માતા બીબીબેન ઘાંચીની ફરિયાદના આધારે કલોલ શહેર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### અમદાવાદ: બાવળાના ઝેકડા ગામે કારમાં ગીત વગાડવા જેવી સામાન્ય બાબતે બે જૂથ વચ્ચે અથડામણ

અમદાવાદ | અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાના ઝેકડા ગામે ગતમોડી રાત્રે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. માત્ર કારમાં ગીત વગાડવા જેવી નજીવી બાબતે બે જૂથો સામસામે આવી જતાં ભારે હિંસા ફાટી નીકળી હતી. બંને પક્ષો દ્વારા કરાયેલા પથ્થરમારામાં એક વ્યક્તિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ છે, જ્યારે વાહનોને પણ ભારે નુકસાન પહોંચ્યું છે. મળતી વિગતો અનુસાર, ઝેકડા ગામે એક કારમાં ગીતો વાગી રહ્યા હતા, જેનો અવાજ ધીમો રાખવાનું કહેતા બોલાચાલી શરૂ થઈ હતી. સામાન્ય બોલાચાલીએ જોતજોતામાં મોટું સ્વરૂપ ધારણ કર્યું હતું અને બંને પક્ષના લોકો લાકડીઓ અને પથ્થરો સાથે રસ્તા પર ઉતરી આવ્યા હતા. બંને જૂથોએ એકબીજા પર આડેધડ પથ્થરમારો શરૂ કર્યો હતો. આ અથડામણમાં એક વ્યક્તિને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી છે. હુમલા દરમિયાન કારના કાચ પણ તોડી નાખવામાં આવ્યા હતા. ઘટના દરમિયાન ગામમાં એવી વાતો વહેતી થઈ હતી કે મામલો એટલો બિચક્યો હતો કે હવામાં ફાયરિંગ પણ કરવામાં આવ્યું છે. જોકે, પોલીસે તાત્કાલિક આ અફવાનું ખંડન કર્યું હતું. ઘટનાની જાણ થતાં જ કેરાળા GIDC પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે આ મામલે કડક વલણ અપનાવતા બંને પક્ષના અંદાજે 8થી 9 વ્યક્તિઓ સામે રાયોટિંગ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તેમની શોધખોળ હાથ ધરી છે.

### તારો કાકો દાદો થઇને ફરે છે કહી સગીરને ચાકુના ઘા માર્યા



અમદાવાદ | પૂર્વ વિસ્તારમાં અસામાજિક તત્વો ધાક જમાવવા માટે નિર્દોષ લોકો ઉપર હુમલા કરી રહ્યા છે. અમરાઈવાડીમાં બે સગીર ભાઈઓ નાસ્તો કરવા માટે ગયા હતા જ્યાં બે આરોપીએ કેમ તારો કાકો દાદો થઈને ફરે છે કહીને ગાળો બોલીને માર મારી ચાકુથી હુમલો કર્યો હતો. લોહી લુહાણ હાલતમાં સગીરને સારવાર માટે એલ.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. આ બનાવ અંગે અમરાઈવાડી પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજ આધારે વધુ તપાસ હાથ ધરી છે.
અમરાઈવાડીમાં નાસ્તો કરવા ગયેલા સગીર પર ઘાતક હુમલો : અમરાઈવાડી પોલીસ બે લોકો સામે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજ આધારે તપાસ શરુ કરી
અમરાઈવાડી વિસ્તારમાં રહેતી વિધવા મહિલાએ અમરાઈવાડી પોલીસ સ્ટેશનમાં ભીલવાસ ખાતે બે લોકો સામે ફરિયાદ નોંધાવી છે કે તા. ૮ ના રોજ તેમનો સગીર પુત્ર અને દિયરનો સગીર દિકરો નાસ્તો કરવા ગયા હતા. પડોશી સાથે ઘરે આવ્યા ત્યારે સગીર પુત્રને લોહી નીકળતું હોવાથી માતાએ પૂછતા બંને વિવેકાનંદ સ્કૂલ પાસે ગયા હતા. આ સમયે આરોપીએ કેમ તારો કાકો દાદો થઈને ફરે છે તેને સમજાવી દેજે કહીને ગાળો બોલીને માર માર્યો હતો. અને ઉશ્કેરાઈને પેટ અને સાથળમાં ચાકુના ઘા મારતાં સગીર લોહી લુહાણ થઈ ગયો હતો. બુમાબુમ થતાં આસપાસના લોકો આવી જતા આરોપીઓ મારી નાખવાની ધમકી આપીને નાસી ગયા હતા.


**AVAILABLE FOR SALE**

| MAKE | MODEL | REG NO. |
|---|---|---|
| CAR HYUNDAI EXTER | 2024 | GJ-07-DG-9052 |
| CAR HYUNDAI AURA | 2024 | GJ-27-TF-6443 |
| SCV MARUTI SUPER CARRY | 2024 | GJ-27-TF-5448 |

IN "AS IS WHERE IS CONDITION"
CONTACT :- Parvinder Pangotra
SUNDARAM FINANCE LTD.
212- 214, B WING, SUND WEST BANK BUILDING, OPP VALLBH SADAN, ASHRAM ROAD AHMEDABAD 380009
WITHIN 7 DAYS PH: 9723708989


OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# જામનગરમાં કરોડોની સરકારી જમીન પચાવી પાડવાનું મસમોટું કૌભાંડ, લેન્ડગ્રેબિંગ એક્ટ હેઠળ 3ની ધરપકડ

(એજન્સી) જામનગર । તા. 10

જામનગરમાં ભૂમાફિયાઓ પર તંત્રએ લાલ આંખ કરી છે. રણજીત સાગર રોડ પર આવેલી કરોડોની કિંમતની સરકારી ખરાબાની જમીન પચાવી પાડી, તેના ખોટા નકશા બનાવી પ્લોટ વેચી નાખવાના કૌભાંડમાં પોલીસે મોટી કાર્યવાહી કરી છે. લેન્ડગ્રેબિંગ એક્ટ હેઠળ 6 શખસો સામે ફરિયાદ નોંધાયાના ગણતરીના કલાકોમાં જ પોલીસે 3 આરોપીઓની ધરપકડ કરી છે.મળતી માહિતી અનુસાર, રણજીત સાગર રોડ પર આવેલી અંદાજે 8,586 ચોરસ મીટર સરકારી જમીન પચાવી પાડવામાં આવી હતી. પચાવી પાડવામાં આવેલી આ જમીનની હાલની બજાર કિંમત આશરે 2.80 કરોડ રૂપિયા થવા જાય છે. આરોપીઓએ આ સરકારી જમીન પોતાની માલિકીની હોવાનું દર્શાવવા ખોટા નકશા અને બોગસ દસ્તાવેજો તૈયાર કર્યા હતા. ત્યારબાદ જમીનમાં કુલ 66 પ્લોટ પાડીને ગ્રાહકોને વેચી મારી આર્થિક લાભ મેળવ્યો હતો.



### 3 આરોપીઓ ઝડપાયા ત્રણ ફરાર

જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં મળેલી લેન્ડ ગ્રેબિંગ કમિટીના આદેશ બાદ સીટી એ-ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો. તપાસનીશ અધિકારી DySP જે.એન. ઝાલા અને તેમની ટીમે તપાસનો ધમધમાટ તેજ કરી જગદીશ ચોવટિયા, રાજેશ મારુ અને યજ્ઞેશ રાણપરિયાને ઝડપી લીધા છે.આ કેસમાં અન્ય ત્રણ મુખ્ય આરોપીઓ મનસુખ રતીલાલ ભટ્ટી, આમદ ખફી, અને નુરમામદ ઉર્ફે ખોડુ ચાવડા હજુ પોલીસ પકડથી દૂર છે. પોલીસે આ ત્રણેયની અટકાયત કરવા માટે અલગ-અલગ ટીમો બનાવી ચક્રો ગતિમાન કર્યા છે. ઝડપાયેલા આરોપીઓની પૂછપરછમાં આ કૌભાંડમાં અન્ય કેટલા લોકો સામેલ છે અને કેટલા નિર્દોષ લોકોએ પ્લોટ ખરીદીને છેતરાયા છે તેની વિગતો પણ બહાર આવવાની શક્યતા છે.

# પોક્સો જેવા ગંભીર ગુનામાં આરોપીને 20 વર્ષની સખત કેદની સજા તથા રૂ.અડધા લાખનો દંડ



(એજન્સી) વડોદરા । તા. 10

વડોદરા શહેર પોલીસ દ્વારા નોંધાયેલ ગંભીર ગુનાઓમા "કન્વીકશન રેટ ઈમ્પ્રુવમેન્ટ પ્રોજેક્ટ" અંતર્ગત 2024માં ગૌરવ્રતની પુજા કરવા જનાર સગીરાને ભગાડી જનાર પોક્સો જેવા ગંભીર ગુનામા આરોપી વિરૂધ્ધ નામદાર કોર્ટમા સાક્ષીઓ, પુરાવા, એફ. એસ.એલ. તેમજ મેડીકલ સર્ટીફીકેટ સમયસર રજુ કરાવવા તેમજ સમગ્ર ટ્રાયલ ઝડપી ધોરણે ચાલી અને આરોપી વિરુધ્ધમાં તમામ પુરાવાના આધારે ચોક્કસપણે આરોપીને સજા પડે તે મુજબની કાર્યવાહી માંજલપુર પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી. આરોપી લાલજીભાઇ ઉર્ફે કૃણાલ શનાભાઇ ઠાકોર (ઉ.વ. 22 વર્ષ ધંધો-નોકરી, રહે-મ.નં. 9 ઠાકોરનગર, જશોદા કોલોની, ગણેશ હોન્ડાની સામે, મકરપુરા ગામ, મુળ રહે રેલ્વે ફાટક પાસે, બોરસદ તા. બોરસદ જી. આણંદ) ઓ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. તપાસ અધિકારી કે.પી.ખરાડી પોલીસ ઈન્સપેક્ટર, એ.એસ.આઇ. દિનેશ, અ.લો.ર. વિજયનાઓની ચોક્કસ તપાસ અને સચોટ પુરાવા એકત્રીત કરી ચેન ઓફ કસ્ટડી જાળવી રાખી, એફ.એસ.એલ. ખાતેથી સચોટ પૃશ્કરણ કરાવી યોગ્ય સમય મર્યાદામાં ચાર્જશીટ કરવામાં આવેલ હતી. કેસ વડોદરાના સ્પેશ્યલ પોક્સો કોર્ટ અને એડીશનલ શેશન્સ કોર્ટ વડોદરા શહેર પોક્સો કેસ નં.96/2024થી ટ્રાયલ ચલાવવામાં આવ્યો હતો. સરકારી વકીલ પરેશ સી. પટેલની રજુઆતના આધારે તેમજ "કન્વીકશન રેટ ઈમ્પ્રુવમેન્ટ પ્રોજેક્ટ' અંતર્ગત ઉપરી અધિકારીઓના માર્ગદર્શન મુજબ સરકારી વકીલને જરૂરી તમામ મદદ સમયસર પુરી પાડવામાં આવ્યા બાદ આરોપીને પોકસો એકટના ગુનામાં 20 વર્ષની સખત કેદની સજા અને રૂ.50,000નો દંડ ફટકારવામાં આવ્યો છે. તેમાંથી રૂ.45,000 ભોગ બનનારને વળતર પેટે ચુકવવાનો હુકમ કરવામાં આવેલ છે. જો આરોપી દંડ ન ભરે તો વધુ 2(બે) વર્ષની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવ્યો છે.

# શ્રી મહારાજા રાજેન્દ્રસિંહજી વિદ્યાલય, રાજપીપલા ખાતે 'હાથીપગા મુક્ત' અભિયાન કાર્યક્રમ યોજાયો

**નાંદોદ અને ડેડિયાપાડા તાલુકાના કુલ ૨૮૩ ગામોની અંદાજે ૩,૩૭,૦૦૦ વસ્તીને આવરી લેવા માટે આરોગ્ય વિભાગની ૪૮૭ ટીમો કાર્યરત**







(એજન્સી) રાજપીપલા । તા. 10

નર્મદા જિલ્લાના રાજપીપલા સ્થિત શ્રી મહારાજા રાજેન્દ્રસિંહજી વિદ્યાલય ખાતે 'હાથીપગા મુક્ત' અભિયાન અંતર્ગત જનજાગૃતિ કાર્યક્રમ નાંદોદના ધારાસભ્યશ્રી ડૉ. દર્શનાબેન દેશમુખની અધ્યક્ષતામાં યોજાયો હતો.આ કાર્યક્રમને સંબોધતાં ધારાસભ્યશ્રી ડૉ. દર્શનાબેન દેશમુખે જણાવ્યું હતું કે, નર્મદા જિલ્લામાં છેલ્લા બે વર્ષથી હાથીપગા (Lymphatic Filariasis) રોગના નિયંત્રણ માટે આરોગ્ય વિભાગ દ્વારા સઘન અને સતત ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. આ ઝુંબેશનો મુખ્ય ઉદ્દેશ "પ્રિવેન્શન ઈઝ બેટર ધેન ક્યોર", એટલે કે રોગ થાય એ પહેલાં જ સાવચેતી રાખવાનો છે. તેમણે વધુમાં જણાવ્યું કે, ડી.ઈ.સી. તથા આલ્બેન્ડાઝોલ ગોળીઓ ૩ વર્ષથી ૯૦ વર્ષ સુધીના તમામ નાગરિકોને આપવામાં આવી રહી છે, જે હાથીપગા રોગ સામે રસી જેવું સુરક્ષા કવચ પૂરું પાડે છે. આ સમગ્ર અભિયાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ દ્વારા ચલાવવામાં આવી રહેલું સરાહનીય અને જનહિતકારી કાર્ય હોવાનું તેમણે ઉમેર્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન શાળાની વિદ્યાર્થીની કૃપાબેન વસાવાએ જણાવ્યું હતું કે, કાર્યક્રમ દરમિયાન મહાનુભાવોશ્રીઓ દ્વારા હાથીપગા અભિયાન અંગે માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ તેમણે પોતે ગોળી ગળી હતી તથા પોતાના પરિવારજનો તેમજ આજુબાજુના નાગરિકોને પણ ગોળી ગળવા માટે વિનંતી કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, નર્મદા જિલ્લાના નાંદોદ અને ડેડિયાપાડા તાલુકાઓમાં આ કામગીરી હાથ ધરવામાં આવી છે. આ બંને તાલુકાના કુલ ૨૮૩ ગામોની અંદાજે ૩,૩૭,૦૦૦ વસ્તીને આવરી લેવા માટે આરોગ્ય વિભાગની ૪૮૭ ટીમો સતત કાર્યરત છે. આરોગ્ય ટીમો ઘરે-ઘરે જઈને દવાઓ ગળાવશે. જેનો મુખ્ય હેતુ આવતા વર્ષ સુધીમાં નર્મદા જિલ્લાને સંપૂર્ણપણે "ફાઈલેરિયા મુક્ત (હાથીપગા મુક્ત)" બનાવવાનો છે. આ અભિયાન તા. ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી ચાલશે, જેમાં કાર્યકરો અને દવા વિતરકો દ્વારા ઘરે-ઘરે જઈને હાથીપગાથી બચાવની ડી.ઈ.સી. તથા આલ્બેન્ડાઝોલ ગોળીઓ ગળાવવામાં આવશે. આ કાર્યક્રમ દરમિયાન નગર પાલિકા પ્રમુખ શ્રીમતી ધર્મિષ્ઠાબેન પટેલ, જિલ્લા મલેરિયા અધિકારી ડૉ. ધનંજય વલવી, તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. એ. કે.સુમન, અર્બન પીએચસી મેડિકલ ઓફિસર ડૉ. પરિંદ વસાવા, શાળાના આચાર્યશ્રી યોગેશભાઈ વસાવા, આરોગ્ય વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ, શાળાના શિક્ષકગણ તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# વડોદરામાં સંગમ ચાર રસ્તાથી વોર્ડ 4ના મુખ્ય માર્ગોથી હંગામી દબાણોનો સફાયો



(એજન્સી) વડોદરા । તા. 09

ટ્રાફિકથી ધમધમતા સંગમ ચાર રસ્તા વિસ્તારથી વોર્ડ નં. 4ના જાહેર રોડ રસ્તાના હંગામી દબાણોના સફાયાના કારણે રોડ રસ્તા પર ઠેર ઠેર ટ્રાફિકજામ જોવા મળ્યો હતો. જોકે સ્થાનિક પોલીસ કાફલાએ તમાશો જોવા એકત્ર થયેલા ટોળાને સમજાવટથી દૂર કર્યા હતા. દબાણ શાખાની ટીમે કુલ ત્રણ ટ્રક જેટલો માલ સામાન કબજે કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, સંગમ ચાર રસ્તા વિસ્તારમાં ખાણી પીણી સહિત ચા પાણીની લારીઓ તથા લારી ગલ્લા પથારાવાળાઓના કારણે રોડ રસ્તા સાંકડા થઈ જવાથી વાહનચાલકોમાં સતત અકસ્માતનો ભય રહ્યા કરતો હોય છે. જેથી પાલિકા તંત્રની દબાણ શાખાની ટીમ સંગમ ચાર રસ્તા વિસ્તારમાં આજે ત્રાટકી હતી. પરિણામે લારી ગલ્લા પથારાવાળાઓમાં ભાગદોડ મચી હતી. આમ છતાં પણ દબાણ શાખાની ટીમે કેટલીક લારીઓ સહિત ગલ્લા તથા અન્ય માલ સામાન કબજે કરવાની કાર્યવાહી કરી હતી. ત્યારબાદ ટીમ વોર્ડ નં. 4ના જાહેર રોડ રસ્તા પર પહોંચી હતી. જ્યાંથી પણ ગેરકાયદે દબાણોનો સફાયો કર્યો હતો આ કામગીરીમાં આસિ. મ્યુનિ. કમિશનર તુવેર, વોર્ડ ઓફિસર સહિત દબાણ શાખાની ટીમને એસઆરપી અને સ્થાનિક પોલીસ તંત્રનો કાફલો મદદમાં જોડાયો હતો. કામગીરી દરમિયાન કુલ ત્રણ ટ્રક જેટલો માલ સામાન કબજે કરવામાં આવ્યો હતો.

# વડોદરામાં અલકાપુરી ગરનાળામાં પોલીસ બસ ફસાતા બંને તરફ ભારે ટ્રાફિક જામ

વડોદરા | વડોદરાના અલકાપુરીથી રેલવે સ્ટેશન તરફ અને સયાજીગંજથી સર્કિટ હાઉસ જવાના રસ્તે રેલ્વે ગરનાળામાં પોલીસ બસ ફસાઈ જતા અલકાપુરી અને સયાજીગંજ વિસ્તારમાં ભારે ટ્રાફિકના દ્રશ્યો સર્જાયા હતા. ઉલ્લેખનિય છે કે, અલકાપુરીથી સ્ટેશન તરફ અને સયાજીગંજથી સર્કીટ હાઉસ તરફ જવાના રેલવે ગરનાળાની ઊંચાઈ ઓછી હોવાને કારણે પોલીસ બસનો ઉપરનો ભાગ છત સાથે અથડાયો હતો અને બસ અધવચ્ચે જ અટકી ગઈ હતી. આ ઘટનાને પગલે રેલ્વે સ્ટેશનથી સયાજીગંજ અને અલકાપુરી તરફ જતા માર્ગો પર ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો. બસ ફસાઈ જવાથી રસ્તો બ્લોક થઈ ગયો હતો, જેના કારણે ટુ-વ્હીલર અને અન્ય વાહનોની લાંબી કતારો લાગી હતી. ખાસ કરીને ટ્રેન પકડવા જઈ રહેલા મુસાફરો ભારે હાલાકીમાં મુકાયા હતા. ઘટનાની જાણ થતા જ ટ્રાફિક પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. બસના ટાયરમાંથી હવા ઓછી કરીને અથવા ક્રેનની મદદથી બસને બહાર કાઢવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. અંદાજે એક કલાકની ભારે જહેમત બાદ વાહનવ્યવહાર ધીમે-ધીમે પૂર્વવત થયો હતો.

# આવાસ યોજનામાં ભાડુઆત રાખનારા માલિકો સામે તવાઈ, 33 મકાનો ખાલી કરવા નોટિસ

ભાવનગર : ભાવનગર મહાનગરપાલિકાએ તરસમિયા ખારસી વિસ્તારમાં આવાસ ભાડે આપવાના ચાલતા મસમોટા નેટવર્ક પર તંત્રએ દરોડા પાડી તપાસનો ધમધમાટ તેજ કર્યો છે. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ જરૂરિયાતમંદોને ફાળવવામાં આવેલા મકાનોનો ધંધાદારી ઉપયોગ કરનારા તત્વો સામે ભાવનગર મહાનગરપાલિકાએ કડક અભિગમ અપનાવ્યો છે. તરસમિયા-ખારસી વિસ્તારમાં આવાસ ભાડે આપવાના ચાલતા મસમોટા નેટવર્ક પર તંત્રએ દરોડા પાડી તપાસનો ધમધમાટ તેજ કર્યો છે. મનપાની ટીમ દ્વારા તરસમિયા ખારસી વિસ્તારની આવાસ યોજનામાં હાથ ધરવામાં આવેલા આકસ્મિક સર્વેમાં ગંભીર ગેરરીતિઓ બહાર આવી છે.કુલ 92 આવાસ માલિકોનો સર્વે કરવામાં આવ્યો હતો.આ સર્વે દરમિયાન જાણવા મળ્યું કે 33 મકાનોમાં મૂળ લાભાર્થીઓને બદલે અન્ય લોકો (ભાડુઆતો) વસવાટ કરી રહ્યા હતા. પ્રધાનમંત્રી આવાસ યોજનાના નિયમો મુજબ, લાભાર્થી પોતાનું આવાસ કોઈને ભાડે આપી શકતો નથી કે વેચી શકતો નથી.મનપાના આવાસ વિભાગે આ મામલે તુરંત એક્શન લેતા માલિકો અને ભાડુઆતો સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. તમામ 33 આવાસના માલિકો અને ત્યાં રહેતા ભાડુઆતોને નોટિસ ફટકારવામાં આવી છે. નોટિસમાં સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે 7 દિવસની અંદર આ મકાનો ખાલી કરી દેવાના રહેશે.

# સિંધાજમાં વનરાજની પધરામણી, 8 થી 9 સિંહોનું ટોળું ગામમાં ઘૂસી આવતા ફફડાટ

ગીર | ગીરની સરહદે આવેલા ગામોમાં હવે સિંહોની હાજરી સામાન્ય બની રહી છે, પરંતુ જ્યારે આખેઆખું સિંહ પરિવાર ગામની ગલીઓમાં લટાર મારતું જોવા મળે ત્યારે ફફડાટ ફેલાવો સ્વાભાવિક છે. કોડીનાર તાલુકાના સિંધાજ ગામે મોડી રાત્રે શિકારની શોધમાં 8 થી 9 સિંહોનું ટોળું ઘૂસી આવતા સમગ્ર પંથકમાં ભયનો માહોલ છવાઈ ગયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, સિંધાજ ગામે મધ્યરાત્રિએ શિકારની શોધમાં સિંહોનું એક મોટું ગ્રુપ આવી ચઢ્યું હતું. જેમાં 8 થી 9 જેટલા સિંહો હોવાનું સામે આવ્યું છે. સિંહોની આટલી મોટી સંખ્યામાં એન્ટ્રી થતાં જ ગામના પાદરમાં અને ગલીઓમાં રખડતા પશુઓ અને શ્વાનોમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી.

# ગુંદરણ ગીર પાસે છકડો રિક્ષા પલટી જતાં ગમખ્વાર અકસ્માત

ગીર સોમનાથ | ગીર સોમનાથ જિલ્લાના તાલાલા તાલુકાના ગુંદરણ ગીર ગામ નજીક આજે એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો છે. પોતાની દુકાન માટે સામાન લેવા જઈ રહેલા એક પ્રૌઢની છકડો રિક્ષા બેકાબૂ બની પલટી જતાં તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ ઘટનાને પગલે મૃતકના ગામ જાંબુર ગીરમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, જાંબુર ગીર ગામના રહીશ હસનભાઈ મકવાણા, જેઓ ગામમાં પાન-કરિયાણાની દુકાન ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા હતા, તેઓ આજે સવારે પોતાની છકડો રિક્ષા લઈને તાલાલા સામાન લેવા જઈ રહ્યા હતા.

# લાલગેટમાં સામૂહિક આપઘાતની હૃદયદ્રાવક ઘટના
## અઠવાડિયા પહેલા સાઉદીની યાત્રા કરનાર પરિવારે જીવન ટૂંકાવ્યું

(એજન્સી) સુરત । તા. 10

શહેરના લાલગેટ વિસ્તારમાં આવેલી હરિપુરા સોયા શેરીમાં એક જ પરિવારના ત્રણ સભ્યોએ સામૂહિક આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે. અઠવાડિયા પહેલા જ સાઉદી અરેબિયાની ધાર્મિક યાત્રા કરીને પરત ફરેલા પરિવારે ઝેરી દવા ગટગટાવી મોતને વહાલું કરતા અનેક રહસ્યો સર્જાયા છે.



### લાલગેટ વિસ્તારમાં સામૂહિક આપઘાત

સોયા શેરી મહોલ્લામાં રહેતા ફૈઝ અહેમદ અને તેમના પરિવારે આ અંતિમ ડગલું ભર્યું હતું. બનાવની જાણ થતા જ DCP રાઘવ જૈન સહિત લાલગેટ પોલીસનો મોટો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ફૈઝ અહેમદ (36 વર્ષ): પરિવારના મોભી, મુબીના અહેમદ (32 વર્ષ): પત્ની, નોમાન અહેમદ (13 વર્ષ): પુત્ર મૃતકોમાં શામેલ છે.

### ખુશીના માહોલ વચ્ચે માતમ

મૃતક પરિવાર માત્ર 7 દિવસ પહેલા જ સાઉદી અરેબિયાની યાત્રા (ઉમરાહ) કરીને પરત ફર્યો હતો. ઘરે મહેમાનોની અવરજવર અને ખુશીનો માહોલ હતો. પ્રાથમિક અહેવાલો મુજબ પરિવાર કેમિકલના વ્યવસાય સાથે સંકળાયેલો હોવાનું કહેવાય છે, જ્યારે અન્ય એક માહિતી મુજબ તેઓ ટેલરિંગના વ્યવસાય સાથે જોડાયેલા હોવાનું સામે આવ્યું છે.

# કલોલ અંબિકા હાઈવે પર બુલેટની ટક્કરથી 24 વર્ષની યુવતીનું મોત

કલોલ : અકસ્માતોની ઘટનામાં દિવસે દિવસે વધારો થતો જઈ રહ્યો છે. જેમાં ઘણા લોકોના જીવ પણ ગયા છે. આવો જ એક અકસ્માત કલોલના અંબિકા હાઈવે પર બન્યો છે.જ્યાં શ્રીજી ગરનાળા નજીક રસ્તો ક્રોસ કરી રહેલી એક સલમા નામની યુવતીને પૂરપાટ ઝડપે બુલેટ સવારે ટક્કર (Bullet Bike Accident) મારી હતી, જેના કારણે ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલી 24 વર્ષીય યુવતીનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

# દશાડાના વિવાદીત PI વાય.જી.ઉપાધ્યાયની બદલી, દારૂની રેડ વખતે ગ્રામજનો સાથે કર્યું હતું ગેરવર્તન

(એજન્સી) સુરેન્દ્રનગર । તા. 10

સુરેન્દ્રનગર જિલ્લાના દશાડા તાલુકામાં વિવાદોમાં ઘેરાયેલા PI વાય.જી. ઉપાધ્યાયની અંતે બદલી કરવામાં આવી છે. તેમને દશાડાથી સાયલા ખાતે બદલી કરાતા વિસ્તારમાં લાંબા સમયથી ચાલતો વિવાદ શમ્યો છે. ઉલ્લેખનીય છે કે દશાડાના વાલેવડા ગામે દારૂની બાતમીના આધારે કરવામાં આવેલી રેડ દરમિયાન PI ઉપાધ્યાય દ્વારા ગ્રામજનો સાથે ગેરવર્તન કરાયું હોવાના આરોપો લાગ્યા હતા. આ ઘટનાપછી ગ્રામજનો સામે ફરજમાં રૂકાવટનો કેસ પણ દાખલ કરવામાં આવ્યો હતો, જેને કારણે ભારે અસંતોષ ફેલાયો હતો. ગેનીબેન



ઠાકોરે જાહેરમાં PI ઉપાધ્યાયની તાત્કાલિક બદલી કરવાની માંગ કરી હતી. આ સમગ્ર મામલે ઠાકોર સમાજ દ્વારા વિવાદિત PIની તાત્કાલિક બદલીની માંગ ઉઠાવવામાં આવી હતી. બે દિવસ અગાઉ યોજાયેલા ઠાકોર સમાજના સંમેલનમાં ગેનીબેન ઠાકોરે જાહેરમાં PI ઉપાધ્યાયની તાત્કાલિક બદલી કરવાની માંગ કરી હતી. સંમેલનના માત્ર બે દિવસમાં જ PI વાય.જી. ઉપાધ્યાયની દશાડાથી સાયલા બદલી કરવામાં આવતા સામાજિક અને રાજકીય વર્તુળોમાં ચર્ચા તેજ બની છે. સાથે જ, ગ્રામજનો પર કરવામાં આવેલ ફરજમાં રૂકાવટનો કેસ પણ પરત ખેંચવાની કાર્યવાહી કરવામાં આવશે તેવી માહિતી સામે આવી છે.

# વિકાસના નામે નાગરિકો ત્રાહિમામ
## સુવિધાઓમાં કોર્પોરેશન વેઠ ઉતારતી હોવાના આક્ષેપ

(એજન્સી) વડોદરા । તા. 10

વડોદરાના માંજલપુર વિસ્તારમાં વિકાસના કામો નાગરિકો માટે મુશ્કેલીનું કારણ બન્યા છે. માંજલપુર ફાટકથી મુજમહુડા વિસ્તારને જોડતા માર્ગ પર રહેતા નાગરિકોની હાલત કફોડી બની છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે 30-30 વર્ષ બાદ મળતી મૂળભૂત સુવિધાઓમાં પણ કોર્પોરેશન નાગરિકોને વેઠ ઉતારી રહી છે. વિસ્તારમાં વર્ષોથી ચોમાસા દરમિયાન પાણી ભરાવાની ગંભીર સમસ્યા છે, જેના કારણે લોકો ભારે પરેશાની ભોગવી રહ્યા છે. હાલ ચાલી રહેલી વરસાદી ગટર લાઈન અને રોડની કામગીરી પણ ગોકળગાય ગતિએ ચાલી રહી હોવાનું સ્થાનિકોએ જણાવ્યું છે. સ્થાનિકોનો વધુ આક્ષેપ છે કે વરસાદી ગટર લાઈનનું યોગ્ય લેવલિંગ કરવામાં આવતું નથી. સાથે સાથે રોડનું લેવલ પણ જળવાતું ન હોવાથી વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ઉબડ-ખાબડ રોડ અને રસ્તા પર થયેલા દબાણો દૂર કરવામાં પણ કોર્પોરેશનની ઉદાસીનતા સામે આવી છે. સમગ્ર મામલે નાગરિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને વહેલી તકે કામ પૂર્ણ કરી રાહત આપવા માંગ ઉઠી રહી છે. નાગરિકોનો આરોપ છે કે કોર્પોરેશન જાણે જનતાને ગેરમાર્ગે દોરતી હોય તેમ ખોટી માહિતી દર્શાવતા બોર્ડ લગાવવામાં આવ્યા છે. કોર્પોરેશનના અધિકારીઓએ વોર્ડ 12ની જગ્યાએ વોર્ડ 11ના એન્જિનિયરિંગ વિભાગનું બોર્ડ માર્યું હોવાનું સામે આવ્યું છે.

# બેચરાજીના ઠાકોર સમાજે નવું બંધારણ જાહેર કર્યું

મહેસાણા : મહેસાણાના બેચરાજીમાં ઠાકોર સમાજના નિયમો જાહેર થયાં છે. તાલુકા ક્ષત્રિય ઠાકોર સમાજે નવું બંધારણ જાહેર કર્યું છે. સમાજમાં હવે અલગ અલગ બાબતો પર નવા નિયમો સામે આવી રહ્યાં છે. હાલમાં સમગ્ર ગુજરાતમાં ઠાકોર સમાજના બંધારણને લઈને સમાજમાં જ વિવાદ ચાલી રહ્યો છે. ડીજેના નિયમનો ભંગ થતાં સમાજના આગેવાનો દ્વારા બે કલાકારો અને એક પૂર્વ સરપંચ સામે એક્શન લેવાયા છે. ત્યારે મહેસાણાના બેચરાજીમાં ઠાકોર સમાજના નિયમો જાહેર થયાં છે. તાલુકા ક્ષત્રિય ઠાકોર સમાજે નવું બંધારણ જાહેર કર્યું છે.

# અઠવાલાઈન્સમાં રહેણાંક વિસ્તારમાં ચાલતા કુટણખાના પર પોલીસનો દરોડો
## 2 સંચાલક અને 4 ગ્રાહકો ઝડપાયા



(એજન્સી) સુરત । તા. 10

અઠવાલાઈન્સ વિસ્તારમાં રહેણાંક મકાનની આડમાં ચાલતા દેહવ્યાપારમાં પોલીસે દરોડા પાડી બે સંચાલકો સહિત કુલ 6 ઈસમોની ધરપકડ કરી છે.શહેરના પોશ ગણાતા અઠવાલાઈન્સ વિસ્તારમાં રહેણાંક મકાનની આડમાં ચાલતા દેહવ્યાપારના નેટવર્કને પોલીસે ખુલ્લું પાડ્યું છે. સગરામપુરા વિસ્તારમાં બાતમીના આધારે ત્રાટકેલી અઠવાલાઈન્સ પોલીસે કુટણખાનાના બે સંચાલકો સહિત કુલ 6 ઈસમોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે સગરામપુરાની ઝુંડાશેરીમાં આવેલી યશોદા રેસીડેન્સીના ગ્રાઉન્ડ ફ્લોર પર એક બંધ મકાનમાં દેહવ્યાપારની પ્રવૃત્તિ ચાલી રહી છે. આર્થિક લાભ મેળવવા માટે સંચાલકો બહારથી મહિલાઓને બોલાવીને અહીં કુટણખાનું ચલાવતા હતા. બાતમીની ચોકસાઈ કરવા માટે અઠવાલાઈન્સ પોલીસે એક સફળ પ્લાન બનાવ્યો હતો.પોલીસે એક પોલીસકર્મીને 'ડમી ગ્રાહક' બનાવીને મકાનમાં મોકલ્યો હતો. અંદર ગયેલા ગ્રાહકનો સંકેત મળતા જ પોલીસ કાફલો ત્રાટક્યો હતો અને સ્થળ પરથી સંચાલકો અને ગ્રાહકોને રંગેહાથ ઝડપી પાડ્યા હતા.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

ગુસ્સાની લહેર આજે વાદ-વિવાદ તથા ઘર્ષણ ભણી દોરી જશે. વગર સૂચના કોઈ દેણદાર આજે તમારા એકાઉન્ટ માં પૈસા નાખી શકે છે જેના લીધે તમે આશ્ચર્યચકિત અને ખુશ થયી શકો છો પરિવારમાં કોઈ મહિલા સભ્યની તબિયત ચિંતાનું કારણ બનશે.

**વૃષભ : બ. વ. ઉ.**

ઝળહળતો અને ખડખડાટ હાસ્યથી ભરેલો દિવસ જ્યારે મોટા ભાગની ઘટનાઓ તમારી ધારણા મુજબ આકાર લેશે. જે લોકોએ લોન લીધું હતું તે લોકો ને લોન ની રાશિ ચૂકવવા માં સમસ્યાઓ આવી શકે છે.

**મિથુન : ક. છ. ઘ.**

માનસિક સ્પષ્ટતા જાળવવા માટે કોઈપણ પ્રકારની મૂંઝવણ અને હતાશા ટાળો. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે.

**કર્ક : ડ. હ.**

શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દ્રઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. જે લોકોએ જમીન ખરીદી હતી અને હવે તેને વેચવા માંગે છે તે લોકો ને કોઈ સારો ખરીદદાર આજે મળી શકે છે અને તેના થી તેમને સારો ધન લાભ થશે.

**સિંહ : મ. ટ.**

આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. આજે તમારા માતા પિતા માં થી કોઈ તમને ધન ની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે.

**કન્યા : પ. ઠ. ણ.**

તમારૂ શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. આજે ફક્ત બેઠા રહેવા કરતાં-કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઓ-જે તમારી આવકની ક્ષમતાને વધારશે.

**તુલા : ર. ત.**

તમે જેમ છો તેમ જ રહેજો કેમ કે તમારે કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવાનો આવશે-એ તમને ગંભીર મુશ્કેલીમાં મૂકી શકે છે. ખાસ કરીને તમારો ગુસ્સો, કેમ કે તે ક્ષણિક પાગલપનથી વિશેષ કંઈ નથી.

**વૃશ્ચિક : ન. ય.**

મજા માટેની ટ્રીપ તથા સામાજિક મેળાવડા તમને નિરાંતવા તથા ખુશ રાખશે. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂ એવું ધન કમાઈ શકશો. પારિવારિક રહસ્યના સમાચાર તમને આશ્ચર્યચકિત કરશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

કુદરતે તમારા પર નોંધપાત્ર આત્મવિશ્વાસ તથા હોંશિયારી વર્ષાવી છે-આથી તેનો પૂરેપૂરો ઉપયોગ કરો. જો તમારે જીવન સુગમ રીતે ચલાવવું હોય તો તમારે ધન ના આવાગમન પર ધ્યાન આપવું જોઈએ દિવસના ઉત્તરાર્ધમાં અણધાર્યા સારા સમાચાર ખુશી લાવશે.

**મકર : ખ. જ.**

પત્ની કદાચ તમારો ઉત્સાહ વધારશે. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. બાળકો તમારી માટે દિવસ મુશ્કેલ બનાવી શકે છે. તેમનો રસ જળવાઈ રહે તે માટે પ્રેમનો ઉપયોગ શસ્ત્ર તરીકે કરો.

**કુંભ : ગ. સ. શ. ષ.**

સ્વાસ્થ્ય સારૂ રહેશે પણ મુસાફરી મુશ્કેલ તથા થકવનારી પુરવાર થશે. તમારૂ સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે તથા આજે તેને કારણે તમારી માટે આર્થિક વળતર પણ લાવશે. તમારો કીમતી સમય તમારા બાળકો સાથે વિતાવો.

**મીન : દ. ચ. ઝ. થ.**

જો તમે આજે આજે પ્રેમ કરવાની તક નહીં ગુમાવો તો, આ દિવસ તમે તમારા આખા આયુષ્યમાં નહીં ભૂલી શકો. મહત્વના લોકો સાથે હળો-મળો ત્યારે તમારા આંખ-કાન ખુલ્લા રાખો-કેમ કે એવું કરવાથી તમને મહત્વની કોઈ વાત જાણવા મળી શકે છે.

## વીજ કનેક્શન કટ કરાયા

# 5 ડિવિઝનમાં 9 દિવસમાં રૂ. 10 કરોડના બાકી વીજબીલની વસૂલાત

ભાવનગર : પીજીવીસીએલ ભાવનગર વર્તૂળ કચેરીના પાંચેય ડિવિઝનમાં તા.૧થી ૯ દરમિયાન સર્કલ ડિસકનેક્શન ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. નવ દિવસ દરમિયાન પીજીવીસીએલની ૨૭૫૭ ટીમો દ્વારા રૂ.૧૦ કરોડથી વધારેના બાકી વીજબીલની વસૂલાત કરવામાં આવી છે. જ્યારે કુલ રૂ.૧.૦૨ કરોડનું વીજબીલ નહી ભરનારા ૧૦૧૯ ગ્રાહકોના વીજકનેક્શન કટ કરી દેવાયા છે.

પીજીવીસીએલ ભાવનગર વર્તૂળ કચેરી હેઠળની સીટી-૧, ૨, ગ્રામ્ય, મહુવા તથા તળાજા ડિવિઝનમાં ગત તા.૧ ફેબ્રુઆરીથી તા.૯ ફેબ્રુઆરી દરમિયાન સર્કલ ડિસકનેક્શન ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. ભાવનગર પીજીવીસીએલ દ્વારા કુલ ૨૭૫૭ ટીમોનું ગઠન કરવામાં આવ્યું હતું. જેમાં રૂ.૧.૦૨ કરોડનું વીજબીલ નહી ભરનારા સીટી-૧માં ૨૧૦ કનેક્શન, સીટી-૨માં ૨૯૧ કનેકશન, ગ્રામ્યમાં ૪૩, મહુવામાં ૨૦૧ અને પાલિતાણામાં ૨૭૪ કનેક્શન મળી કુલ ૧૦૧૯ ગ્રાહકોના વીજ કનેક્શન કાપી નાખવામાં આવ્યા હતા. જ્યારે લાંબા સમયથી વીજબીલ નહી ભરનારા ૩૦,૯૧૩ ગ્રાહકો પાસે બાકી વીજબીલ પેટેના કુલ રૂ.૧૦.૬૫ કરોડની પીજીવીસીએલની ટીમ દ્વારા સ્થળ પર વસૂલાત કરવામાં આવી હતી. નાણાંકીય વર્ષ પૂર્ણ થાય તે પહેલા લાંબા સમયથી બાકી અને નિયમિત વીજ બીલ નહી ભરનારા ગ્રાહકો પાસે કડકહાથે ઉઘરાણી કરવા પીજીવીસીએલ દ્વારા ડિસકનેક્શન ડ્રાઈવ હાથ ધરવામાં આવી છે અને આગામી દિવસોમાં લાંબા સમયથી બાકી અને નિયમિત વીજબીલ નહી ભરનારા ગ્રાહકો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## વિકસિત ભારત @2047 ના વિઝન સાથે કુપોષણ સામે જંગ

# ઈન્દ્રશીલ યુનિવર્સિટી NSS કાર્યક્રમ દ્વારા રાજપુર ગામમાં જનજાગૃતિનો મશાલ પ્રગટાવ્યો

(એજન્સી) રાજપુર | તા.10



ઈન્દ્રશીલ યુનિવર્સિટી (કેડિલા ફાર્માસ્યુટિકલ્સની પહેલ) ના NSS વિભાગ દ્વારા સામાજિક જવાબદારીના ભાગરૂપે રાજપુર ગામની યોગીજી મહારાજ હાઈસ્કૂલ ખાતે 'કુપોષણ મુક્ત ભારત' વિષય પર એક ભવ્ય જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારત સરકારના 'મિશન શક્તિ' અને 'વિકસિત ભારત @2047' ના વિઝનને સાકાર કરવાના હેતુથી યોજાયેલા આ કાર્યક્રમમાં શિક્ષણ, સ્વાસ્થ્ય અને સાયબર સુરક્ષા જેવા મહત્વના વિષયો પર ભાર મૂકવામાં આવ્યો હતો.આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ ઈન્દ્રશીલ યુનિવર્સિટીના NSS સ્વયંસેવકો દ્વારા ભજવવામાં આવેલું કુપોષણ વિષયક શેરી નાટક હતું. આ નાટક દ્વારા ગ્રામીણ વિસ્તારના વાલીઓ અને વિદ્યાર્થીઓને પૌષ્ટિક આહારનું મહત્વ, એનીમિયા (લોહીની ઉણપ) ના નિવારણ અને સ્વચ્છતા વિશે ખૂબ જ મનોરંજક છતાં ગહન સમજ પૂરી પાડવામાં આવી હતી.શાળાના આચાર્યશ્રી વિપુલભાઈ પટેલ તથા યુનિવર્સિટીના મેનેજમેન્ટ અધિકારીઓના હસ્તે જનજાગૃતિ રેલીનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ રેલીમાં ધોરણ 11 ના વિદ્યાર્થી ભાઈઓ-બહેનો, યુનિવર્સિટીના પ્રોગ્રામ ઓફિસર અને સ્ટાફ મિત્રો બેનરો અને સૂત્રોચ્ચાર સાથે જોડાયા હતા. સમગ્ર રાજપુર ગામમાં ફરેલી આ રેલીએ ગ્રામજનોમાં સ્વાસ્થ્ય અને શિક્ષણ પ્રત્યે નવી ચેતના જગાડી હતી.

આ કાર્યક્રમમાં ઈન્દ્રશીલ યુનિવર્સિટીના મેનેજમેન્ટ ઓફિસરો, પ્રોગ્રામ ઓફિસર, યોગીજી મહારાજ હાઈસ્કૂલના આચાર્યશ્રી વિપુલભાઈ પટેલ તથા શાળાના વ્યાયામ શિક્ષક મિનેષ પટેલ સહિત તમામ સ્ટાફ મિત્રોએ ઉત્સાહપૂર્વક ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.આ કાર્યક્રમના સફળ આયોજન બદલ ગ્રામજનો અને શાળા પરિવાર દ્વારા ઈન્દ્રશીલ યુનિવર્સિટી અને NSS ટીમના આ પ્રયાસને ખૂબ જ બિરદાવવામાં આવ્યો હતો.

## મહાશિવરાત્રી મેળા ૨૦૨૬ નિમિતે

# જૂનાગઢ શહેરી વિસ્તારમાં ચાલતી મટન માર્કેટ બંધ રાખવા આદેશ

| નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.10.

મહાનગરપાલિકા, જૂનાગઢ સેવા સદનની એક યાદીમાં જણાવ્યુ છે કે, મહાનગરપાલિકા શહેરી વિસ્તારમાં ચાલતી મટનમાર્કેટ બંધ રાખવા આદેશ કરવામાં આવેલ છે. આગામી મહાશિવરાત્રી મેળા ૨૦૨૬ અંતર્ગત જૂનાગઢ શહેરમાં આવેલ નોનવેજની દુકાનો, મટનમાર્કેટ, ફિશમાર્કેટ, મીટશોપ, પોલ્ટ્રીશોપ, ફિશશોપ, લારીગલ્લાઓ તા.૧૫/૦૨/૨૦૨૬ ને રવિવારના રોજ બંધ રાખવા માન. કમિશનરશ્રી દ્વારા ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટની કલમ ૪૬(૧)(ડી) હેઠળ સ્થાયી હુકમ કરવામાં આવેલ છે.

જેથી આ દિવસે નોનવેજની દુકાનો, મટનમાર્કેટ, ફિશમાર્કેટ, મીટશોપ, પોલ્ટ્રીશોપ,ફિશશોપ, લારીગલ્લાઓ ઉપર વેચવામાં આવતી નોનવેજ વસ્તુઓ વેચાણ ઉપરોક્ત તારીખનાં રોજ બંધ રાખવાનો આદેશ કરવામાં આવેલ છે. આ આદેશનું ચુસ્તપણે અમલવારી કરવાની રહેશે. અન્યથા મહાનગરપાલિકા દ્વારા આદેશના ભંગ બદલ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.જેની મીટ શોપ ધારકોએ નોંધ લેવી.

## ભાવભર્યું આમંત્રણ

# જૂનાગઢમાં ભવનાથ મહાશિવરાત્રી મેળાનો પ્રારંભ તા.૧૧ ફેબ્રુઆરી થી થશે

| નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.10.



ગિરનાર તળેટીમાં મહા શિવરાત્રીના મેળાના પ્રારંભ માટે તારીખ: 11 ફેબ્રુઆરી, 2026ના રોજ સવારે 7:30 કલાકે ભરડાવાવ ખાતેથી બધા ભાવિકો એકત્ર થઈ ભવનાથ મહાદેવ મંદિર સુધી પ્રસ્થાન કરવામાં આવશે. પૂજ્ય સાધુ-સંતો અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં ભવનાથ મંદિર પર નવસ્થાપિત 55 કિલોના દિવ્ય ધ્વજદંડ પર ધ્વજારોહણના ભવ્ય કાર્યક્રમ બાદ મેળો ખુલ્લો મુકાશે. ભજન,ભોજન,ભક્તિ, શ્રદ્ધા અને આધ્યાત્મિક ઊર્જાના પાવન અવસરે આ ઐતિહાસિક પવિત્ર ક્ષણના સાક્ષી બનવા આપ સર્વે ભાવિકોને પધારવા તંત્ર તરફથી હાર્દિક અને ભાવભર્યું આમંત્રણ આપવામાં આવ્યું છે.

## બરવાળાના ખાંભડા ગામેથી સ્ટેટ મોનિટરિંગ સેલે 16,820 વિદેશી દારૂની બોટલ ઝડપી

બરવાળા : બોટાદ જિલ્લાના બરવાળા તાલુકાના ખાંભડા ગામે ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે દરોડો પાડી કટિંગ થઈ રહેલા દારૂનો જથ્થો ઝડપી પાડયો છે. એસએમસીએ રૂ.એક કરોડથી વધારેની કિંમતની વિદેશી દારૂની કુલ ૧૬ હજાર કરતા વધારે બોટલ ઝડપી લીધી છે. જ્યારે રેઈડ દરમિયાન એસએમસીના અધિકારીઓને થાપ આપી બુટલેગરો નાસી છૂટયા હતા.બોટાદ જિલ્લાના બરવાળા તાલુકાના ખાંભડા ગામે ખુલ્લી જગ્યામાં વિદેશી દારૂ બહારથી લાવી કટિંગ થઈ રહ્યો હોવાની બાતમીના આધારે સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે દરોડો પાડયો હતો.

## જન્મદિન

# ફ્રેન્ડ્સ ઓફ કેટલ સ્લોગન સાથે મહાનગર પાલિકા, ગૌશાળામાં રૂ.૧,૧૦૦/- નું રોકડ દાન

| નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.10.



મહાનગરપાલિકા, જૂનાગઢના માન. કમિશ્નરશ્રી તેજસ પરમાર ની સુચના મુજબ મહાનગરપાલિકાના હદ વિસ્તારમાંથી રખડતા ભટકતા અને જાહેર માર્ગો ઉપર અડચણરૂપ થતા ગૌવંશને અટકાવવા અને જાહેરમાં અનધિકૃત ઘાસ ચારો વેચતા ઈસમોને પકડવા માટે સતત કાર્યવાહી કાર્યરત છે. તેમછતાં હજુ પુર્ણ કામયાબી મળી નથી,જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા શહેરમાંથી રખડતા ભટકતા ગૌવંશને પકડી મહાનગર પાલિકા,જૂનાગઢ સંચાલિત ગૌશાળામાં રાખવામાં આવે છે.આ ગૌશાળામાં હાલ ૫૪૭ ગૌવંશ રાખવામાં આવેલ છે.જેમાં તા.૦૯/૦૨/૨૦૨૬ ના રોજ મહાનગરપાલિકા સંચાલિત ગૌશાળામાં ઓફિસ સુપ્રિ.શ્રી હેમલ ચૌહાણના જન્મદિન નિમિતે રૂ.૧,૧૦૦/- નું રોકડ દાન આપવામાં આવેલ છે.

## - વર્ષો જૂની સમસ્યાઓ મુદ્દે નાગરિક સમિતિ મેદાને

# નડિયાદ પશ્ચિમમાં ફાયર સ્ટેશન, લાયબ્રેરી, સિટી બસ સેવા સહિતની સુવિધાની માગણી



નડિયાદ : નડિયાદ પશ્ચિમ વિસ્તારના વિકાસમાં અવરોધરૂપ બનતી સમસ્યાઓના નિરાકરણ માટે નડિયાદ મહાનગર નાગરિક સમિતિ દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી જન આંદોલનની ચેતવણી આપવામાં આવી છે. પશ્ચિમ વિસ્તારના નાગરિકો લાંબા સમયથી પાયાની જરૂરિયાતો માટે સંઘર્ષ કરી રહ્યા છે, પરંતુ તંત્ર દ્વારા પૂરતી ગંભીરતા દાખવવામાં આવતી ન હોવાનો આક્ષેપ સમિતિએ કર્યો છે. આવેદનપત્ર પાઠવતી વખતે નાગરિકોએ વહીવટી તંત્ર સામે ઉગ્ર નારેબાજી કરીને પોતાની માંગણીઓ રજૂ કરી હતી.

નાગરિક સમિતિના જણાવ્યા અનુસાર, અગાઉ કુલ ૧૮ મુદ્દાઓ રજૂ કરવામાં આવ્યા હતા, જેમાંથી કેટલાક પ્રશ્નો ઉકેલાતા પ્રજામાં આશા જાગી હતી. જોકે, હજુ પણ ૧૪ જેટલી મુખ્ય સમસ્યાઓ ઠેરની ઠેર હોવાથી લોકોની હાલાકીમાં વધારો થયો છે. પશ્ચિમ વિસ્તારમાં આકસ્મિક આગની ઘટનાઓ સામે રક્ષણ મેળવવા માટે સ્વતંત્ર ફાયર સ્ટેશનની માંગણી કરવામાં આવી છે. આ સાથે જ ટપાલ સેવાઓ માટે પોસ્ટ ઓફિસ અને વિદ્યાર્થીઓ તેમજ વાચકો માટે જિલ્લા લાયબ્રેરીની સુવિધા ઉપલબ્ધ કરાવવા જણાવાયું છે. શહેરની વાહનવ્યવહારની સુવિધા કથળી રહી છે, તેથી સિટી બસ સેવા પુનઃ શરૂ કરવી અને એસટી સ્ટેન્ડ પર મુસાફરી કરતા નાગરિકો માટે પ્રાથમિક સુવિધાઓ વધારવી તે અનિવાર્ય બન્યું છે. સુરક્ષાની દ્રષ્ટિએ અત્યંત જોખમી બની ગયેલા એવોર બ્રિજના સમારકામનો પ્રશ્ન પણ વહેલી તકે ઉકેલવા માંગ કરાઈ છે.સ્થાનિક બગીચાઓ અને શોપિંગ સેન્ટરની જાળવણીના અભાવે પ્રજામાં રોષ જોવા મળી રહ્યો છે. વૈશાલી ગાર્ડન અને તલાટી બાગના નવસર્જનની સાથે વલ્લભનગર શોપિંગ સેન્ટરની કાયાપલટ કરવાની રજૂઆત કરવામાં આવી છે. પશ્ચિમ વિસ્તારના સ્મશાનમાં ખૂટતી સુવિધાઓ અને માર્ગો પર રખડતા ઢોરના ત્રાસને કારણે અકસ્માતનો ભય રહેતો હોવાથી તંત્રને સખત શબ્દોમાં કાર્યવાહી કરવા જણાવાયું છે. સમિતિએ રોજગારલક્ષી મુદ્દાઓ પણ આવેદનમાં વણી લીધા છે. નાગરિકોએ આશા વ્યક્ત કરી છે કે કલેક્ટર દ્વારા આ તમામ ૧૪ મુદ્દાઓ પર ગંભીરતાપૂર્વક ધ્યાન આપીને ઝડપી કાર્યવાહી કરવામાં આવશે.

# આરોગ્ય કેન્દ્ર રવાપર દ્વારા કિશોર સ્વાસ્થ્ય અને સુખાકારી દિવસની કરાઈ ઉજવણી

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)





સી.ડી.એચ.ઓ. ડૉ.મિતેષ ભંડેરી સર, આર.સી.એચ.ઓ ડૉ.દિનેશ પટેલ સર તેમજ ટી.એચ.ઓ ડૉ.એ. કે. પ્રસાદ સરના માર્ગદર્શન હેઠળ નખત્રાણા તાલુકાના રવાપર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર રવાપરના ૨ ના નવાવાસ ખાતે કિશોર સ્વાસ્થ્ય અને સુખાકારી દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં પોષણ, માનસિક રોગો, બિનચેપી રોગો, સ્વચ્છતા અને જીવનશૈલી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. એનિમિયા રોગ થવા ના કારણો, લક્ષણો અને અટકાવવા તેમજ હીમોગ્લોબીનની માત્રા ચકાસવા માં આવી. સોશિયલ મીડિયા ઉપયોગના ફાયદા અને ગેરફાયદા સ્ક્રીન ટાઈમ, Gaming's ઉપરાંત મોબાઈલ ફોન અને ટીવીના વધારે પડતાં ઉપયોગના કારણે ઉત્પન્ન થતા માનસિક રોગો તેમજ બેઠાડું જીવનશૈલીના કારણે થતા બિન ચેપી રોગો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. આ ઉપરાંત કૃમિ વિશે માર્ગદર્શન આપીને કૃમિ નશાક ગોળી ખવડાવવામાં આવી. જેમાં, કિશોર સ્વાસ્થ્ય સલાહકાર કાન્તિ જેપાર, એમ.પી.એચ.એસ. સુલેમાન પીંજારા, એમ.પી.એચ.ડબલ્યૂ. હાર્દિકભાઈ, આશા વર્કર અને આંગણવાડીના બહેનો તેમજ કિશોરીઓ હાજર રહી હતી

# જિલ્લામાં ધોળા દિવસે ધાડ : તળાજાના પસવી નજીક કારમાં તોડફોડ કરી રૂ. 3 લાખની લૂંટ

ભાવનગર : શહેર અને જિલ્લામાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ દિનપ્રતિદિન કથળી રહી હોય તેમ તળાજાના પસવી ગામ પાસે વેરાવળથી અમદાવાદ તરફ જઈ રહેલી મર્સિડિઝ કારમાં અજાણ્યા સાત-આઠ શખ્સોએ તોડફોડ કરી ધોળા દિવસે રૂ.૩ લાખની લૂંટ ચલાવી ડ્રાઈવરને માર માર્યો હતો. મર્સિડિઝ કાર અન્ય કારના દરવાજા સાથે અથડાતા માથાકૂટ સર્જાઈ હતી. આ મામલે દાઠા પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે.વેરાવળ તાલુકાના બાદલપર ગામમાં રહેતા હિતેષભાઈ જેસાભાઈ સોલંકી ગતરોજ તેમના શેઠ વીજુભાઈ બારડની જીજે-૧૮-ઈઈ-૯૮૫૩ નંબરની મર્સિડિઝ કાર લઈને બંસીબેન બારડ તથા બાળકોને લઈને અમદાવાદ ખાતે જઈ રહ્યાં હતા અને તેમની સાથે અન્ય બે કારમાં તેમના શેઠનો પરિવાર આગળ જતો હતો.

# શ્રીકષ્ટભંજનદેવને મોરની ડીઝાઇનવાળા વાઘા એવં રંગબેરંગી ઓર્કિડ-શેવંતીના ફુલોનો શણગાર કરાયો

| નરેન્દ્ર દવે | જૂનાગઢ



સાળંગપુર તા.૧૦ સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા) ની પ્રેરણાથી તારીખ : 10-02-2026ને મંગળવારના રોજ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજીને વૃંદાવનમાં તૈયાર થયેલા એમ્બ્રોઈડરી વર્ક અને મોરની ડીઝાઈનવાળા વાઘા એવં રંગબેરંગી ઓર્કિડ-શેવંતીના ફુલોનો શણગાર કરાયો હતો. આજે સવારે 5:30 કલાકે મંગળા આરતી અને સવારે 7:00 કલાકે શણગાર આરતી પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવી હતી. મંદિર પરિસરમાં આવેલ યજ્ઞશાળામાં મારુતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. અનેક હરિભક્તોએ દર્શન એવં મહાપ્રસાદનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો.

## દારૂનો જથ્થો રાજસ્થાનથી જૂનાગઢ તરફ જતો હતો

# વિદેશી દારૂનો જથ્થો ભરેલ બોલેરો પિકઅપ વાહન સાથે શખ્સ ઝબ્બે

(એજન્સી) ભાવનગર | તા.10



વલ્લભીપુર નજીકથી પેરોલ ફર્લો સ્ક્વોર્ડની ટીમે રાજસ્થાનથી જૂનાગઢ તરફ જઈ રહેલા વિદેશી દારૂ ભરેલ બોલેરો પીકઅપ વાહન સાથે એક શખ્સને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ભાવનગર, પેરોલ ફર્લો સ્ક્વોર્ડનો સ્ટાફ ભાવનગર શહેર-ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતો તે દરમ્યાન પોલીસ સ્ટાફને બાતમીરાહે હકિકત મળેલ કે, એક સફેદ કલરની બોલેરો પીકઅપ વાહન નં.જીજે-૦૮-એયુ-૫૭૦૬ના છે. જેમાં પાછળ લોખંડનો નાનો ટાંકો છે. જે ટાંકામાં ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરીને ધંધુકા તરફથી વલ્લભીપુર તરફ આવે છે. જે બાતમી આધારે પેરોલ ફર્લો સ્ક્વોર્ડનો સ્ટાફ વલ્લભીપુર, ચામુંડા હોટલની સામે જાહેર રોડ ઉપર વોચમાં હતાં દરમ્યાન ઉપરોકત બાતમી વર્ણન તથા નંબર વાળો બોલેરો પીકઅપ વાહન આવતાંની સાથેજ વાહનને અટકાવી વાહનની પાછળ ગટર સફાઈ કરવામાં ઉપયોગમાં લેવાતો ટાંકામાં અંદર તપાસ કરતાં વિદેશી દારૂની ૩૫૦૪ બોટલ રૂ.૧૦,૩૨,૧૯૨ની મળી આવતા પોલીસે જગદીશકુમાર ઉદારામ રાજુરામ ચારણ (રહે,ખરીન્ગા કુવા વિસ્તાર, સવા ગામ, થાના-સવા, જી.બાડમેર, રાજ્ય-રાજસ્થાન) ને વિદેશી દારૂ, બોલેરો પીકઅપ વાહન મળી કુલ રૂ.૧૫,૩૭,૨૪૨ના મુદ્દામાલ સાથે ઝડપી લીધો હતો. પકડાયેલા શખ્સની પૂછપરછ દરમિયાન ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરેલ ગાડી હનુમાન ભગવાનારામ બીશ્નોઈ (રહે.બાન્ડ ગામ તા. ગુદામલાની જી.બાડમેર રાજ્ય રાજસ્થાન), વિકાસ માંગીલાલ બિશ્નોઈ, વિકાસના પિતા માંગીલાલ બિશ્નોઈ (રહે. બંન્ને સીવારા ગામ તા.સાંચોર જી.ઝાલોર રાજ્ય રાજસ્થાન) એ આપ્યો હતો અને આ દારૂનો જથ્થો જૂનાગઢ જીલ્લાના ડુંગરપુર ગામે બાપુ નામે ઓળખાતા શખ્સને આપવાનો હતો. પોલીસે તમામ વિરૂધ્ધ વલ્લભીપુર પોલીસ સ્ટેશનમાં પ્રોહીબિશનની કલમો હેઠળ ગુન્હો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

### વિદેશી દારૂ ડિલિવરી કરવાનો નવો કીમિયો

બૂટલેગરોએ વિદેશી દારૂની ડિલિવરી કરવા માટે હવે નવો કીમિયો શોધી કાઢયો છે. બોલેરો પીકઅપ વાહનની પાછળ ગટર સફાઈ કરવામાં ઉપયોગમાં લેવાતો ટાંકો ફીટ કર્યો હતો. જે ટાંકામાં ચોરખાનું બનાવી અંદર દારૂનો જથ્થો ભરી ઉપરથી નટ બોલ્ટથી ઢાંકણુ બંધ કરી દેવામાં આવ્યું હતું અને છેક રાજસ્થાનથી જૂનાગઢ દારૂનો જથ્થો જતો હતો.

## તંત્રની મનમાની સામે રોષ

# જાફરાબાદના બંદર ચોક સુધી બસ આવતી ન હોય મુસાફરોને હાલાકી

રાજુલા : જાફરાબાદ શહેરમાં આવતી એસ.ટી.બસ છેલ્લા કેટલાક સમયથી બંદર ચોક જુના બસ સ્ટેશન સુધી આવતી ન હોય તેના કારણે મુસાફર જનતા રઝળી પડે છે. એસ.ટી.તંત્રની મનમાની સામે આ પંથકના લાભાર્થી ગામોના લોકોમાં કચવાટ વ્યાપેલ છે.જાફરાબાદના જુના બસ સ્ટેશન સુધી બસ નહિ આવવાથી મુસાફરોમાં આક્રોશ વધ્યો છે. એક સાઈડ રોડ બની ગયો હોવા છતાં એસ. ટી. બસ બંદર ચોક સુધી લાવવામાં અખાડા કરાતા હોય મુસાફરોને મને કમને એક કિ.મી. દૂર બસ સ્ટેશન સુધી પગપાળા જવુ પડે છે. આ ગંભીર બાબતે સ્થાનિકો દ્વારા રજુઆત કરાતા તંત્ર દ્વારા જણાવાયુ હતુ કે, ત્યાં આર.સી.સી. રોડ બનતો હોય એસ.ટી.બસ આવી શકતી નથી. પરંતુ તેની સામે ખાનગી લકઝરી બસો તેમજ અન્ય હેવી વાહનો આ જ રોડ પરથી પસાર થઈ બંદર ચોક સુધી આવી રહ્યા છે. પરંતુ એસ.ટી.બસના ડ્રાઈવરની મનમાનીથી બંદર ચોક સુધી બસ લાવતા નથી. જયારે અન્ય ડેપોની બસ જેમ કે, ઉના, સાવર કુંડલા વગેરે ડેપોની બસ બંદર ચોક સુધી આવે છે. આથી મુસાફરોને ભારે હેરાનગતિ વેઠવાનો વખત આવે છે. બસ સ્ટેશન નજીક ચોકડીની બાજુમાં આર.સી.સી. રોડ બની ગયો હોય ત્યાંથી હેવી વાહનો તથા ખાનગી વાહનો એક સાઈડમાંથી જતા હોય તેમાં સિનીયર સિટીઝન, બાળકો,મહિલાઓ તેમજ દર્દીઓને બંદર ચોક સુધી પગપાળા જવુ પડી રહ્યુ છે.

### એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ નવું સમન્સ ટૂંક સમયમાં મોકલાશે

# ટીના અંબાણી મની લોન્ડરિંગ કેસમાં ઈડીની ભીંસ વધી ગઈ

## ન્યૂયોર્ક આલીશાન પ્રોપર્ટી તપાસ હેઠળ નાણાકીય લેણદેણ શંકાસ્પદ

(એજન્સી) નવી દિલ્હી | તા 10

દેશના અગ્રણી ઉદ્યોગપતિ અને રિલાયન્સ ગ્રુપના ચેરમેન અનિલ અંબાણીના પત્ની ટીના અંબાણી સામે કાયદાકીય ગાળિયો વધુ મજબૂત બની રહ્યો છે. મની લોન્ડરિંગના ગંભીર આરોપો હેઠળ ચાલતી તપાસમાં સહકાર ન આપતા હવે કેન્દ્રીય તપાસ એજન્સીએ કડક વલણ અપનાવ્યું છે. સોમવારે નિર્ધારિત હાજરી ટાળ્યા બાદ હવે સત્તાધારી તંત્ર દ્વારા વધુ એક કાનૂની આદેશ જારી કરવાની તૈયારીઓ તેજ કરી દેવામાં આવી છે. આ તપાસનો મુખ્ય હેતુ વિદેશમાં થયેલી મિલકતોની ખરીદી પાછળના નાણાકીય સ્ત્રોતને શોધવાનો છે, જેમાં અંબાણી પરિવારની મુશ્કેલીઓ આવનારા દિવસોમાં વધવાના સ્પષ્ટ સંકેતો મળી રહ્યા છે.

આ સમગ્ર વિવાદના મૂળ અમેરિકાના ન્યૂયોર્ક શહેરના અત્યંત મોંઘા વિસ્તાર મેનહેટનમાં આવેલી એક વૈભવી મિલકત સાથે જોડાયેલા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, આ લક્ઝરી કોન્ડોમિનિયમની ખરીદી માટે કરવામાં આવેલા આર્થિક વ્યવહારોમાં અનેક વિસંગતતાઓ જોવા મળી છે. એજન્સી દ્વારા એવી આશંકા વ્યક્ત કરવામાં આવી છે કે આ પ્રોપર્ટી ખરીદવા માટે જે નાણાંનો ઉપયોગ થયો હતો, તેની પાછળ "મની ટ્રેલ" એટલે કે નાણાંની હેરફેરનો માર્ગ શંકાસ્પદ છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ વ્યવહારોમાં વિદેશી વિનિમય કાયદાઓનો ભંગ થયો હોવાની પણ શક્ય તા છે, જેની પૂછપરછ માટે ટીના અંબાણીને હાજર રહેવા તાકીદ કરવામાં આવી હતી.

આ કેસ માત્ર એક પ્રોપર્ટી પૂરતો મર્યાદિત નથી, પરંતુ તેની કડીઓ રિલાયન્સ કોમ્યુનિકેશન્સ (RCom) જેવી કંપનીઓ સાથે પણ જોડાયેલી છે. તાજેતરમાં જ આ તપાસના સંદર્ભમાં એજન્સીએ કંપનીના પૂર્વ પ્રેસિડન્ટ પુનીત ગર્ગની ધરપકડ કરીને સઘન પૂછપરછ હાથ ધરી હતી. ગર્ગ પાસેથી મળેલી માહિતી અને દસ્તાવેજી પુરાવાઓના આધારે હવે ટીના અંબાણીની ભૂમિકાની તપાસ કરવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે, સર્વોચ્ચ અદાલતના કડક નિર્દેશો બાદ અનિલ ધીરુભાઈ અંબાણી ગ્રુપ વિરુદ્ધ બેંક છેતરપિંડી અને નાણાકીય અનિયમિતતાઓના કેસોની તપાસ કરવા માટે એક વિશેષ તપાસ ટીમ (SIT) ની પણ રચના કરવામાં આવી છે.

અત્યાર સુધીની પરિસ્થિતિ જોતા જણાય છે કે ટીના અંબાણી પૂછપરછમાં હાજર ન રહેતા તપાસ એજન્સી હવે તેમને કોઈ છૂટ આપવા માંગતી નથી. મીડિયા અહેવાલ મુજબ, જો આગામી સમન્સ બાદ પણ તેઓ હાજર નહીં થાય, તો એજન્સી કાયદાકીય રીતે વધુ કડક પગલાં ભરી શકે છે. તપાસની શરુઆતમાં જ એજન્સીએ એ સ્પષ્ટ કરી દીધું છે કે કરોડો રૂપિયાના નાણાકીય ગેરવહીવટમાં સામેલ દરેક વ્યક્તિના જવાબ લેવા જરૂરી છે. વિશેષ ટીમ હાલમાં તમામ બેંક સ્ટેટમેન્ટ્સ અને વિદેશી વ્યવહારોના ડેટાનું પૃથ્થકરણ કરી રહી છે, જેથી ટીના અંબાણીના નિવેદનને તે તથ્યો સાથે સરખાવી શકાય.



### અંબાણી પરિવાર માટે કપરો સમય

છેલ્લા કેટલાક વર્ષોથી અનિલ અંબાણીનું ગ્રુપ આર્થિક સંકટો અને કાનૂની લડાઈઓનો સામનો કરી રહ્યું છે. હવે જ્યારે પરિવારના સભ્યો સુધી તપાસની આંચ પહોંચી છે, ત્યારે આ બાબત કોર્પોરેટ જગતમાં ચર્ચાનો વિષય બની છે. આગામી સમયમાં ટીના અંબાણીનો પક્ષ શું રહે છે અને તેઓ તપાસમાં કેવી રીતે સહકાર આપે છે, તેના પર જ આ કેસનો ભવિષ્યનો દારોમદાર રહેશે. હાલ તો સમગ્ર દેશની નજર ઈડીના આગામી પગલાં અને ટીના અંબાણીના જવાબ પર ટકેલી છે.

### ટાટા ઓટોકોમ્પે ગુજરાતના સાણંદમાં એક જ દિવસમાં બે અત્યાધુનિક ઉત્પાદન પ્લાન્ટનું ઉદઘાટન કર્યું

સાણંદ | અગ્રણી ઓટોમોટિવ કમ્પોનન્ટ ઉત્પાદક ટાટા ઓટોકોમ્પ સિસ્ટમ્સ લિમિટેડે 30 જાન્યુઆરી 2026 ના રોજ ગુજરાતના સાણંદમાં તેના વ્યવસાયિક એકમો, TM ઓટોમોટિવ સીટિંગ સિસ્ટમ્સ પ્રાઈવેટ લિમિટેડ અને TACO એર ઈન્ટરનેશનલ થર્મલ સિસ્ટમ્સ પ્રાઈવેટ લિમિટેડ માટે એક-એક એમ બે નવા ઉત્પાદન પ્લાન્ટનું ઉદઘાટન કર્યું હતું.

આ ઉમેરાઓ સાથે, ટાટા ઓટોકોમ્પ સિસ્ટમ્સ હવે સાણંદમાં આઠથી વધુ પ્લાન્ટ ચલાવે છે. આ વિસ્તરણ કંપનીની વૃદ્ધિ યાત્રામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે અને ટાટા મોટર્સ લિમિટેડ (TML) સહિત વિવિધ OEMs તેમજ તેના નિકાસ વ્યવસાયને ટેકો આપવાની તેની પ્રતિબદ્ધતા પર ભાર મૂકે છે.

બંને ઉદઘાટન સમારોહમાં ટાટા મોટર્સ લિમિટેડ અને ટાટા ઓટોકોમ્પ સિસ્ટમ્સ લિમિટેડના અગ્રણી અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા, જેમાં ટાટા મોટર્સના પીવી અને ઈવીના ચીફ પરચેઝિંગ ઓફિસર શ્રી સુધીર ચિખલે; વાઈસ ચેરમેન શ્રી અરવિંદ ગોયલ; એમડી અને સીઈઓ શ્રી મનોજ કોલ્હાટકર; સીએચઆરઓ શ્રી સુદિપ્ત મારજીત; અને સીએફઓ, ટાટા ઓટોકોમ્પ સિસ્ટમ્સ શ્રી ગૌરવ ચૌધરીનો સમાવેશ થાય છે. ટીએમ ઓટોમોટિવ સીટીંગ સિસ્ટમ્સ પ્રાઈવેટ લિમિટેડના સીઈઓ શ્રી અમિત ડે અને ટાકો એર ઈન્ટરનેશનલ થર્મલ સિસ્ટમ્સ પ્રાઈવેટ લિમિટેડના સીઈઓ શ્રી બુદ્ધિરાજ દેશમુખ પણ હાજર રહ્યા હતા.

## News Brief

### એન્વાયરો ઈન્ફ્રાએ નાણાકીય વર્ષ 2026ના ત્રીજા ત્રિમાસિક ગાળા અને 9 મહિનામાં શાનદાર પર્ફોન્સ કર્યું

નવી દિલ્હી | એન્વાયરો ઈન્ફ્રા એન્જીનિયર્સ લિમિટેડ કે જે સમગ્ર ભારતમાં સરકારી સત્તાવાળા માટે વોટર એન્ડ વેસ્ટવોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સ(WWTPs) અને વોટર સપ્લાઈ સ્કીમ પ્રોજેક્ટ્સ(WSSPs)ની ડિઝાઈન, કન્સ્ટ્રક્શન, ઓપરેશન અને મેન્ટેઈનન્સમાં સ્પેશ્યલાઈઝેશન ધરાવતી એક અગ્રણી ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની છે તેણે 31મી ડિસેમ્બર 2025ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળા તથા નવ મહિનાના ગાળા માટે તેના અનઓડિટેડ નાણાકીય સંકલિત પરિણામોની જાહેરાત કરી છે. સંચાલનમાંથી થતી આવક રૂપિયા 2500 મિલિયન રહી છે, જે નાણાકીય વર્ષ 2025ના ત્રીજા ત્રિમાસિક ગાળાની તુલનામાં 1.0% વાર્ષિક ધોરણે વૃદ્દિ જોવા મળી છે, જે પ્રોજેક્ટ્સના સતત અમલીકરણને લીધે છે.ત્રિમાસિક ગાળા માટે EBITDA રૂપિયા 677 મિલિયન હતું, જે વાર્ષિક ધોરણે 25.6% વૃદ્ધિ દર્શાવે છે અને EBITDA માર્જીન 27.1% રહ્યું હતું, જે 530 બેસિસ પોઈન્ટ વધારે છે. સંચાલનને લગતી કાર્યક્ષમતા તથા ટોપલાઈનનો મોટાભાગનો હિસ્સો વેસ્ટ વોટર ટ્રીટમેન્ટ પ્રોજેક્ટ્સ તરફથી થતા માર્જીનને વધુ સારા કરવામાં મદદ મળી.

### એચડીબી ફાઇનાન્સિયલ સર્વિસિસે ઓનલાઇન ખરીદદારો માટે પેપરલેસ, ઇન્સ્ટન્ટ લોન અપ્રુવલ્સ લોંચ કરવા ફ્લિપકાર્ટ સાથે ભાગીદારી કરી

મુંબઇ | ભારતના મહાત્વાકાંક્ષી લોકોની વધતી જરૂરિયાતોને સેવા પૂરી પાડતી અગ્રણી નોન-બેંકિંગ ફાઇનાન્સિયલ કંપની એચડીબી ફાઇનાન્સિયલ સર્વિસિસે ભારતના સ્વદેશી ઇ-કોમર્સ માર્કેટપ્લેસ ફ્લિપકાર્ટ સાથે વ્યૂહાત્મક ભાગીદારીની જાહેરાત કરી છે, જે સમગ્ર ભારતમાં ગ્રાહકોને ચેકઆઉટ ઉપર સંપૂર્ણ ડિજિટલ, પેપરલેસ અને તાત્કાલિક ક્રેડિટનો અનુભવ ઓફર કરી શકાય. તે કન્ઝ્યુમર ફાઇનાન્સની એક્સેસમાં નોંધપાત્ર વધારો કરે છે.

આ સહયોગ દ્વારા ફ્લિપકાર્ટ ઉપર હવે ખરીદદારો "ફ્લિપકાર્ટ ઇએમઆઇ" વિકલ્પનો ઉપયોગ કરીને સરળતાથી પ્રોડક્ટ ખરીદી શકે છે તેમજ ફ્લિપકાર્ટ ઉપર પ્રોડક્ટ્સની વિશાળ શ્રેણી માટે ધિરાણકર્તાઓ પાસેથી તાત્કાલિક મંજૂરી મેળવી શકે છે. પહેલીવાર એચડીબી ફાઇનાન્સિંગ સ્કીમને ઇ-કોમર્સ પ્લેટફોર્મ સાથે એકીકૃત કરાઇ છે, જેનાથી ગ્રાહકો બેજોડ સુવિધા સાથે ધિરાણની એક્સેસ મેળવવા સક્ષમ બન્યાં છે.આ એન્ડ-ટુ-એન્ડ સફર એકદમ ઝડપી, સંપૂર્ણ ડિજિટલ છે તેમજ પેપરવર્ક અને મેન્યુઅલ પ્રોસેસને દૂર કરે છે.

### એક્સિસ બેંકે વેલ્યુ સામે ઊંચી લોન અને એ જ દિવસે વિતરણ સાથે એમએસએમઈ માટે ગોલ્ડ લોન શરૂ કરી

મુંબઇ | ભારતની ખાનગી ક્ષેત્રની સૌથી મોટી બેંકોમાંની એક એક્સિસ બેંકે, એમએસએમઈ (માઇક્રો, સ્મોલ અને મીડિયમ એન્ટરપ્રાઇઝ) માટે ગોલ્ડ લોન આપવાની શરૂ કરી છે, જે એક સુરક્ષિત ઓવરડ્રાફ્ટ સુવિધા છે, જે નાના વ્યવસાયોને તેમની હાલની સોનાની સંપત્તિ સામે ઝડપી પ્રોસેસિંગ, ફ્લેક્સિબિલિટી અને ખૂબ ઓછા ડોક્યુમેન્ટેશન સાથે લિક્વિડિટી મેળવવામાં મદદ કરવા માટે બનાવવામાં આવી છે. આ પ્રોડક્ટ વ્યક્તિગત ઉદ્યોગસાહસિકો અને એકમાત્ર વ્યક્તિની માલિકી હેઠળના વ્યવસાયો, હાલના અને બેંકના નવા ગ્રાહકો બંને માટે ઉપલબ્ધ છે અને 3,300થી વધુ ગોલ્ડ-લોન-સક્ષમ શાખાઓમાંથી મળી શકશે. લાયક ગ્રાહકો એક જ દિવસે ઓવર ધ કાઉન્ટર (ઓટીસી) દ્વારા ચુકવણીનો લાભ લઈ શકે છે, જેમાં ફંડ સીધું તેમના બેંક ખાતામાં જમા થાય છે. લોનની રકમ રૂ. 50,000 થી રૂ. 1 કરોડ સુધીની હોય છે, જે પાત્રતા અને આંતરિક નીતિઓના આધારે નક્કી થાય છે. ડોક્યુમેન્ટેશનની જરૂરિયાતો કેવાયસી, ઉદ્યમ રજિસ્ટ્રેશન અથવા આસિસ્ટ સર્ટિફિકેટ, અને આઈટીઆર અથવા જીએસટી નોંધણી સુધી મર્યાદિત છે.

### OPPOએ ભારતમાં K14x 5G લોન્ચ કર્યો, ચિંતામુક્ત રોજિંદા ઉપયોગ માટે લાવે છે પાવર, પર્ફોર્મન્સ અને સ્મૂથનેસ, પ્રારંભિક કિંમત ₹13,499

નવી દિલ્હી | ભારતમાં તેની 'કે' સિરીઝના મજબૂત વારસાને આગળ વધારતા, ઓપ્પો ઈન્ડિયાએ આજે OPPO K14x 5Gના લોન્ચની જાહેરાત કરી, જે એક એવો સ્માર્ટફોન છે જેને પાવર, પર્ફોર્મન્સ અને સ્મૂથનેસ પ્રદાન કરવા માટે ડિઝાઈન કરવામાં આવેલ છે - જે એક ટોપ-ટિયર ત્રિપુટી છે, જે ઓપ્પોના ચિંતામુક્ત, આખા દિવસના અનુભવના વચનને દર્શાવે છે. સ્ટુડેંટ્સ, અર્લી જોબર્સ, ગેમર્સ અને વેલ્યુ-કોન્સિયસ યુઝર્સ માટે રચાયેલ આ OPPO K14x 5G લાંબા સમય સુધી, હેવી યુસેઝ અને રિયલ-લાઈફ મલ્ટીટાસ્કિંગને સપોર્ટ કરવા માટે બનાવવામાં આવ્યો છે, જેથી યુઝર્સ દિવસભર ફોકસ્ડ, કનેક્ટેડ અને તલ્લીન રહી શકે છે.

4જીબી+128જીબી વેરિઅન્ટ માટે 14,999 અને 6જીબી+128જીબી વેરિઅન્ટ માટે 16,999ની કિંમતે, OPPO K14x 5G ઓપ્પો ઈ-સ્ટોર અને ફ્લિપકાર્ટ પર બે કલર ઓપ્શન - આઈસી બ્લુ અને પ્રિઝમ વાયોલેટમાં 16 ફેબ્રુઆરી 2026ના રોજ બપોરે 12 વાગ્યાથી ખરીદી માટે ઉપલબ્ધ થશે.

### ફ્યુઝન ફાઈનાન્સે ચાલુ નાણાકીય વર્ષના ત્રીજા ત્રિમાસિકમાં આકર્ષક પરિણામ આપ્યા, ક્રેડિટ ખર્ચ ઘટ્યો, કલેક્શનમાં વૃદ્ધિ

મુંબઇ | વૉરબર્ગ પિંક્સ સંલગ્ન ફ્યુઝન ફાઈનાન્સ માટે ચાલુ નાણાકીય વર્ષનું ત્રીજુ ત્રિમાસિક નફાકારકતામાં વૃદ્ધિ, એસેટ ક્વોલિટી- માર્જિન અને કલેક્શનમાં સુધારા સાથે આકર્ષક રહ્યું હતું. એસેટ ક્વોલિટીમાં સુધારો નોંધાતો ત્રિમાસિકમાં નફાકારકતાને વેગ મળ્યો હતો. ચાલુ નાણાકીય વર્ષના ત્રીજા ત્રિમાસિકમાં ગ્રોસ એનપીએ બીજા ત્રિમાસિકમાં 4.61 ટકા સામે ઘટી 4.38 ટકા થઈ છે. નેટ એનપીએ 0.63 ટકા નોંધાઈ હતી. લોન ફાળવણી ત્રિમાસિક ધોરણે 23 ટકા વધી રૂ. 1594 કરોડ થઈ છે. જે છેલ્લા પાંચ ત્રિમાસિકની તુલનાએ સૌથી વધુ છે. આ પરિણામ કંપનીના બિઝનેસ મોમેન્ટમમાં સતત ગ્રોથનો સંકેત આપે છે.

માઈક્રોફાઈનાન્સ કેન્દ્રિત એનબીએફસીની ત્રિમાસિક ખોટ નફામાં પરિણમી હતી. એનબીએફસીએ Q3 FY26માં રૂ. 14 કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. તેણે બીજા ત્રિમાસિકમાં રૂ. 22 કરોડની ચોખ્ખી ખોટ કરી હતી. નવા શ્રમ સંહિતાના કારણે વન-ટાઈમ સેટલમેન્ટના ભાગરૂપે કંપનીનો રૂ. 6.9 કરોડનો ખર્ચ વધ્યો હતો. જેની અસર નફાકારકતા પર થઈ હતી. તેને બાકાત રાખતાં ચોખ્ખો નફો રૂ. 20 કરોડ નોંધાયો હતો. એયુએમ ત્રિમાસિક ધોરણે 2.3 ટકા ઘટી રૂ. 687vહતો.

અમે અમારા મૂળભૂત સિદ્ધાંતોને મજબૂત બનાવવા, પોર્ટફોલિયોની ગુણવત્તા જાળવવા અને ગતિશીલ ઓપરેટિંગ માહોલમાં સતત ગ્રોથ હાંસલ કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. એકંદરે પોર્ટફોલિયો અને નવા બુક બંનેમાં કલેક્શન સુધર્યા હતા.

# લીલા નિશાનમાં માર્કેટ બંધ, સેન્સેક્સ 84,273 અંકે બંધ




(એજન્સી) મુંબઈ | તા 10

ભારતીય શેરબજાર લીલા નિશાને બંધ થયું છે. સેન્સેક્સ અને નિફ્ટી બંને વધારા સાથે બંધ થયા. ભારતીય શેરબજાર લીલા નિશાને બંધ થયું છે. સેન્સેક્સ અને નિફ્ટી બંને વધારા સાથે બંધ થયા. સેન્સેક્સ 208.17 પોઈન્ટના વધારા સાથે 84,273.92 અંકે બંધ થયો જ્યારે નિફ્ટી 67.85 પોઈન્ટના વધારા સાથે 25,935.15 અંકે બંધ થયો. સવારે લગભગ 9.30 વાગ્યે, સેન્સેક્સ +190.42 પોઈન્ટ વધીને 84,256.17 ની ઉપર ટ્રેડ કરી રહ્યો હતો, જ્યારે નિફ્ટી 53.30 પોઈન્ટ વધીને 25,920.60 ની આસપાસ રહ્યો. બજારની આ તેજી રોકાણકારોને ખુશ કરી રહી હતી.

**વૈશ્વિક બજારો તરફથી ટેકો**

ભારતીય બજારો માટે સૌથી મોટો ટેકો વૈશ્વિક સંકેતો તરફથી આવ્યો. સોમવારે યુએસ શેરબજારોમાં મજબૂત તેજી જોવા મળી, જેની આગેવાની ટેક શેરો કરી રહ્યા હતા. એશિયન બજારોમાં, જાપાનના નિક્કી, દક્ષિણ કોરિયાના કોસ્પી અને ઓસ્ટ્રેલિયાના બજારો પણ લીલા રંગમાં રહ્યા. આનાથી ભારતીય બજારોની શરૂઆત સ્પષ્ટપણે પ્રતિબિંબિત થઈ.

# ભારતીયોના ઘરોમાં અમેરિકા-ચીન કરતાં પણ અનેક ગણું વધારે સોનું, ટોપ-5 દેશોની યાદી

(એજન્સી) નવી દિલ્હી | તા 10

દુનિયામાં ઊભી થયેલી અસ્થિરતા અને યુદ્ધની સ્થિતિ વચ્ચે સોનાના ભાવમાં ભડકો થયો છે, ત્યારે સોનું વર્ષોથી ભારતીયો માટે રોકાણનું અતૂટ અને વિશ્વાસપાત્ર સાધન રહ્યું છે. માર્ગન સ્ટેનલ અને WGC (વર્લ્ડ ગોલ્ડન કાઉન્સિલ)ના રિપોર્ટ પ્રમાણે ભારતીય પરિવારો પાસે આશરે 34,600 ટન સોનું પડ્યું છે, જે અમેરિકાના ફેડરલ રિઝર્વ સહિત વિશ્વની તમામ કેન્દ્રીય બેંકોના કુલ ભંડાર કરતાં પણ વધુ છે. આ જથ્થો વિશ્વના કુલ સોનાના આશરે 11% થી 13% જેટલો હિસ્સો ધરાવે છે, જે ભારતીય અર્થતંત્રમાં સોનાના દબદબાને દર્શાવે છે.

### કયા દેશ પાસે કેટલું સોનું?

દુનિયામાં સૌથી મોટો રાષ્ટ્રીય (સરકારી) ભંડાર અમેરિકા પાસે છે, જે 8,133.5 ટન છે અને તેને 'ફોર્ટ નોક્સ'માં સુરક્ષિત રાખવામાં આવ્યું છે. જર્મની 3,350.3 ટન સાથે યુરોપમાં મોખરે છે. ત્યારબાદ ઈટાલી (2,451.8 ટન), ફ્રાન્સ (2,437 ટન), રશિયા (2,332.7 ટન) અને ચીન (2,305.4 ટન) નો ક્રમ આવે છે. ભારત સરકાર પાસે સત્તાવાર રીતે 880.2 ટન સોનું છે, પરંતુ દેશના સામાન્ય લોકો અને પરિવારો પાસે રહેલું સોનું (34,600 ટન) સમગ્ર વિશ્વમાં સર્વોપરી છે. જે દુનિયાના કોઈપણ દેશના સત્તાવાર રાષ્ટ્રીય ભંડાર કરતા ઘણું વધારે છે. આ આંકડો એટલો મોટો છે કે તે અમેરિકા જેવા શક્તિશાળી દેશના સરકારી ભંડાર કરતા પણ ચાર ગણો વધુ છે. ત્યારે જાણો કે ભારતમાં કયા મંદિર માટે કેટલો સોનાનો ભંડાર છે.

**પદ્મનાભસ્વામી મંદિર (કેરળ) |** તિરુવનંતપુરમમાં આવેલું આ મંદિર વિશ્વનું સૌથી ધનિક મંદિર છે. વર્ષ 2011માં જ્યારે તેના ગુપ્ત ભોંયરાઓ ખોલવામાં આવ્યા ત્યારે દુનિયા દંગ રહી ગઈ હતી. અહીં આશરે 1.2 લાખ કરોડનું સોનું, હીરા અને ઝવેરાત હોવાનું અનુમાન છે, જેમાં રોમન સામ્રાજ્યના સિક્કા અને 18 ફૂટ લાંબી સોનાની ચેઈનનો પણ સમાવેશ થાય છે.

**તિરુપતિ બાલાજી (આંધ્રપ્રદેશ) |** ભગવાન વેંકટેશ્વરનું આ મંદિર દાનની દ્રષ્ટિએ મોખરે છે. મંદિરની કુલ નેટવર્થ 3 લાખ કરોડથી વધુ અંકાય છે. બેંકોમાં 10.25 ટન સોનું જમા છે અને અઢી ટન જેટલા પ્રાચીન સોનાના આભૂષણો ભગવાનના શણગારમાં વપરાય છે.

**વૈષ્ણો દેવી મંદિર (જમ્મુ) |** માતા રાણીના ચરણોમાં ભક્તોએ છેલ્લા બે દાયકામાં 1800 કિલો સોનું અને 4700 કિલો ચાંદી અર્પણ કરી છે. આ મંદિર પાસે રોકડ અનામતનો ભંડાર પણ ખૂબ મોટો છે.

**સિદ્ધિવિનાયક મંદિર (મુંબઈ) |** ગણપતિ બાપ્પાના આ મંદિરનો ગુંબજ જ 3.7 કિલો સોનાથી મઢાયેલો છે. મંદિર પાસે 150 કિલોથી વધુ સોનું છે અને દર વર્ષે સરેરાશ 150 થી 200 કરોડનું દાન આવે છે.

**શિરડી સાઈ બાબા મંદિર (મહારાષ્ટ્ર) |**

સાઈ બાબાના દરબારમાં આશરે 380 કિલો સોનું અને 4,000 કિલો ચાંદીનો સંગ્રહ છે. આ ઉપરાંત, મંદિર ટ્રસ્ટ પાસે બેંકોમાં કરોડો રૂપિયાની ફિક્સ્ડ ડિપોઝિટ (FD) પણ છે.

**સુવર્ણ મંદિર (અમૃતસર) |** શીખ ધર્મના આ પવિત્ર સ્થાનની મુખ્ય ઈમારત પર જ 500 કિલો શુદ્ધ સોનાનું પડ ચઢાવેલું છે. સમય જતાં ભક્તો દ્વારા મળતા દાનથી તેનું નવીનીકરણ કરવામાં આવે છે.

**સોમનાથ મંદિર (ગુજરાત)**

ગુજરાતનું ગૌરવ એવા સોમનાથ મંદિરના મુખ્ય શિખર પર 140 કિલોથી વધુ સોનું જડિત છે. આ મંદિર તેની ઐતિહાસિક સંપત્તિ અને ભવ્યતા માટે જગવિખ્યાત છે.

**ગુરુવાયુર મંદિર (કેરળ) |** ભગવાન કૃષ્ણના આ મંદિરમાં 270 કિલો સોનું અને બેંકમાં અંદાજે 2,500 કરોડની રોકડ રકમ જમા છે.

**જગન્નાથ મંદિર (પુરી) |** ઓડિશાના આ મંદિરમાં 'સુના ભેસા' ઉત્સવ દરમિયાન ભગવાનને 200 કિલો સોનાના આભૂષણો પહેરાવવામાં આવે છે. મંદિરના ભંડારમાં સેંકડો કિલો સોનું-ચાંદી સુરક્ષિત છે.


**મીનાક્ષી અમ્મન મંદિર (મદુરાઈ)**

દક્ષિણ ભારતનું આ સ્થાપત્ય રત્ન અતિ પ્રાચીન સોનાના આભૂષણો અને કિંમતી રત્નો ધરાવે છે. મંદિરની કોતરણી અને માળખામાં પણ સોનાનો વિપુલ પ્રમાણમાં ઉપયોગ થયેલો જોવા મળે છે.

### ભારતીય શેરબજારમાં વિદેશી મૂડીનો પ્રવાહ હવે વધશે

# અમેરિકન એફપીઆઈ રોકાણ વધતા ભારતીય બજારમાં નવી રોનક

અમદાવાદ: વૈશ્વિક બજારમાં પ્રવર્તતી અનિશ્ચિતતા અને અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના દ્વિતીય કાર્યકાળના આરંભે સર્જાયેલી ભારે ઉથલપાથલ છતાં, ભારતીય મૂડીબજારમાં યુએસ સ્થિત વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (એફપીઆઈ)નો વિશ્વાસ અકબંધ રહ્યો છે. તાજેતરના આંકડાકીય વિશ્લેષણ મુજબ, ભારતીય બજારમાં કુલ વિદેશી હિસ્સામાં અમેરિકન રોકાણકારોનું પ્રભુત્વ વધીને ૪૧ ટકાએ પહોંચ્યું છે. છેલ્લા એક વર્ષમાં નોંધપાત્ર વેચવાલી જોવા મળી હોવા છતાં, સંપત્તિના મૂલ્યમાં થયેલો વધારો અને અન્ય ટેક્સ હેવન દેશોમાંથી રોકાણનું સ્થળાંતર ભારત માટે પ્રોત્સાહક સંકેતો આપી રહ્યું છે. ડિપોઝિટરી દ્વારા પ્રાપ્ત થયેલી વિગતો અનુસાર, જાન્યુઆરી ૨૦૨૫માં ભારતીય બજારમાં અમેરિકન રોકાણકારોનો હિસ્સો




૩૯.૭ ટકા હતો, જે જાન્યુઆરી ૨૦૨૬ સુધીમાં વધીને ૪૧ ટકા પર પહોંચી ગયો છે. આ સમયગાળા દરમિયાન, જોકે, વિદેશી સંસ્થાગત રોકાણકારોએ ડેટ અને ઈક્વિટી બજારમાં મળીને અંદાજે રૂ. ૧ લાખ કરોડથી વધુની મબલખ વેચવાલી કરી છે. તેમ છતાં, અમેરિકન રોકાણકારોની કુલ સંપત્તિનું મૂલ્ય રૂ. ૨૯.૫ લાખ કરોડથી વધીને રૂ. ૩૨.૧ લાખ કરોડ નોંધાયું છે. આ વૃદ્ધિ પાછળ મુખ્યત્વે બ્લુ-ચિપ અને લાર્જ-કેપ શેરોમાં રહેલી મજબૂત પકડ જવાબદાર હોવાનું માનવામાં આવે છે.છેલ્લા ૧૮ મહિનાથી ભારતીય બજાર પ્રત્યે વિદેશી રોકાણકારોના આકર્ષણમાં ઓટ જોવા મળી હતી. તેનું મુખ્ય કારણ ભારતીય બજારનું ઊંચું વેલ્યુએશન અને મધ્યમ કમાણીનો દર હતો. મીડિયા અહેવાલ મુજબ, અમેરિકી શેરબજારમાં હાલમાં જોવા મળી રહેલી નરમાશ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ક્ષેત્રે વૈશ્વિક રોકાણકારોનું વધતું ધ્યાન ભારતીય બજાર માટે એક પડકાર હતું. જોકે, હવે પરિસ્થિતિ પલટાઈ રહી છે. અમેરિકા અને ભારત વચ્ચેના વેપાર સોદા અંગેની અસ્પષ્ટતા દૂર થતાં હવે રોકાણનો નવો પ્રવાહ શરૂ થવાની પૂરેપૂરી શક્યતા છે.

મોરેશિયસ જેવા દેશો કે જેઓ અત્યાર સુધી કર રાહતો માટે જાણીતા હતા, ત્યાંથી રોકાણકારો હવે સીધા અમેરિકા જેવા દેશો તરફ વળ્યા છે.

**ટેક્સ** | **લિસ્ટેડ કંપનીઓ ટેક્સ હિસ્સો ઝડપથી વધી રહ્યો છે**

# કોર્પોરેટ ટેક્સ વસૂલાત યોગદાન માં લિસ્ટેડ કંપનીઓ મોખરે

અમદાવાદ: ભારતીય અર્થતંત્રમાં કોર્પોરેટ જગતના યોગદાનની દિશા બદલાઈ રહી હોય તેમ જણાય છે. નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઈ) ના તાજેતરના 'માર્કેટ પલ્સ' અહેવાલ મુજબ, દેશની કુલ કોર્પોરેટ ટેક્સ વસૂલાતમાં હવે શેરબજારમાં નોંધાયેલી એટલે કે લિસ્ટેડ કંપનીઓનું પ્રભુત્વ વધી ગયું છે. મહામારી બાદના સમયગાળામાં લિસ્ટેડ કંપનીઓએ ટેક્સ ચૂકવણીમાં જે સ્થિતિસ્થાપકતા દાખવી છે, તેની સરખામણીએ અનલિસ્ટેડ કંપનીઓ હજુ પણ સંઘર્ષ કરી રહી હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. આ પરિવર્તન દર્શાવે છે કે સંગઠિત ક્ષેત્ર હવે દેશની તિજોરી ભરવામાં સિંહફાળો આપી રહ્યું છે. નેશનલ સ્ટોક એક્સચેન્જના ડેટા મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૫માં કુલ કોર્પોરેટ ટેક્સ વસૂલાતમાં અનલિસ્ટેડ કંપનીઓનો હિસ્સો ઘટીને ૪૭ ટકા પર આવી ગયો છે. વર્ષ ૨૦૧૮-૧૯ના સમયગાળામાં આ આંકડો ૫૫.૬ ટકા હતો, જે સૂચવે છે કે બિન-લિસ્ટેડ એકમોનું યોગદાન સમયાંતરે ઘટ્યું છે. તેનાથી વિપરીત, લિસ્ટેડ કંપનીઓનો હિસ્સો હવે ૫૩ ટકાને પાર કરી ગયો છે. ખાસ કરીને નાણાકીય વર્ષ ૨૦૨૧માં, જ્યારે વિશ્વ મહામારી સામે લડી રહ્યું હતું, ત્યારે લિસ્ટેડ કંપનીઓએ ટેક્સ ચૂકવણીમાં ૨૨ ટકાની વૃદ્ધિ નોંધાવી હતી, જ્યારે અનલિસ્ટેડ કંપનીઓના ટેક્સમાં ૪૫ ટકાનો તોતિંગ ઘટાડો જોવા મળ્યો હતો.લિસ્ટેડ કંપનીઓની આ સફળતા પાછળનું મુખ્ય કારણ તેમની મૂડી એકત્ર કરવાની ક્ષમતા છે. નિષ્ણાતોના મતે, શેરબજારમાં નોંધાયેલી કંપનીઓ




પાસે બોન્ડ અને ઈક્વિટી માધ્યમો દ્વારા ભંડોળ મેળવવાની વધુ તકો હોય છે. આ ભંડોળનો ઉપયોગ તેઓ ટેકનોલોજી સુધારવા અને ખર્ચ પર અંકુશ મેળવવા માટે કરે છે. બીજી તરફ, અનલિસ્ટેડ કંપનીઓ મોટાભાગે બેંક લોન પર નિર્ભર હોય છે, જે મર્યાદિત સંસાધનોને કારણે તેમને વિસ્તરણ કરવામાં અવરોધરૂપ બને છે. પરિણામે, લિસ્ટેડ કંપનીઓ પ્રતિકૂળ સંજોગોમાં પણ પોતાનો નફો જાળવી રાખવામાં અને સરકારને વધુ વેરો ચૂકવવામાં સફળ રહી છે.ભારત સરકાર દ્વારા અમલી બનાવવામાં આવેલી નાણાકીય પારદર્શિતાની નીતિઓએ પણ ટેક્સ વસૂલાતને વેગ આપ્યો છે. હવે જીએસટી ડેટા, વિવિધ વિભાગો વચ્ચેની માહિતીની આપ-લે અને આંતરરાષ્ટ્રીય નાણાકીય વ્યવહારો પરની દેખરેખને કારણે ટેક્સની ચોરી મુશ્કેલ બની છે. મીડિયા અહેવાલ મુજબ, આ કડકાઈને કારણે કંપનીઓ હવે વધુ પ્રામાણિકતાથી વેરાની ચૂકવણી કરી રહી છે. ખાસ કરીને લિસ્ટેડ કંપનીઓ પર શેરબજારના નિયમો અને રોકાણકારોની દેખરેખ હોવાથી તેઓ નાણાકીય શિસ્તનું વધુ ચુસ્તપણે પાલન કરે છે, જેનો સીધો ફાયદો દેશના કોર્પોરેટ ટેક્સ કલેક્શનમાં દેખાઈ રહ્યો છે. જોકે, અર્થતંત્ર ફરી ધબકતું થતા અનલિસ્ટેડ કંપનીઓએ પણ રિકવરીના સંકેતો આપ્યા છે. નાણાકીય વર્ષ ૨૦૨૫માં તેમનું યોગદાન વધીને ૪૭ ટકા થયું છે, પરંતુ તે હજુ પણ ૨૦૧૯ના પૂર્વ-મહામારી સ્તર કરતા ઘણું પાછળ છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, નાના અને મધ્યમ કદના અનલિસ્ટેડ એકમો હજુ પણ ઈનપુટ કોસ્ટ અને કાર્યકારી મૂડીની સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, મહા વદ-10

# આરએસએસના કાર્યક્રમમાં ફિલ્મસ્ટારોના મેળાવડાથી જુના સંઘીઓ નારાજ

રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘની સ્થાપનાને ૧૦૦ વર્ષ પુરા થયા એ કારણે આરએસએસએ મુંબઈમાં કેટલાક કાર્યક્રમોનું આયોજન કર્યું હતું. કાર્યક્રમમાં પહેલે દિવસે ફિલ્મસ્ટાર સલમાન ખાનની હાજરીથી ઘણાને કૌતુક થયું હતું. બીજા દિવસના કાર્યક્રમમાં પણ જેકી શ્રોફ માથે ખાખી ટોપી પહેરીને ગયા હતા. જાણીતા દિગ્દર્શક કરણ જોહર અને અભિનેત્રી અનન્યા પાંડે પણ સંઘના કાર્યક્રમમાં ગયા હતા. ભાજપની નજીક ગણાતા અક્ષયકુમારે પણ સંઘના કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ સિવાય પણ ઘણા ફિલ્મસ્ટાર્સ અને દિગ્દર્શકો આરએસએસના કાર્યક્રમમાં પ્રથમ વખત જોવા મળ્યા હતા. ફિલ્મસ્ટારોની હાજરીને બે રીતે જોવામાં આવે છે. સંઘ સાથે જોડાયેલા કેટલાકનું માનવું છે કે, સામાન્ય લોકોમાં ફિલ્મસ્ટારોની લોકપ્રિયતા ઘણી હોય છે. જો લોકપ્રિય ફિલ્મસ્ટારો સંઘ સાથે જોડાય તો સંઘની વિચારધારાનો ફેલાવો થઈ શકે. જ્યારે બીજી તરફ સંઘ સાથે વર્ષોથી જોડાયેલા કાર્યકરોનું માનવું છે કે, સંઘને ટકવા માટે કે એની વિચારધારા ફેલાવવા માટે ફિલ્મસ્ટારોની જરૂર નથી. કોંગ્રેસના ભૂતપૂર્વ મંત્રી અને ક્રિકેટર નવજોત સિંહ સિદ્ધુના પત્ની નવજોત કૌર સિદ્ધુને કોંગ્રેસમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. ત્યાર પછી હવે એમને કોંગ્રેસમાંથી રૂખસદ અપવામાં આવી છે. જોકે નવજોત કૌરના કહેવા પ્રમાણે એ પહેલા જ એમણે કોંગ્રેસ છોડી દીધી હતી. નવજોત કૌર સિદ્ધુ પંજાબ વિધાનસભાના ધારાસભ્ય પણ રહી ચૂક્યા છે. નવજોત કૌરે હવે કોંગ્રેસના સાંસદ અને વિરોધપક્ષના નેતા રાહુલ ગાંધી સામે ઘણા આક્ષેપો કર્યા છે. સોશ્યલ મીડિયા એક્સ પર એમણે લખ્યું છે કે, જમીની હકીકતથી રાહુલ ગાંધી ખુબ દૂર છે. કાર્યકરોને સાંભળવાનો સમય રાહુલ ગાંધી પાસે હોતો નથી. રાહુલ ગાંધી કોઈપણ નેતા કે કાર્યકરને મળતા નથી અને એટલે જ એમનું ઉપનામ પપ્પુ પડ્યું છે. ત્વરીત નિર્ણય લેવાનો હોય એવી રાજકીય કટોકટી વિશે પણ નિર્ણય લેતા રાહુલ ગાંધીને છ મહિનાથી વધુનો સમય લાગે છે. એક જમાનામાં ભાજપ એમની તાકાત સમજી શક્યું હતું જ્યારે કોંગ્રેસના નેતાઓ એમની આવડત પારખી શક્યા નથી.નાગરીકતા મેળવતા પહેલા વોટર લીસ્ટમાં નામ હોવા બાબતના કેસનો જવાબ સોનિયા ગાંધીએ આપ્યો છે. દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટને આપેલા જવાબમાં એમણે કહ્યું છે કે, દાખલ થયેલી ફરિયાદ અરજી ખોટા તથ્યોપર આધારીત છે. આ અરજી છીછરા રાજકારણથી પ્રેરિત અને કાયદાકીય પ્રક્રિયાના અપમાન બરાબર છે. સ્પેશિયલ જજ વિશાલ ગોગનની કોર્ટમાં વકીલ મારફતે સોનિયા ગાંધીએ જવાબ દાખલ કર્યો હતો. આ અરજી ડિસમીસ કરવાની માંગણી પણ સોનિયાએ કરી હતી. સોનિયા ગાંધીના જવાબમાં જણાવ્યા પ્રમાણે ફરિયાદીએ ઓથેન્ટીક રેકોર્ડને બદલે અનુમાનો અને મીડિયા રીપોર્ટ તેમજ વ્યક્તિગત ધારણા બાંધીને ગંભીર આક્ષેપો કર્યા છે. આરોપોમાં કોઈપણ ખાસ દસ્તાવેજને બનાવટી કે ખોટો સાબિત કરવામાં આવ્યો નથી. નાગરીકતા બાબત કેન્દ્ર સરકારના અધિકાર ક્ષેત્રમાં હોય છે જ્યારે વોટર લીસ્ટ તૈયાર કરવાની કામગીરી ચૂંટણીઆયોગ કરે છે.ભારત અને કેનેડા વચ્ચે રાષ્ટ્રીય સુરક્ષા અને બીજા કેટલાક મુદ્દાઓને લઈને એક યોજના તૈયાર કરવા માટે મીટિંગ થઈ હતી. બંને દેશોને એક બીજા પ્રત્યેની શંકા દુર કરવા માટે આ મુલાકાત અગત્યની હતી. વિદેશ મંત્રાલયના કહેવા પ્રમાણે ઓટાવા ખાતે નેશનલ સિક્યુરીટી એડવાઈઝર (એનએસએ) અજીત ડોભાલ કેનેડાના એનએસએ નાતાલી ડ્રોઈનને મળ્યા હતા. એમ મનાય છે કે અજીત ડોભાલની આ યાત્રાને કારણે બંને દેશો વચ્ચે ઉભા થયેલા તણાવમાં સુધારો આવી શકશે. છેલ્લા થોડા વર્ષોથી કેનેડામાં અલગતાવાદી સંગઠનના ખાલીસ્તાનવાદીઓ સતત ભારત વિરોધી પ્રવૃત્તિ કરી રહ્યા છે. કેનેડામાં ભારતીય મંદિરો પર સતત હુમલા થાય છે. ડોભાલ - ડ્રોઈન વચ્ચે મળેલી બેઠકમાં બંને દેશોના નાગરીકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા કયા પગલા લેવાવા જોઈએ એ વિશે પણ ચર્ચા થઈ હતી.અમેરિકાના ટેક્સાસ રાજ્યના રીપબ્લિકન સાંસદ બ્રેન્ડન ગીલના એક નિવેદનને કારણે વિવાદ થયો છે. સાંસદે કહ્યું હતું કે એમના રાજ્યના કેટલાક હિસ્સાનું ઈસ્લામીકરણ થઈ ગયું છે. ગીલે કહ્યું હતું કે ટેક્સાસના કેટલાક મોલમાં જઈએ તો એમ લાગે છે કે તેમ ડલાસ નહીં પરંતુ પાકિસ્તાનમાં ફરી રહ્યા છો. એમણે સોશ્યલ મીડિયા પર એક વિડિયો શેર કરીને લખ્યું હતું કે, મોટા પ્રમાણમાં થઈ રહેલું ઈસ્લામી માઈગ્રેશન અમેરિકાને ખતમ કરી રહ્યું છે કે જેને આપણે ખુબ પ્રેમ કરીએ છીએ. ડલાસ વિસ્તારમાં ડેમોગ્રાફીના ફેરફારને કારણે સ્થાનીક લોકોની સાંસ્કૃતિક ઓળખ બદલાઈ ગઈ છે.

# ઘડુલી ગામે સિલાઈ તાલીમ વર્ગ થકી અનેક બહેનો સ્વાવલંબી બની



મહેશ એલ. સોની નખત્રાણા

કચ્છના છેવાડાના લખપત તાલુકાના નાનકડા ગામ ઘડુલીમાં ONGC તેમજ SECT ના સંયુક્ત ઉપક્રમે બહેનો આત્મનિર્ભર બની શકે તેવા શુભ હેતુથી સિલાઈ કામને લગતું તાલીમ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું હતું જે ૧ ડિસેમ્બર થી ૧૦ ફેબ્રુઆરી સુધી ચાલુ રહ્યું હતું આમાં ૬૦ જેટલી બહેનો સિલાઈ લગતું કામ શીખી આત્મનિર્ભર બની હતી.આ અંગે વધુ માહિતી માહિતી આપતાં તાલીમ કેન્દ્ર ના સંચાલિકા શ્રીમતિ દિપિકા બેન પ્રકાશભાઈ બગગાએ જણાવ્યું હતું કે લખપત તાલુકો એ કચ્છ જિલ્લાનો સરહદી વિસ્તાર છે અહિ લિગ્નાઈટ સિવાય ખાસ કોઈ ઔદ્યોગિક એકમો ન હોઈ આ વિસ્તારની બહેનોને રોજગારી ઉપલબ્ધ થઈ શકે એવો મળી કોઈ વિકલ્પ ન હોવાથી તેમજ ભણેલ ગણેલ બહેનોને પણ આર્થિક રીતે પગભર થવા માટે કોઈ કંપનીમાં જોબ મળી શકે તેવા કોઈ સંકેત દેખાતા ન હોઈ તેમજ આ વિસ્તારો માં આવેલા ગામોમાં રહેતી બહેનોમાં રહેલ કૌશલ્યને પારખી મેં સિલાઈ લગતા તાલીમ કેન્દ્ર ખોલવાનો નિર્ધાર કર્યો જેથી બહેનોમાં રહેલી કૌશલ્ય શક્તિ ખીલી ઉઠે આ માટે મને ONGC તેમજ SECT નો સંયુક્ત સહયોગ પ્રાપ્ત થયો અને બે માસનો સિલાઈ તાલીમ વર્ગ શરૂ કરવામાં આવ્યો જેમાં સિલાઈ લગતા દરેક કોર્ષ શીખવાડવામાં આવ્યા જે તાલીમ પૂર્ણ થયા બાદ સંસ્થા તરફથી સર્ટિફિકેટ પણ આપવામાં આવ્યા હાલ ઘડુલી તેમજ આસપાસ વિસ્તારોની ૬૦ જેટલી બહેનો સિલાઈ કામની પદ્ધતિસરની તાલીમ લઈ સ્વાવલંબી બની ચૂકી છે.જે બહેનોને સિલાઈ કામની કોઈ આવડત ન હતી તે આ કેન્દ્રમાં તાલીમ લઈ આજે કુશળ કારીગર બની ચૂકી છે.

આવનારા દિવસોમાં પણ આવા જ તાલીમ કેન્દ્ર અવાર નવાર યોજાતા રહે એવા પ્રયત્નો માટે કટિબધ્ધની તૈયારી પણ તેમણે દાખવી હતી.

# ખેડબ્રહ્માથી નારાયણ સરોવર વચ્ચે એસ.ટી. બસનો પ્રારંભ



જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

ખેડબ્રહ્મા એસટી ડેપો ખાતે સંત પંજાબદાસજીમહારાજ અને નગરપાલિકા પ્રમુખ પ્રિયંકાબેન બરાડી અને કચ્છ કડવા પાટીદાર સમાજ ચાર તાલુકા મંત્રી દિનેશ પી. પટેલ સાથે મોટી સંખ્યામાં નગરજનો અને કચ્છી પાટીદારો સાથે ઉપસ્થિત રહી ખેડબ્રહ્મા એ ટી આઈ શ્રી રાવલ અને એસટી ડેપોના કર્મચારીઓ સાથે કુમકુમ તિલક અને મીઠાઈ આપી બસનો પ્રારંભ કરાવ્યો હતો. આ બસ ખેડબ્રહ્માથી ઇડર, વલાસણા, વડનગર, વિસનગર, મહેસાણા, ચાણસ્મા, હારીજ, રાધનપુર, સાંતલપુર, આડિસર, અંજાર, ભુજ, નખત્રાણા, માતાના મઢ થઈ નારાયણ સરોવર જશે. આ વિસ્તારના પ્રજાજનોમાં આ એસટી બસ ચાલુ થવાથી ખુબ જ આનંદ વ્યાપ્યો છે અને પવિત્ર નારાયણ સરોવર તીર્થનાં દર્શન કરવા લાભસાથે માતાના મઢનો પણ લાભ મળશે.

# ચાણસ્મા તાલુકાની મીઠીઘારીયાલ પ્રાથમિક શાળાના ઉપશિક્ષકની અનોખી પહેલ



હનુમાન ચાલીસા કંઠસ્થ કરનારને ઈનામ આપવાની જાહેરાત

ચાણસ્મા | ચાણસ્મા તાલુકાની મીઠીઘારીયાલ પ્રાથમિક શાળામાં ઉપશિક્ષક હર્ષદભાઈ કાંતિલાલ પટેલે ધાર્મિક ઉત્સાહ અને શૈક્ષણિક પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા માટે અનોખી પહેલ કરી છે. સોમવારે શાળામાં 192 બાળકોને હનુમાન ચાલીસાની પુસ્તિકાનું વિતરણ કરવામાં આવ્યું હતું.ઉપશિક્ષકના જણાવ્યા પ્રમાણે, જે બાળકો આગામી 15 દિવસની અંદર હનુમાન ચાલીસા સંપૂર્ણપણે કંઠસ્થ કરીને પાઠ કરશે, તેમને આકર્ષક ઈનામ આપવામાં આવશે.આ ઉપરાંત બાળકોના માતા-પિતા હનુમાન ચાલીસા કંઠસ્થ કરશે તો તેમને પણ ખાસ ઈનામ આપવામાં આવશે.આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકોમાં ધાર્મિક જ્ઞાન, એકાગ્રતા અને સ્મરણશક્તિ વધારવાનો છે. ઉપશિક્ષક હર્ષદભાઈ કાંતિલાલે કહ્યું, કે'હનુમાનજીની ભક્તિ દ્વારા બાળકો માનસિક રીતે મજબૂત બને અને માતા-પિતા પણ પ્રેરિત થાય, એ જ અમારો લક્ષ્ય છે.શાળાના આચાર્ય, શિક્ષક ગણ અને ગ્રામજનોએ ઉપશિક્ષકે કરેલી આ પહેલની પ્રશંસા કરી હતી.

# પ્રયોશા પ્રતિષ્ઠાન" સંચાલિત માલેગામ શાળામાં ભાવભર્યો "માતૃ-પિતૃ વંદના" ભવ્ય કાર્યક્રમ...




ડાંગ | ડાંગ જિલ્લાની "પ્રયોશા પ્રતિષ્ઠાન" સંચાલિત માલેગામ શાળામાં વર્ષનો અંતિમ અને અત્યંત પ્રેરણાદાયી એવો "માતૃ-પિતૃ વંદના કાર્યક્રમ" ભવ્ય અને ભાવસભર રીતે યોજાયો હતો. આ પ્રસંગે ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે શુભેચ્છા તથા ઈનામ વિતરણ કાર્યક્રમ પણ આયોજિત કરવામાં આવ્યો હતો. ત્રિવિધ કાર્યક્રમ વિદ્યાર્થીઓ તથા વાલીજનો માટે વરદાનરૂપ સાબિત થયો હતો.કાર્યક્રમમાં સ્વાગતવિધિ, સાંસ્કૃતિક કાર્યક્રમો સહિત વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતુ. માતૃ-પિતૃ વંદના કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓએ પોતાના માતા-પિતાને મંચ પર બેસાડી મંત્રોચ્ચાર સાથે પૂજા-આરતી કરી, અષ્ટાંગ પ્રણામ કર્યા, પ્રદક્ષિણા કરી અને અંતે પોતાની જાતે ભોજનની થાળી બનાવી પોતાના માતા-પિતાને ભાવપૂર્વક જમાડ્યા હતા.આ ભાવભીનો ઉત્સવ શાળાની સંસ્કારપ્રધાન પરંપરાનું ઉત્તમ ઉદાહરણ બન્યો.

# કારકિર્દી અને UPSC માર્ગદર્શન સેમિનારનું આયોજન..

ડાંગ | ડાંગ જિલ્લાની સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, વઘઈ ખાતે તારીખ 9 ફેબ્રુઆરી 2026ના રોજ સવારે 10 કલાકે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ તથા ઉજ્જવળ કારકિર્દી નિર્માણના હેતુસર કારકિર્દી માર્ગદર્શન અને UPSC પરીક્ષા અંગે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારનું આયોજન આચાર્ય ડૉ. જે. એમ. ભોયાના માર્ગદર્શન હેઠળ તથા ઉદિશા ક્લબના અધ્યક્ષ ડૉ. પ્રીતિ પટેલના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યુ હતુ. સેમિનારના મુખ્ય વક્તા તરીકે પ્રો. મહેશ ગવળી (સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, વાંસદા) ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને UPSC જેવી પ્રતિષ્ઠિત સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગે વિસ્તૃત માહિતી આપતા પરીક્ષાની રચના, અભ્યાસક્રમ, યોગ્ય તૈયારીની રણનીતિ, સમય વ્યવસ્થાપન, સતત અભ્યાસનું મહત્વ તેમજ આત્મવિશ્વાસ કેવી રીતે વિકસાવવો તે અંગે પ્રેરણાદાયક માર્ગદર્શન આપ્યું હતુ.ઉપરાંત, વિદ્યાર્થીઓને પોતાની રુચિ અને ક્ષમતાને ઓળખીને યોગ્ય કારકિર્દી પસંદ કરવાની સલાહ આપી અને નિષ્ઠા, પરિશ્રમ તથા સંકલ્પબદ્ધતા દ્વારા લક્ષ્ય સિદ્ધ કરવાની પ્રેરણા આપી હતી.આ ઉપરાંત, પ્રા. રાકેશ નાયકા દ્વારા UPSC પરીક્ષાના અભ્યાસક્રમ સંબંધિત માહિતી આપવામાં આવી.

# એસ.ટી. નિગમ દ્વારા ભવનાથ મહાશિવરાત્રી મેળા માટે એક્સ્ટ્રા ૧૯૫ બસમાં ૭૮૦૦થી વધુ ટ્રીપોનું સંચાલન કરાશે

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૦. આવતીકાલથી આગામી પાંચ દિવસ દરમિયાન જૂનાગઢ ખાતે મહાશિવરાત્રી મેળો યોજાવાનો છે. આ મેળામાં આવતા લાખો શ્રદ્ધાળુઓની સુવિધા માટે એસ.ટી. નિગમ દ્વારા વિશેષ પરિવહન વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ગત વર્ષે ૨.૯૧ લાખ મુસાફરોએ સેવાનો લાભ લીધો હતો, જેને ધ્યાને રાખી આ વર્ષે ક્ષમતામાં વધારો કરવામાં આવ્યો છે. જેમાં આ વર્ષે અંદાજે ૧૯૫ જેટલી વધુ બસમાં ૭૮૦૦થી વધુ ટ્રીપો દ્વારા ૩.૭૦ લાખ જેટલા મુસાફરો ને સુવિધા આપવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. મહાશિવરાત્રી મેળાને 'મિનિ કુંભ મેળા' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ વર્ષનો મેળો અત્યાર સુધીનો સૌથી ભવ્ય અને ઐતિહાસિક બનવાનો છે ત્યારે લાખઓની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ભવનાથના દર્શનાર્થે આવશે. શ્રદ્ધાળુઓના ધસારાને પહોંચી વળવા માટે કુલ ૧૯૫ વધારાની બસો દોડાવવામાં આવશે. જૂનાગઢ બસ સ્ટેશનથી ગિરનાર તળેટી સુધી જવા માટે દૈનિક ૮૦ વધારાની બસોનું સંચાલન કરવામાં આવશે.આંતર-જિલ્લા સુવિધા માટે આસપાસના જિલ્લાઓમાંથી આવતા ભક્તો માટે જૂનાગઢ ડિવિઝનની ૬૫ અને અન્ય ડિવિઝનની ૫૦ મળીને કુલ ૧૧૫ એક્સપ્રેસ બસો દોડાવવામાં આવશે.

## ભવનાથ મંદિર ખાતે શિવરાત્રી મેળાની તૈયારી સંદર્ભે

# પદાધિકારીઓ અધિકારીઓ સાથે સર્વગ્રાહી સમીક્ષા કરતા જૂનાગઢ જિલ્લા કલેક્ટરશ્રી અનિલકુમાર રાણાવસિયા

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૦ મહાશિવરાત્રી મેળા ૨૦૨૬ના તૈયારીઓને આખરી ઓપ આપવા માટે આજરોજ કલેકટરશ્રી અનિલકુમાર રાણાવસિયા તેમજ પદાધિકારીઓ અધિકારીઓ સાથે સમગ્ર મેળા રૂટનું ગિરનાર દરવાજાથી ભવનાથ મંદિર સુધી ચાલીને નિરીક્ષણ કર્યું હતું.તેમજ રૂટ નિરીક્ષણ બાદ ભવનાથ મંદિર ખાતે કલેકટરશ્રીએ પદાધિકારીઓ અધિકારીઓ સાથે શિવરાત્રી મેળાની તૈયારીઓની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. આવતીકાલે સવારે ૯ કલાકે મહાશિવરાત્રી મેળા-૨૦૨૬નો ધજારોહણ સાથે વિધિવત રીતે શુભારંભ થનાર છે ત્યારે આજરોજ કલેકટરશ્રી અનિલકુમાર રાણાવસિયા એ પદાધિકારીઓ અધિકારીઓ સાથે રૂટનું નિરીક્ષણ કર્યું હતું અને ભાવિકો માટે જરૂરી સુવિધાઓ,તેમજ આનુસંગિક કામગીરી અંગે સંબંધિત અધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું.

રૂટ નિરીક્ષણ બાદ જિલ્લા કલેક્ટરશ્રીએ પદાધિકારીઓ, અધિકારીઓ સાથે ભવનાથ મંદિર ખાતે બેઠક યોજી હતી.

# જાફરાબાદ મરીન પોલીસ કોન્સ્ટેબલ ના આગોતરા જામીન અરજી નામંજૂર કરતી રાજુલા સેશન કોર્ટ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

કોસ્ટેબલ આશિષ સિંહ ઝાલા વતી લાંચ સ્વીકાર નાર વચેટીયો આરીફ અકબર અલી રજવાણી રહે મોણપર તા મહુવા વાળા ને અમરેલી (ACB) ના હાથે રૂપિયા ત્રણ લાખ ની લાંચ લેતા રંગે હાથ ઝડપી પાડેલ તે લાંચ ના ગુના માં પી એસ આઈ રાધન પરા હેડ કોસ્ટેબલ આશિષ સિંહ ઝાલા બંને જુગલ જોડી નો તોડ કાંડ તા ૨૧/૦૧/ ના રોજ ACB ના દરોડા ની જાણ થતા અને લાંચ કેસ માં નામ ખુલતા બંને જુગલ જોડી ભૂગર્ભા હોય આશિષ સિંહ ઝાલા એ તેમ ના વકીલ મારફ તે રાજુલા સેશન કોર્ટ માં આગોતરા જામીન માટે અરજી કરેલ તેનો જુનાગઢ (ACB) એ ઠોસ પુરાવા કોર્ટ સમક્ષ રજૂ કરતા સરકાર પક્ષ ના વકીલે ધારદાર દલીલ કરી ભ્રષ્ટ પોલીસ કર્મચારી ના આગોતરા જામીન નો વિરોધ કર્યો બચાવ પક્ષ ના વકીલ તથા સરકારી વકીલ ની લાંબી દલીલ ના અંતે રાજુલા સેશન કોર્ટે એ લાંચકેસ માં સંડોવાયેલ આશિષ સિંહ ઝાલા ના આગોતરા જામીન રદ કર્યા તા ૨૧ ના રોજ ઝડપાયેલ આરીફ મોણપર ના રેગ્યુલર જામીન પણ તા /૦૫/૦૨ ના રોજ રાજુલા સેશન કોર્ટે રદ કર્યા રંગે હાથ ઝડપાયેલ વચેટીયો આરીફ મોણ પર હાલ અમરેલી જેલ માં કેદ રાધનપરા આશિષ ઝાલા હાલ બંને ફરાર હોય અધિકારી સહિત વચેટીયો ત્રણેય જોગા નુ જોગ એક જ રાશિના.



લાંચ કેસમાં જુનાગઢ ACB એ ઠોસ પુરાવા કોર્ટ સમક્ષ રજૂ કરતા સરકાર પક્ષ ના વકીલ ની ધારદાર દલીલો માન્ય રાખતી રાજુલા કોર્ટ

# અમરેલી જિલ્લા જેલનો જનરલ સુબેદાર ૫૦૦૦ ની લાંચ લેતા એ.સી.બી. ના હાથે રંગે હાથ ઝડપી લીધેલ સુબેદાર જેલ હવાલે

કિશોર આર. સોલંકી| જાફરાબાદ

અમરેલી કેસ માં મોટા સમાચાર અમરેલી જિલ્લા જેલ નો જનરલ સુબેદાર આજે ૯ તારીખ ના રોજ રિમાન્ડ પુરા થતા ફરી અમરેલી (ACB) એ નામદાર સેશન કોર્ટ માં રજૂ કરતા સેશન કોર્ટે ના હુકમ મુજબ આરોપી હીરા લાલ ચૌધરી ને તેની તાબા હેઠળ ની જિલ્લા જેલ માં ધકીલી દેવા હુકમ કર્યો? વાત કરીએ તો ગત /૦૫//૦૨/ ના રોજ અમરેલી ખાતે રાજકોટ એ.સી.બી ના સીધા દરોડા માં જેલ વિભાગ નો કર્મચારી હીરા ચૌધરી રૂ.૫,૦૦૦ ની ગાંધી સાંપ નોટોનું બડલ લેતા રંગે હાથ લાંચ ઝડપાયા હતા ત્યારબાદ વધુ તપાસ અમરેલી એ.સી.બી. ને સોપતા આરોપી હીરા ચૌધરી ને કોર્ટમાં રજૂ કરતા ત્રણ દિવસ ના રિમાન્ડ મંજૂર કર્યા હતા અમરેલી એ.સી.બી PI સગર સાહેબ સાથી ટીમે અમરેલી જેલ ના સુબેદાર ની ઊંડાણ પૂર્વક તપાસ કરી હીરા ચૌધરી ને હીરા ની જેમ ઘસી ઘસી ને ચમત્કાર દેખાડી આજે બપોરે અમરેલી જિલ્લા જેલના હવાલે કર્યો ક્યારે કોણ હીરો માં થી ઝીરો થઈ જાય તે તો સમય જ નક્કી કરે છે. હું પોળો અને બજાર સાકડી એવું ન ચાલે એક કહેવત મુજબ પાપ નો ઘોડો ગમે ત્યારે ફૂટે તે કહેવત સાર્થક થઇ પાંચ તારીખ સુધી અમરેલી જિલ્લા જેલ ના રાજા કહેવા તા હીરા ચૌધરી આજે તેની જેલમાં મચ્છરો અને કેદીઓ ના મહેમાન બન્યા..?

## રાષ્ટ્રીય કૃમિ મુકત(10 ફેબ્રુઆરી) દિવસ રવાપર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા ઉજવણી





જગદીશ દવે | દેશલપર (ગુંતલી) | નખત્રાણા તાલુકાના રવાપર આવેલ કે એસ પટેલ હાઈસ્કૂલ ખાતે રાષ્ટ્રીય કૃમિ મુક્ત દિવસ(10 ફેબ્રુઆરી) ની રવાપર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા ઉજવણી કરાઈ હતી રવાપર આ.વા. કેન્દ્ર ૧ થી ૪ તેમજ નાગવીરી પ્રાથમિક શાળા, આ. વા.ખાતે 10 ફેબ્રુઆરી રાષ્ટ્રીય કૃમિ મુક્ત દિવસ તરીકે ઉજવણી કરવામાં આવી જેમાં કુર્મીના રોગ , અટકાયતી પગલાં, સારવાર વગેરે બાબતે સમજ આપવામાં આવી હતી.

# લીલીયા વન વિભાગની મોટી કાર્યવાહી : દેશી બાવળ ના લાકડા ભરેલો ટ્રક ઝડપી પાડ્યો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

વાઘણીયા-નાના લીલીયા રોડ પરથી પરવાનગી વગર દેશી બાવળ ભરેલું આઈસર ઝડપાયું, રૂ. ૫૦,૦૫૧નો દંડ વસૂલાયો ગીર પૂર્વ વન વિભાગના DCF વિકાસ યાદવ તથા ઈન્ચાર્જ RFO મનિષ પટેલના માર્ગદર્શન હેઠળ વન વિભાગની ટીમ દ્વારા રાત્રિ દરમિયાન એક સફળ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. સચોટ બાતમીના આધારે વાઘણીયાથી નાના લીલીયા રોડ વચ્ચે વોચ ગોઠવી, આ વિસ્તારમાં પર્યાવરણની દ્રષ્ટિએ અત્યંત મહત્વ ધરાવતા દેશીકુળના બાવળના લાકડા ભરેલું એક આઈસર ટ્રક ઝડપી પાડવામાં આવ્યું હતું. રેવન્યુ અને માલિકીની જમીનોમાંથી કોઈપણ પ્રકારની પૂર્વ મંજૂરી કે પરવાનગી લીધા વગર દેશી બાવળનું કાપણી અને વહન કરવામાં આવી રહ્યું હતું. તપાસ દરમિયાન GJ ૧૪ X ૬૨૮૮ નંબરનું આઈસર પકડાયું હતું. આ મામલે આરોપી પ્રકાશ ડવાર સામે વન વિભાગના કાયદા હેઠળ કાયદેસરની કાર્યવાહી કરી, કુલ રૂ. ૫૦,૦૫૧/- નો દંડ ફટકારવામાં આવ્યો છે.આ કામગીરીમાં ઈન્ચાર્જ ફોરેસ્ટર રવિરાજ ખુમાણ તથા વન રક્ષક (ફોરેસ્ટ ગાર્ડ) તીર્થરાજસિંહ જાડેજા અને તેમની ટીમ જોડાઈ હતી. વન વિભાગની આ કડક કાર્યવાહીથી ગેરકાયદેસર રીતે વૃક્ષોનું નિકંદન કાઢતા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# શ્રીમતી એચ.બી.સંઘવી મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા આનંદ બજારનો ઉત્સાહભેર ઉજવણી કાર્યક્રમ યોજાયો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

રાજુલા એજ્યુકેશનલ ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી એચ.બી.સંઘવી મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, રાજુલા ખાતે આનંદ બઝારનું આયોજન ખૂબ જ ઉત્સાહ અને ઉમંગ સાથે સફળતાપૂર્વક યોજાયું હતું. કાર્યક્રમમાં શિક્ષણક્ષેત્ર અને સમાજજીવનના અગ્રણી મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.કોલેજની વિદ્યાર્થીની બહેનો દ્વારા વિવિધ પોષક આહાર, આકર્ષક ઉપયોગી ચીજવસ્તુઓ અને હસ્તકલા ઉત્પાદનોના સ્ટોલ્સ તૈયાર કરવામાં આવ્યા હતા. આ આયોજન દ્વારા વેચાણ કૌશલ્ય અને વ્યવસાયિક દૃષ્ટિકોણ નો



વિકાસ કરવાની સુંદર તક પ્રાપ્ત થઈ. વિદ્યાર્થીની બહેનો માટે આ કાર્યક્રમ 'ફન વિથ લર્ન'ની સંકલ્પનાને સાકાર કરતો સાબિત થયો. કાર્યક્રમના અંતે પ્રાધ્યાપકશ્રી તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરસંકલ્પનાને સાકાર કરતો સાબિત થયો. કાર્યક્રમના અંતે પ્રાધ્યાપકશ્રી તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ભગવતીબેન બી. વડીયાએ આભાર દર્શન કર્યું.

# મહાશિવરાત્રીના મેળાને લઈ અને જાહેર આરોગ્ય જળવાઈ રહે તે માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ જાહેરનામુ બહાર પાડ્યું

નરેન્દ્રદવેજૂનાગઢ

જૂનાગઢ ,તા.૧૦. ભવનાથ તળેટી વિસ્તારમાં મહાશિવરાત્રીનો મેળો તા.૧૧-૨-૨૦૨૬ થી તા.૧૫-૨-૨૦૨૬ દરમિયાન યોજાનાર છે. જેમાં દેશ અને રાજ્યભરમાંથી સ્વયં રીતે ભાવિકો અને સાધુ સંતો જોડાય છે ત્યારે આ મેળા દરમિયાનજાહેરઆરોગ્યનેનુકસાનનથાય તેવા હેતુસર પીવાના પાણી માટે માટે અલગ રાખેલ પાણીમાં ગંદકી ન થાય, જાહેર આરોગ્ય જળવાઈ રહે અને ચેપી રોગોનો ઉદ્ભવ થવા ન પામે તે માટે ભવનાથ વિસ્તાર માંલોકોનેપીવામાટેનુ પાણી દૂષિત થાય તેવા કોઈ પણ કૃત્યો કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે. આ માટે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જૂનાગઢને અને તેમના દ્વારા નિયુક્ત થયેલ કર્મચારીઓને આ કામગીરી માટે દેખરેખ રાખવા અને યોગ્ય પગલાં લેવા માટે અધિકૃત કરવામાં આવે છે.

## સુચારુ ટ્રાફિક નિયમન માટે રસ્તાઓ વન - વે જાહેર કરાયા

જૂનાગઢ તા.૧૦ મહાશિવરાત્રીના મેળા દરમિયાન સુચારૂ રીતે ટ્રાફિક નિયમન થઈ શકે તે માટે જરૂરિયાત મુજબના રસ્તાઓને એક જાહેરનામું પ્રસિદ્ધ કરીને વન-વે જાહેર કરવામાં આવ્યા છે. આ જાહેરનામા મુજબ જીએસઆરટીસીની તમામ મીની બસો ફક્ત ગિરનાર દરવાજા થઈ વાઘેશ્વરી મંદિર પાર્કિંગ ખાતે પીકઅપ અને ડ્રોપ પોઈન્ટ પર જઈ શકશે તેમજ ગિરનાર દરવાજા થઈને જુનાગઢ તરફ જઈ શકશે.પાસ ધરાવતા અથવા પૂર્વ મંજૂરી મેળવેલ વાહનો ભરડાવાવ થી સોનાપુરી ત્રણ રસ્તા થઈ ભવનાથ તળેટીમાં પ્રવેશી શકશે.

## ફટાકડા ફોડવા અને સ્ફોટક પદાર્થોનો ઉપયોગ કરવા પર મનાઈ

જૂનાગઢ તા..૧૦ ભવનાથ તળેટી વિસ્તારમાં મહાશિવરાત્રીનો મેળો તા.૧૧-૨-૨૦૨૬ થી તા.૧૫-૨-૨૦૨૬ દરમિયાન યોજાનાર છે. જેમાં દેશ અને રાજ્યભરમાંથી સ્વયંભુ રીતે ભાવિકો અને સાધુ સંતો જોડાય છે. ત્યારે ભવનાથ તળેટી ખાતે આવેલ મેળાક્ષેત્રમાં અને આજુબાજુ ના જંગલ વિસ્તારમાં પર્યાવરણ અને લોકો ની સલામતી જળવાઈ રહે તે હેતુસર ફટાકડા ફોડવા અને સ્ફોટક પદાર્થોનો ઉપયોગ કરવા મનાઈ ફરમાવવામાં આવે છે. તે મુજબનો પ્રતિબંધ મૂકતુ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી બી.એસ.બારડ દ્વારા જાહેરનામુ બહાર પાડ્યું છે.

## ઉંટગાડી, ઘોડાગાડી, બળદગાડી જેવા વાહનોને જવા માટે પ્રવેશબંધી

જૂનાગઢ તા.૧૦ ભવનાથ તળેટી વિસ્તારમાં મહાશિવરાત્રીનો મેળો તા.૧૧-૨-૨૦૨૬ થી તા.૧૫-૨-૨૦૨૬ દરમિયાન યોજાનાર છે. ત્યારે આ મેળા દરમિયાન ટ્રાફિક નિયમનના હેતુસર ભરડાવાવ-ગિરનાર દરવાજા થી ભવનાથ તરફ જવા માટે ઉંટ ગાડી, ઘોડા ગાડી, બળદ ગાડી જેવા વાહનો માટે તા.૧૧-૨-૨૦૨૬ થી તા.૧૫-૨-૨૦૨૬ સુધીના સમયગાળા દરમિયાન પ્રવેશબંધી ફરમાવવામાં આવી છે. આ માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી બી. એસ.બારડ દ્વારા જાહેરનામુ બહાર પાડી આ પ્રતિબંધ મૂક્યો છે.

# ત્રણ વર્ષની લડત રંગ લાવી

## સુરતની શાળાઓને સફાઈ માટે 3 થી 5 ગણો વધારો : રાકેશ હિરપરા AAP



અમદાવાદ | આમ આદમી પાર્ટીના શિક્ષણપ્રેમી મહામંત્રી રાકેશભાઈ હિરપરાની સતત ત્રણ વર્ષથી ચાલી રહેલી અથાગ મહેનત અને સંઘર્ષના પરિણામે સુરત શહેરની સરકારી શાળાઓને શાળા સફાઈ માટે મળતી ગ્રાન્ટમાં ઐતિહાસિક વધારો કરવામાં આવ્યો છે. આ નિર્ણયથી સુરત શહેરના બે લાખથી વધુ વિદ્યાર્થીઓ અને અનેક સફાઈ કર્મચારીઓને સીધો લાભ મળશે. અત્યાર સુધી સુરત શહેરની સરકારી શાળાઓને શાળા સફાઈ માટે દર મહિને માત્ર 1,000 થી 5,000 રૂપિયાની નજીવી ગ્રાન્ટ મળતી હતી. રાકેશ હિરપરા દ્વારા આ ગ્રાન્ટ વધારવાની સતત માંગણી, રજૂઆતો અને સંઘર્ષના પરિણામે હવે આ ગ્રાન્ટમાં 3 થી 5 ગણો વધારો કરવામાં આવ્યો છે. હવે સુરત શહેરની સરકારી શાળાઓને વિદ્યાર્થી સંખ્યાના આધારે દર મહિને 5,000 થી 15,000 રૂપિયા સુધીની ગ્રાન્ટ મળશે. શિક્ષણ સમિતિના 100 વર્ષના ઇતિહાસમાં પ્રથમ વખત શાળા સફાઈ માટે આટલી મોટી ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે. નોંધનીય બાબત એ છે કે આજે પણ ગુજરાતની અન્ય સરકારી શાળાઓને માત્ર 1,000 થી 5,000 રૂપિયાની જ ગ્રાન્ટ મળે છે, જ્યારે માત્ર સુરત શહેરની સરકારી શાળાઓ માટે જ આ વધારો કરવામાં આવ્યો છે. આ ગ્રાન્ટ વધારાના કારણે શાળાઓમાં સફાઈ વ્યવસ્થા વધુ સઘન બનશે, વિદ્યાર્થીઓને સ્વચ્છ અને આરોગ્યપ્રદ વાતાવરણમાં અભ્યાસ કરવાની સુવિધા મળશે તથા સફાઈ કર્મચારીઓને મળતાં વળતરમાં પણ નોંધપાત્ર વધારો થશે. આ અંગે આમ આદમી પાર્ટીના મહામંત્રી રાકેશ હિરપરાએ જણાવ્યું હતું કે, સુરત શહેરના બે લાખ વિદ્યાર્થીઓ, તેમના માતા-પિતા, તમામ શિક્ષકો અને સફાઈ કર્મચારીઓને હું દિલથી ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

## ભાદર નદીમાં છોડાતું પાણી ઝેરયુક્ત, ખેતરોમાં એક એક ઈંચ કેમિકલના થર જામ્યા: ધાર્મિક માથુકિયા AAP

આજરોજ જેતપુર ખાતે ભાદર નદીમાં છોડવામાં આવતા પ્રદૂષિત પાણીના મુદ્દાને લઈને આમ આદમી પાર્ટી દ્વારા ખેડૂતો તથા જનતાને સાથે રાખી GPCB ઓફિસ પર હલ્લાબોલનો કાર્યક્રમ કરવામાં આવ્યો. આ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટીના પ્રદેશના યુવા નેતા ધાર્મિક માથુકિયા, લોકસભા પ્રમુખ મહેશ કોટડીયા, AAP નેતા દિલીપ ભુવા સહિત આમ આદમી પાર્ટીના હોદ્દેદારો કાર્યકર્તાઓ અને મોટી સંખ્યામાં સ્થાનિક લોકો અને ખાસ કરીને ખેડૂતો જોડાયા હતા. આ મુદ્દે આમ આદમી પાર્ટીના નેતા ધાર્મિક માથુકિયાએ જણાવ્યું હતું કે ભાદર નદીમાં છોડવામાં આવતા પ્રદૂષિત પાણીના લીધે ખેતરના વિસ્તારોમાં એક એક ઇંચના કેમિકલના થર જામી ગયા છે.



## પરીક્ષા પર ચર્ચા કરતા પહેલાં શાળાઓની હકીકત પર ચર્ચા જરૂરી : જયદીપસિંહ ચૌહાણ AAP

અમદાવાદ | અરવલ્લી આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી જયદીપસિંહ ચૌહાણે પત્રકાર પરિષદને સંબોધિત કરતાં જણાવ્યું હતું કે દેશમાં કરોડો રૂપિયાનો ખર્ચ પરીક્ષા પર ચર્ચા જેવા કાર્યક્રમો પાછળ કરવામાં આવે છે, પરંતુ આજે પણ ગુજરાતની શાળાઓમાં મૂળભૂત સુવિધાઓના અભાવ જેવી ગંભીર સમસ્યાઓ યથાવત છે. તેમણે જણાવ્યું કે વિદ્યાર્થીઓ પરીક્ષામાં તણાવમુક્ત રહે તે મહત્વનું છે, પરંતુ તે પહેલાં તેઓ કઈ પરિસ્થિતિમાં અભ્યાસ કરે છે તેની ચર્ચા કરવી વધુ જરૂરી છે. ગુજરાતમાં આજે પણ અનેક એક શિક્ષકવાળી શાળાઓ, શૌચાલય વિનાની શાળાઓ અને ભૌતિક સુવિધાઓના અભાવવાળી શાળાઓ છે. જયદીપસિંહ ચૌહાણે પ્રશ્ન ઉઠાવ્યો કે જ્યારે પ્રધાનમંત્રી કે મુખ્યમંત્રી પોતે વિદ્યાર્થી હતા.

### મહત્વપૂર્ણ વિકાસલક્ષી પહેલોની પ્રગતિની પણ સમીક્ષા કરી

## GM/NFR એ ડાંગતાલ-ન્યૂ કૂચ બિહાર સેક્શનનું વ્યાપક સલામતી નિરીક્ષણ કર્યું



માલીગાંવ | નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે (NFR) ના જનરલ મેનેજર શ્રી ચેતન કુમાર શ્રીવાસ્તવે 12 ફેબ્રુઆરી 2026 ના રોજ અલીપુરદુઆર ડિવિઝન હેઠળ ડાંગતાલ-ન્યૂ કૂચ બિહાર સેક્શનનું વ્યાપક સલામતી નિરીક્ષણ હાથ ધર્યું, જે રેલ્વેના ઓપરેશનલ સલામતી અને માળખાગત વિશ્વસનીયતાને મજબૂત બનાવવાના સતત પ્રયાસોના ભાગ રૂપે હતું. નિરીક્ષણમાં 123 કિલોમીટરનો વિસ્તાર આવરી લેવામાં આવ્યો હતો. નિરીક્ષણ દરમિયાન મુખ્યાલય અને વિભાગના વરિષ્ઠ અધિકારીઓ જનરલ મેનેજર સાથે હતા. નિરીક્ષણ દરમિયાન, જનરલ મેનેજરે ટ્રેકની સ્થિતિ, નાના અને મોટા પુલ, સિગ્નલિંગ અને ટેલિકોમ્યુનિકેશન સિસ્ટમ્સ, ટ્રેક્શન ઇન્સ્ટોલેશન, લેવલ ક્રોસિંગ ગેટ અને સેક્શન સાથે સ્ટેશન ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું વિગતવાર મૂલ્યાંકન કર્યું. નિર્ધારિત સલામતી ધોરણોનું કડક પાલન સુનિશ્ચિત કરવા માટે સલામતી મહત્વપૂર્ણ સંપત્તિઓ, વળાંકો, બિંદુઓ અને ક્રોસિંગ અને ચાલુ જાળવણી કાર્યોની નજીકથી તપાસ કરવામાં આવી હતી. તેમણે રેલવે અધિકારીઓ અને ફ્રન્ટલાઈન સ્ટાફ સાથે પણ વાતચીત કરી, જેથી તેઓ ઓપરેશનલ તૈયારીઓ, સલામતી જાગૃતિ અને સતર્કતાનું મૂલ્યાંકન કરી શકે અને સ્ટેશનો અને કાર્યસ્થળો પર આવશ્યક સલામતી સાધનોની ઉપલબ્ધતા અને સ્થિતિની સમીક્ષા કરી શકે. નિરીક્ષણ કાર્યક્રમના ભાગ રૂપે, કોકરાઝાર, ફકીરાગ્રામ, અલીપુરદુઆર અને ન્યૂ કૂચબિહાર ખાતે સ્ટેશનોનું નિરીક્ષણ કરવામાં આવ્યું. અમૃત સ્ટેશન પહેલ હેઠળ હાથ ધરવામાં આવતા વિકાસલક્ષી કાર્યોની સમીક્ષા મુસાફરોની સુવિધાઓ, સ્ટેશનોના આધુનિકીકરણ અને એકંદર સેવા ગુણવત્તા પર ધ્યાન કેન્દ્રિત કરીને કરવામાં આવી હતી.

## ગાંધીધામથી આદિપુર વચ્ચે 120 કિમી પ્રતિ કલાકની ઝડપે દોડતી ટ્રેન, મહાવીર ચક્ર કેપ્ટન કપિલ સિંહ થાપા એન્જિન સાથે...



અમદાવાદ | પશ્ચિમ રેલવેના ગાંધીધામ-આદિપુર રેલખંડ વચ્ચે ચૌહરીકરણ અને આદિપુર સ્ટેશન પર 'Y' કનેક્ટિવિટીનું કાર્ય પૂર્ણ થઈ ગયું છે. આ રેલખંડનું 9 અને 10 ફેબ્રુઆરી 2026ના રોજ રેલ સુરક્ષા આયુક્ત (CRS) પશ્ચિમ સર્કલ શ્રી ઈ. શ્રીનિવાસ દ્વારા સંરક્ષા નિરીક્ષણ કરવામાં આવ્યું હતું અને 10 ફેબ્રુઆરીએ ગાંધીધામથી આદિપુર વચ્ચે ટ્રેનનું 120 કિમી પ્રતિ કલાકની ઝડપે સ્પીડ ટ્રાયલ સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.ગાંધીધામ-આદિપુર રેલખંડ વચ્ચે ચૌહરીકરણ અને આદિપુર સ્ટેશન પર 'વાય' કનેક્ટિવિટીનું કાર્ય પૂર્ણ થવાથી હાલમાં જ્યાં આ વિસ્તારમાંથી 50થી 60 માલગાડીઓનું સંચાલન આ ક્ષેત્રથી થઈ રહ્યું છે જે વધીને 150 સુધી થઈ જશે અને ટ્રેનો 120 કિમી પ્રતિ કલાકની (મહત્તમ) ઝડપે ચલાવી શકાશે.

## ભારતીય રેલ્વે પહેલી વાર સ્ટેનલેસ સ્ટીલના કન્ટેનર દ્વારા ઔદ્યોગિક મીઠાનું પરિવહન કરશે

અમદાવાદ | પશ્ચિમ રેલવેના ગાંધીધામ ક્ષેત્રેએ માલ પરિવહન ક્ષેત્રમા એક ઐતિહાસિક સિદ્ધિ નોંધાવી છે. વિશ્વમાં પ્રથમ વખત ભારતીય રેલવે દ્વારા સ્ટેનલેસ સ્ટીલ કન્ટેનરમાં ઔદ્યોગિક મીઠાનું સફળ લોડિંગ ગાંધીધામના નીલકંઠ ઝોનમાંથી કરવામાં આવ્યું છે. આ નવીન પહેલ ઔદ્યોગિક થોક માલના સુરક્ષિત, સ્વચ્છ અને ઉચ્ચ કાર્યક્ષમ પરિવહન દિશામાં મહત્વપૂર્ણ માઈલસ્ટોન સાબિત થઈ છે. માનનીય રેલ્વે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવજીએ x પર પોસ્ટ કરીને આ નવીન પહેલ ની પ્રશંસા કરી.આ અવસરે અમદાવાદ મંડળના મંડળ રેલ પ્રબંધક (ડીઆરએમ) એજણાવ્યું કે સ્ટેનલેસ સ્ટીલ કન્ટેનરમાં ઔદ્યોગિક મીઠાનું આ સફળ પરીક્ષણ ભારતીય રેલવેની નવીનતા આધારિત લોજિસ્ટિક્સ રણનીતિનું ઉત્તમ ઉદાહરણ છે.



## પશ્ચિમ રેલવે ચલાવશે અસારવા અને આગ્રા કેન્ટ વચ્ચે વિશેષ ટ્રેન

અમદાવાદ | પશ્ચિમ રેલવે દ્વારા આગામી ફેસ્ટિવલ સીઝન દરમિયાન મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને અસારવા અને આગ્રા કેન્ટ વચ્ચે સ્પેશલ ટ્રેન વિશેષ ભાડા પર ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેની વિગતો નીચે મુજબ છે: ટ્રેન નંબર 01920/01919 અસારવા-આગ્રા કેન્ટ-અસારવા સ્પેશલ (42 ટ્રિપ) ટ્રેન નંબર 01920 અસારવા-આગ્રા કેન્ટ સ્પેશલ 02 માર્ચથી 30 માર્ચ 2026 સુધી (મંગળવાર અને બુધવાર સિવાય) અસારવાથી દરરોજ 14.50 વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે 07.45 વાગ્યે આગ્રા કેન્ટ પહોંચશે. એ જ રીતે, ટ્રેન નંબર 01919 આગ્રા કેન્ટ-અસારવા સ્પેશલ 01 માર્ચથી 29 માર્ચ 2026 સુધી (સોમવાર અને મંગળવાર સિવાય) આગ્રા કેન્ટથી દરરોજ 18.10 વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે



11.10 વાગ્યે અસારવા પહોંચશે. માર્ગમાં બંને દિશામાં આ ટ્રેન હિંમતનગર, શામળાજી રોડ, ડુંગરપુર, સેમારી, જાવર, ઉદયપુર સિટી, રાણા પ્રતાપ નગર, માવલી, ચંદેરિયા, માંડલ ગઢ, બૂંદી, કેશોરાય પાટણ, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, રૂપબાસ અને ફતેહપુર સીકરી સ્ટેશનો પર રોકાશે.

## રામ રાખે તેને કોણ ચાખે..... કહેવતને સાર્થક કરતી કચ્છ 108ની ટીમ

જગદીશ દવે | દેશલપર (ગુંતલી) | જખૌ ગામના સગર્ભા સ્ત્રીયે જોડીયા બાળકો ને જન્મ આપ્યો હતો એમાંથી એક બાળક ૧૨ દિવસે એનાં છેલ્લા શ્વાસ લઈ રહ્યું હોય હેવું લાગતા ઘરના એ તે બાળક ને સારવાર માટે નલિયા હૉસ્પીટલ લઈ ગયા મા તપાસ કરતા જાણવા મળ્યું કે બાળક ના ધબકારા શ્વાસો શ્વાસ ને ઓક્સિજન ઓછું છે અને બાળક માતાનું ધાવણ પણ લઈ સકતું નથી અને કઈ હાવભાવ પણ દેખાતો નથી તો તેને માંથી તેને જી કે જનરલ હોસ્પિટલ ભુજ લઈ જવાનો નિર્ણય કર્યો.

## સંગીત મોક્ષનું સાધન છે :મોરારિબાપુ રામકથાનો છઠ્ઠા દિવસનો સંવાદ

તખુભાઈ સાંડસુર | દ્વારકાના જગત મંદિરની ધજાની છાયામાં અતિથિ ગૃહના પાછળના મેદાનમાં ગવાઈ રહેલી માનસ કૃષ્ણાવતાર રામકથા કૃષ્ણના સત્વ, તત્વ અને મહત્વના સંવાદથી પુર્ણ થઈ.પૂજ્ય મોરારિબાપુ એ આજના કથા ચિંતન અને મુખર કરતાં કહ્યું કે રામ, શિવ, કૃષ્ણ, ભવાની, વિષ્ણુ, સૂર્ય, ગણપતિ હનુમાનજી વગેરેને લાગુ પડે તેવો એક મંત્ર છે.'તમાદિ મધ્યાહન વિસહિનમ્...' બુદ્ધ પુરુષોનું મૌન જગત સમજી શક્યું નથી અને તેણે મુખર થવું પડ્યું છે.

## રાજપીપલામાં માછી યુવક મંડળ અને 28 ગામ માછી સમાજનો સમૂહ લગ્ન મહોત્સવ યોજાયો હતો જેમાં 14 દંપતી લગ્નગ્રંથી થી જોડાયા હતા

રાજપીપલા | પ્રાપ્ત માહિતી મુજબ નર્મદા નદી ના બંને કિનારાના પાટણા , વડખડ , ઓરી , સિસોદરા , નારખડી , વરાછા , કંદરોજ , દરિયાપુર , ચાંદોદ, વરવાળા , સહીત ના 28 ગામ માછી સમાજ ના સમૂહ લગ્ન નું છેલ્લા 35 વર્ષ થી આયોજન થાય છે તે મુજબ આ વર્ષે પણ આયોજન કરવામાં આવ્યું હતું . જેમાં 14 દંપતી લગ્નગ્રંથી થી જોડાયા હતા . 28 ગામ માછી સમાજ ના મહામંત્રી પ્રકાશ માછી ના જણાવ્યા મુજબ વર્તમાન માં મોંઘવારી ને કારણે લગ્નપ્રસન્ગો ખર્ચાળ બનતા જાય છે.

## કચ્છના રણની સફેદ ચાદર વચ્ચે વિકાસની રેખા એટલે 'રોડ ટુ હેવન'

જગદીશ દવે | દેશલપર (ગુંતલી) | સન્ની દેઓલે પોતાના સોશિયલ મીડિયા પર રોડ ટુ હેવન નો ફોટો શેર કર્યો સની દેઓલ નું હંમેશા કચ્છ પ્રત્યે પ્રેમ રહ્યો છે ત્યારે સની દેઓલ જ્યારે કચ્છના મહેમાન બન્યા છે જ્યારે તેમણે તેમનો ફોટો શૂટ કર્યો સોશિયલ મીડિયામાં ત્યારે કચ્છનું પ્રવાસન ને ચાર ચાંદ લાગી ગયા છે અભિતાભ બચ્ચને કહ્યું છે કે કચ્છ નહી દેખા તો કુછ નહી દેખા ક્યારેક ફિલ્મ હીરો સની દેઓલ કચ્છના ધોરડો વાઈટ રણ અને ધોળાવીરા ખાતે ની મુલાકાતથી કચ્છનું પ્રવાસી હબ તરીકે જ્યારે ખૂબ પ્રકાશ પામ્યું છે.

## કચ્છ જિલ્લા સોના ચાંદી મહામંડળની ટીમે ગઈકાલે મુન્દ્રા ખાતેના લુંટના બનાવ માં ઈજાગ્રસ્ત વેપારીની મુલાકાત લીધી

મહેશ એલ.સોની | નખત્રાણા | ગઈકાલે બપોરના સુમારે મુન્દ્રા બારોઈ રોડ પર આવેલી રૂદ્રાક્ષ જ્વેલર્સ નામની પેઢી પર ચાર શખ્સો લૂંટના ઈરાદે આવેલ પણ દુકાન માલિકે પ્રતિકાર કરતા જેમાં એક શખ્સ ઝડપાઈ જવા પામ્યો હતો જેથી અન્ય શખ્સો દ્વારા ત્રણ રાઉન્ડ ફાયરીંગ કરવામાં આવ્યું હતું જોકે આમાં વેપારી પિતા પુત્રનો આ ઘટનામાં ઝપાઝપી દરમ્યાન રૂદ્રાક્ષ જ્વેલર્સના માલિક રાજેન્દ્રભાઈ પાટડિયા તેમજ તેમના પુત્ર વિશાલ પાટડિયા ઈજાગ્રસ્ત થયા હતા.

## સ્વછતા સર્વેક્ષણ ફક્ત કાગળ પર જ નહીં, જમીની સ્તરે થાય તે દિશામાં કામ કરવા વિપક્ષ નેતા પાયલ સાકરિયાની મ્યુનિ.કમિશ્નરને તાકીદ

સુરત | સુરત મહાનગરપાલિકામાં સ્વચ્છતા અને જાહેર આરોગ્યની જાળવણી થકી નાગરિકોને આરોગ્યપ્રદ જીવન પુરૂ પાડવા સુરત શહેરની રહેણાંકની સાંકડી ગલીઓ સહિત ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારોમાંથી સમગ્ર દિવસ દરમ્યાન ઉત્પન્ન થતા ઘન તથા પ્રવાહી કચરાને ઘર આંગણેથી મેળવીને તેનો વૈજ્ઞાનિક પધ્ધતિથી નિકાલ કરવા તેમજ રાત્રે જાહેર રસ્તાઓ પર બ્રશિંગ અને સ્ક્રેપીંગ પછી ઉપસ્થિત થતા કચરાનો નિકાલ કરવા વિવિધ પ્રકારના વાહનો પુરતા સ્ટાફ સહિત ફાળવીને શહેરને સ્વચ્છ અને પ્રદુષણમુકત રાખવા પ્રજાના વેરારૂપી નાણાંમાંથી કરોડો રૂપિયાની ચુકવણીઓ ઈજારદારને કરવામાં આવી રહેલ છે જે ચુકવણીઓ તો સમયસર થાય છે પરંતુ તે ચુકવણીઓ જે કામગીરી પાછળ કરવામાં આવી રહેલ છે તે કામગીરી નિયત કરેલ રૂટ પર સમયસર તેમજ નિયમિતપણે થઈ રહેલ છે કે નહી તે જોવામાં આવી રહેલ નથી. આ મુદ્દે સુરત મહાનગરપાલિકા વિપક્ષ નેતા પાયલ સાકરિયાએ મ્યુનિ. કમિશનરને પત્ર લખી જણાવ્યું હતું કે, હાલમાં શહેરમાં પ્રવર્તમાન ડોર ટુ ડોરની કામગીરી જોતાં આગામી યોજાનાર સ્વચ્છતા સર્વેક્ષણમાં શહેર પાછલા ક્રમે જવાની શક્યતાઓ નકારી શકાતી નથી.

# રતાળુ ના ફાયદાઓ..



\- રુપાલી દવે

જો ગુજરાતીઓના ફેવરિટ ઊંધિયા માં બધા શાક સાથે રતાળુ ન પડ્યું હોય તો ગમે તેટલા ગરમ મસાલા નાખો સ્વાદ પરફેક્ટ આવશે નહી.ટૂંક માં એટલું સમજો કે ઊંધિયાનો સ્વાદ રતાળુ ના વગર અધૂરો છે. કંદ રતાળુ ને એકલા તળીને કે ભજીયા બનાવી ને ખાવાની મજા જ પડશે. ભારત માં બધેય સહેલાઈ થી મળી જતા રતાળુ ને એક પ્રાકૃતિક ઔષધિ માનવામાં આવે છે.અમેરિકા અને એશિયા ખંડ ના વિષુવૃતીય પ્રદેશો માં ભોજન માં રતાળુ નો ઉપયોગ વધારે થાય છે. ભારત કરતા વિદેશમાં ર ત ા ળ ુ, કોળું, શક્કરીયા, બટેટા વગેરે કંદનો ઉપયોગ રૂટિન ભોજન માં વધારે જોવા મળે છે.ગુજરાતમાં સુરતમાં રતાળુ નો પાક સૌથી વધારે થાય છે છતાંય એનો વપરાશ બટેટા કરતા ઓછો છે.

**રતાળુ ની ખેતી :**

સારી નિતાર વાળી રેતાળ ફળદ્રુપ જમીન માં રતાળુ ની ખેતી થતી હોય છે ચૈત્ર વૈશાખ અને અષાઢ મહિનામાં વાવણી કર્યા બાદ પાંચ માસ માં પાક તૈયાર થાય છે. લાલ અને સફેદ રતાળુ ના પાક નો અંદાજે એક એકરે ૪૦૦ મણ ઉત્પાદન પ્રાપ્ત કરી શકાય છે.રતાળુ ની વનસ્પતિ માં કાર્બોહાઈડ્રેટ નું પ્રમાણ વધારે હોય છે એટલે એની વનસ્પતિ નો આકાર નાગર વેલ ના પાન ને મળતો આવે છે. વેલા જમીન પર પથરાઈ જતા હોવાથી એને માંડવા પર ચડાવવા માં આવે છે.

**રતાળુ ના ગુણધર્મ :**

રતાળુ નો મુખ્ય ગુણધર્મ એ સ્નિગ્ધ,ભારે,બળ આપનાર,હદય ના કફ નો નાશ કરનાર અને ઝાડા ને રોકનાર છે.સફેદ રતાળુ અને લાલ રતાળુ બન્નેના ગુણધર્મ અલગ અલગ છે.સફેદ રતાળુ એ મધુર, શીતળ,વૃષ્ય, ભારે અને ખૂબ પૌષ્ટિક હોય છે જ્યારે લાલ રતાળુ એ કફ કરનાર,ભારે અને પેટ માં વાયુ કરે છે પરંતુ વાગ્ભટ્ટે તો રતાળુ ને તીખું,ગરમ તેમજ કફ અને વાયુ મટાડનાર કહ્યું છે.

**પોષક તત્વો:**

આયુર્વેદ નિષ્ણાતો એ રતાળુ ને સ્વાસ્થ્યવર્ધક કંદમૂળ માન્યું છે.રતાળુ એ ફાઈબર,એન્ટીઓક્સીડેન્ટ અને પોટેશિયમ નામના પોષકતત્વો થી ભરપુર હોય છે.રતાળુ ની માફક એની વનસ્પતિ પણ વિટામિન્સ,મિનરલ્સ અને ફાઈબર થી ભરપુર હોવાના લીધે પાલક,સરસવ,મેથી ની ભાજીઓ ની માફક એનો પણ રસોઈમાં ઉપયોગ લેવામાં આવે છે.

**ફાયદાઓ:**

જો ડાયાબિટીસ ના દર્દીઓ એના ખાનપાન માં નિયંત્રણ ન રાખે તો એનું શ્યુગર લેવલ વધી શકે છે.શરીર માં શ્યુગર લેવલ વ ધ ત ા કીડની,હૃદયરોગ,કેલેસ્ટ્રોલ જેવા રોગો નું સહેલાઈ થી આગમન થઈ જતું હોય છે. ડાયાબિટીસ ના દર્દીઓ માટે રતાળુ એ ફાયદાકારક સાબિત થાય છે કેમકે સ્વાદ માં બેસ્ટ રતાળુ માં ગ્લાયકેમિક ઈન્ડેક્સ ખુબજ ઓછો હોય છે. આ કારણોસર શરીર ની અંદર શ્યુગર કંટ્રોલ કરી શકાય છે. બ્લડ પ્રેશર ની સમસ્યા માં રતાળુ અકસીર ઈલાજ છે. જેમનું વજન અને પેટ ની ચરબી કસરત કરતા પણ ઓછી ન થતી હોય તો રાતાળુ માં ઝીરો લેવલ શ્યુગર અને ચરબી નું પ્રમાણ હોવાથી એનું સેવન કરવું જોઈએ. આ ઉપરાંત ભરપુર ફાઈબર ના લીધે રતાળુ ખાધા બાદ લાંબા સમય સુધી ભૂખ લાગતી નથી. વર્તમાન સમયમાં ખાસ કરીને યુવતીઓ ડાયટ નામના શબ્દ ને વધારે ફોલો કરતી હોય છે.ખુદ ને ફિટ રાખવા માટે ઓછું ભોજન અથવા તો નહિવત ભોજન લેતી હોવાના લીધે એનિમિયા નામના રોગ ના જપેટ માં જલ્દી આવી જતી હોય છે. યુવતીઓ માં ચાર દિવસ ના માસિક ધર્મ ને લીધે શરીર માંથી બ્લડ સાથે અગત્ય ના પોષકતત્વો આયર્ન અને ફોલેટ નું પ્રમાણ ઘટી જતું હોય છે. શરીર માં હીમોગ્લોબિન ની ખામી ને લીધે યુવતીઓ અને સ્ત્રીઓ માં નબળાઈ,અશક્તિ અને ચક્કર આવવા વગેરે સમસ્યાઓ જોવા મળે છે. જાંબલી રતાળુ માં આયર્ન અને વિટામિન બી ૬ નું પ્રમાણ ભરપૂર માત્રા મા હોય છે એટલે એનિમિયા નામના રોગ પર કાબુ મેળવી શકાય છે. રતાળુ માં ફાઈબર ની માત્રા ભરપૂર પ્રમાણ માં ઉપલબ્ધ હોવાના લીધે ગેસ,કબજિયાત,એસિડિટી વગેરે પેટ ને લગતા રોગ ની સમસ્યા દૂર થઈ શકે છે.

**રેસીપી :**

**રતાળુ ની પૂરી :**

ફૂડ ફેસ્ટિવલ હોય કે ઉપવાસ નું ફરાળ "રતાળુ" વગર અધૂરું સમજો. ફૂડ ફેસ્ટિવલ માં બધા જ ફૂડ સ્ટોલ કરતા વધારે લાંબી લાઈનો રતાળુ ની પૂરી ના સ્ટોલ પર વધારે જોવા મળશે. એકવાર રતાળુની પૂરી આરોગ્યા બાદ જે બીજી વખત ન ખાય તો સમજો કે એ વ્યક્તિ ને સ્વાદ માં ખબર જ પડતી નથી.રતાળુ ની પૂરી ની માફક રતાળુ ની તળેલી સ્ટીક પણ પૂરી જેટલી જ સ્વાદિષ્ટ લાગે છે. રાતાળુ ની છાલ કાઢીને એકદમ પાતળી ગોળ સ્લાઈસ કરીને એને મીઠા વાળા પાણીમાં પાંચેક મિનિટ રાખીને કોરા કરો. ચણા ના લોટમાં સ્વાદ અનુસાર નમક,જીરું,હિંગ અને ચપટી ખાવાના સોડા નાખી ને મિડીયમ ખીરું એટલે વધારે પડતું પાતળું કે જાડું ન હોવું જોઈએ.ગેસ ની ધીમી આંચે કઢાઈ માં તેલ ગરમ કરો, રતાળુ ની સ્લાઈસ ને ચણા ના લોટ માં બોળી ને તેલ માં તળી લ્યો. રાતાળુ ની ગરમા ગરમ પૂરી પર ચાટ મસાલો ભભરાવી ને એને ટમેટા સોસ સાથે સર્વ કરો. જો રતાળુ ની સ્ટીક બનાવવી હોય તો કટકા ગોળ ને બદલે લંબ ચોરસ એટલે ફ્રેન્ચ ફ્રાઈસ જેવા કરીને કમ સે કમ પાંચ મિનિટ મીઠા વાળા પાણી માં રાખવા. રતાળુ ની સ્લાઈસ ને પાંચ મિનિટ પછી પાણી માંથી બહાર કાઢી ને સાવ કોરી કરી નાખો. ગરમ તેલ માં સ્લાઈસ ને કડક તળી લઈને પ્લેટ પર સર્વ કરતા પહેલા એના પર ચાટ મસાલો ને ભભરાવો.

નોંધ : રતાળુ ના ફાયદાઓ તો અનેકો અનેક છે પરંતુ અસાધ્ય રોગ અથવા તો એલર્જી જેવી ગંભીર સમસ્યા માં ડોક્ટર ની સલાહ બાદ જ ઉપયોગ કરવો. ખાસ કરીને બેઠાડુ જીવન શૈલી ધરાવતા લોકોએ રતાળુ નો વધારે પડતો ઉપયોગ ટાળવો જોઈએ.

## સાપુતારા ચેકપોસ્ટ પર પોલીસનો સપાટો:- 9 લાખથી વધુનો વિદેશી દારૂ નો મુદ્દામાલ જપ્ત

ડાંગ | ડાંગ જિલ્લામાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અને પ્રોહિબિશનના ગુનાઓ નાબૂદ કરવા માટે પોલીસ તંત્ર એક્શન મોડમાં જોવા મળી રહ્યું છે.ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક પૂજા યાદવનાં માર્ગદર્શન હેઠળ સાપુતારા પોલીસ દ્વારા સરહદીય ચેકપોસ્ટ પર સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવવામાં આવી છે.સાપુતારા પોલીસ ચેકપોસ્ટ પર ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર બી.બી. પટેલ, એ. એસ.આઈ. સંજયભાઈ ભોયે,અને તેમની ટીમ દ્વારા વાહન ચેકિંગની કામગીરી ચાલી રહી હતી.

## પાજનાકા પુલથી ખાખ સુધીનો રસ્તો વાહનો માટે નો-પાર્કિંગ ઝોન જાહેર

નરેન્દ્ર દવે | જૂનાગઢ | જૂનાગઢ તા.૧૦. મહાશિવરાત્રીના મેળા દરમિયાન દામોદર કુંડ પાસે દર્શનાર્થીઓની ખૂબ ભીડ રહેતી હોય, જેથી અકસ્માત નિવારણ અને ટ્રાફિક નિયમનના હેતુસર પાજનાકા પુલથી ખાખચોક સુધીના રસ્તામાં વચ્ચે કોઈપણ જગ્યાએ વાહનો ઊભા ન રહે કે આ સ્થળોએથી પેસેન્જર રીક્ષા પેસેન્જર ચડાવ કે ઉતાર ન કરે તે માટે પાજ નાકા પુલથી ખાખચોક સુધીનો રસ્તો વાહનો માટે એક જાહેરનામું પ્રસિદ્ધ કરીને નો-પાર્કિંગ સ્થળ જાહેર કરવામાં આવે છે.

## હાઈવે ઓથોરિટી તથા સંબંધિત વિભાગોની બેદરકારીને કારણે માર્ગમાં ખાડા.

ડાંગ | ડાંગ જિલ્લાના ગિરિમથક સાપુતારાને જિલ્લા મુખ્યમથક આહવા સાથે જોડતો રાષ્ટ્રીય ધોરીમાર્ગ હાલમાં પોતાની અત્યંત દયનીય સ્થિતિને કારણે "હાઈવે" કરતાં વધુ "ખાડા માર્ગ" તરીકે ઓળખાઈ રહ્યો છે.સાપુતારાથી સામગહાન-ગલકુંડ માર્ગે આહવા સુધીના આશરે 40 કિમી લાંબા માર્ગ પર ઠેરઠેર ડામર સપાટી ઉખડી જતા મોટા-મોટા ખાડાઓ સર્જાયા છે, સાપુતારા-આહવા રાષ્ટ્રીય ધોરી માર્ગ બિસ્માર જેના કારણે રોજિંદા મુસાફરી કરતા વાહનચાલકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

## રાજુલાની કાન્હા વિશ્વ વિદ્યાલયની ધોરણ ૧થી ૮ની માન્યતા રદ, તમામ વર્ગો બંધ કરવાનો હુકમ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ શિક્ષણ એ સમાજનું મજબૂત આધારસ્તંભ છે. શિક્ષણ સંસ્થાઓ ઉપર સમાજનો અઢળક વિશ્વાસ ટકેલો હોય છે. જ્યારે કોઈ શૈક્ષણિક સંસ્થા આ વિશ્વાસને ભંગ કરે, નિયમોનો ઉલ્લંઘન કરે અને ખોટા દસ્તાવેજોના આધારે શિક્ષણ કાર્ય ચલાવે, ત્યારે માત્ર વિદ્યાર્થીઓનું ભવિષ્ય જ નહીં પરંતુ સમગ્ર શિક્ષણ વ્યવસ્થાની વિશ્વસનીયતા પણ સંકટમાં મુકાઈ જાય છે. રાજુલા શહેરમાં આવેલી કાન્હા વિશ્વ વિદ્યાલય સામે લેવામાં આવેલ તાજેતરની કાર્યવાહી આવા જ એક ગંભીર કેસ તરીકે સામે આવી છે.

## માધાપર ખાતે શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ ઉપક્રમે મહા શિવરાત્રિ મહોત્સવનું કરાયું આયોજન

મહેશ એલ. સોની | નખત્રાણા | શ્રી માધાપર મારૂ કંસારા સોની જ્ઞાતિ દ્વારા મહા શિવરાત્રી પર્વની ઉમંગભેર ઉજવણી કરવામાં આવનાર છે.આ અંગે માહિતી આપતા જ્ઞાતિ પ્રમુખ શ્રી બિપિનભાઈ પરમાર તેમજ મહિલા મંડળ પ્રમુખ શ્રીમતિ કામિનીબેન બારમેડાએ જણાવ્યું હતું કે આગામી તા.૧૫ ફેબ્રુઆરી ના રોજ મહાશિવરાત્રિ પર્વ નિમિતે શ્રી કાર્તિકેશ્વર મંદિરનો છઠ્ઠો પાટોત્સવ ધામધૂમથી ઉજવાશે જેમાં સવારે ૮:૦૦ કલાકે હવન - પૂજન, ૧૦:૩૦ કલાકે જ્ઞાતિ મહિલા મંડળ દ્વારા શિવસ્ત્રોત્રમ્ મહિમા, બપોરે ૧૨:૧૫ કલાકે ભવ્ય મહાઆરતી સહિત કાર્યક્રમ યોજવામાં આવશે.

## સંદિપ સાંગલેના અધ્યક્ષતામાં SIR કાર્યક્રમ અંતર્ગત ચાલી રહેલી કામગીરીની સમીક્ષા બેઠક યોજાઈ

રાજપીપલા | ભારતીય ચૂંટણી પંચ દ્વારા હાથ ધરાયેલા મતદારયાદી સુધારણા કાર્યક્રમ (Special Intensive Revision - SIR) અંતર્ગત નર્મદા જિલ્લામાં ચાલી રહેલી કામગીરીની અર્થે જિલ્લાના રોલ ઓબ્ઝર્વર IAS સંદીપ સાગલે ના, અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી ખાતે સમીક્ષા બેઠક યોજાઈ હતી. જિલ્લા કલેક્ટર કચેરી નર્મદા ખાતે આયોજિત સમીક્ષા બેઠકમાં રોલ ઓબ્સર્વર સંદીપ સાગલેએ સર્વ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) સંદર્ભે પ્રશ્નો અને સમસ્યાઓ વિશે ચર્ચા કરવામાં આવી હતી.



# કચ્છની શાંતિમાં સનીપાજી ખોવાયા...!

## કરોડોની કાર અને સફેદ રણમાં 'રોડ ટુ હેવન'ની સફર...

(એજન્સી) મુંબઇ | તા.10

બોલિવૂડ સુપરસ્ટાર સની દેઓલ હાલમાં તેના કરિયરના સુવર્ણ તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે. 'બોર્ડર ૨' ની ભવ્ય સફળતાનો આનંદ માણી રહેલા સનીએ તાજેતરમાં તેના કચ્છ પ્રવાસની કેટલીક ઝલક સોશિયલ મીડિયા પર શેર કરી છે.કચ્છની શાંતિમાં ખોવાયો સની દેઓલ સની દેઓલે ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો છે, જેમાં તે પોતાની કાર પાસે ઊભો રહીને કચ્છના વિશાળ રણ અને આકાશના સુંદર રંગોને નિહાળી રહ્યો છે. તેણે આ પોસ્ટને 'Road to heaven. Kutch' એવું કેપ્શન આપ્યું છે. આ વીડિયોમાં કુદરતની શાંતિ અને સનીનો ગંભીર અંદાજ ચાહકોને ખૂબ પસંદ પડી રહ્યો છે.

'બોર્ડર 2' બોક્સ ઓફિસ કલેક્શન: 300 કરોડ ક્લબમાં એન્ટ્રી ફિલ્મ ટ્રેડ વેબસાઈટ સેકનિલ્કના જણાવ્યા અનુસાર, 18મા દિવસે ફિલ્મે 1.03 કરોડની કમાણી કરી છે. જોકે હિન્દી ઓક્યુપન્સી ઓછી રહી છે, પરંતુ એકંદરે પરફોર્મન્સ શાનદાર છે.

'બોર્ડર 2'ની સ્ટોરી 1971ના ભારત-પાકિસ્તાન યુદ્ધ પર આધારિત 'બોર્ડર 2' ની સફળતા જેપી દત્તાની 1997માં આવેલી આઈકોનિક ફિલ્મ 'બોર્ડર' ની સિક્વલ 'બોર્ડર ૨' હાલમાં ચર્ચામાં છે. 1971ના ભારત-પાકિસ્તાન યુદ્ધ પર આધારિત આ ફિલ્મનું નિર્દેશન અનુરાગ સિંહ દ્વારા કરવામાં આવ્યું છે અને તેને ભૂષણ કુમાર તથા નિધિ દત્તા દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી છે.

લાહોર 1947'માં જોવા મળશે નવો ઈતિહાસ સની દેઓલની આગામી ફિલ્મ 'લાહોર 1947' 13 ઓગસ્ટના રોજ રિલીઝ થવાની તૈયારીમાં છે. આ ફિલ્મની સૌથી મોટી ખાસિયત એ છે કે તેમાં સની દેઓલ, દિગ્દર્શક રાજકુમાર સંતોષી અને પ્રોડ્યુસર તરીકે આમિર ખાન પહેલીવાર સાથે કામ કરી રહ્યા છે.

આમિર ખાને જણાવ્યું કે આ સ્ક્રિપ્ટ ધર્મેન્દ્રજીની ફેવરિટ હતી. આ ફિલ્મ અસગર વજાહતના નાટક 'જિસ લાહોર નઈ દેખ્યા, ઓ જમ્યાઈ નઈ' પર આધારિત હોવાનું મનાય છે. વાર્તા ભારત-પાકિસ્તાનના વિભાજન સમયની છે, જેમાં એક હિન્દુ પરિવાર લાહોરથી ભારત આવે છે અને તેમને એક મુસ્લિમ પરિવારની હવેલી ફાળવવામાં આવે છે, પરંતુ ત્યાં એક વૃદ્ધ મુસ્લિમ મહિલા હજુ પણ રહેતી હોય છે. આ ફિલ્મમાં પ્રીટિ ઝિન્ટા, શબાના આઝમી અને કરણ દેઓલ પણ મહત્વની ભૂમિકામાં છે, જ્યારે સંગીત એ.આર. રહેમાનનું છે.

**ઓપનિંગ વીકેન્ડ**
**224.25 કરોડ**

**ભારતમાં કુલ કમાણી**
**300 કરોડ**

**વર્લ્ડવાઈડ ગ્રોસ કલેક્શન:**
**458.16 કરોડ**

'બોર્ડર 2'ની સ્ટોરી 1971ના ભારત-પાકિસ્તાન યુદ્ધ પર આધારિત 'બોર્ડર 2' ની સફળતા જેપી દત્તાની 1997માં આવેલી આઈકોનિક ફિલ્મ 'બોર્ડર' ની સિક્વલ 'બોર્ડર ૨' હાલમાં ચર્ચામાં છે.

**News Brief**

## ગોવિંદાએ દીકરાના કરિયરને સપોર્ટ ન કર્યો...?




ગોવિંદા આ દિવસોમાં પોતાના અંગત જીવનને લઈને ચર્ચામાં છે. તાજેતરમાં તેણે એ આરોપો પર પ્રતિક્રિયા આપી હતી, જેમાં કહેવામાં આવ્યું હતું કે તેણે પોતાના પુત્રના કરિયરને સપોર્ટ કર્યો નથી. આના પર ગોવિંદાએ કહ્યું, હું ફિલ્મો અને સંબંધોમાં નિષ્ફળ રહ્યો છું. મેં મારા પરિવાર માટે રાજકારણ છોડી દીધું હતું, કારણ કે હું નહોતો ઈચ્છતો કે મારા કોઈ પણ દ્વેષની અસર મારા પરિવારના જીવન પર પડે, ખાસ કરીને મારા બાળકો પર. હું ફક્ત મારા બાળકો માટે બહાર આવ્યો હતો.

મેં સાજિદ નાડિયાડવાલાને મારા પુત્રને માર્ગદર્શન આપવા કહ્યું હતું. સાજિદે યશવર્ધનને ફિલ્મ મેકિંગના અલગ-અલગ પાસાં શીખવવામાં મદદ પણ કરી. મને વધારે કંઈ પૂછવામાં આવ્યું નહોતું. ઘરમાં એવું વાતાવરણ હતું કે હું ફિલ્મો અને સંબંધોમાં નિષ્ફળ છું.

એક્સ્ટ્રા મેરિટલ અફેરના આરોપો પર ગોવિંદાએ પ્રતિક્રિયા આપતા કહ્યું કે, જે લોકો મારા પર પ્રેમ સંબંધોને લઈને આરોપ લગાવી રહ્યા છે, તે ખોટા છે. મેં ચાર સુપરસ્ટાર્સ અને મિસ યુનિવર્સ રહી ચૂકેલી એક્ટ્રેસ સાથે કામ કર્યું છે, પરંતુ મેં ક્યારેય કોઈની તરફ ખોટી નજરથી જોયું નથી. મારી કોઈ પણ હીરોઈન એવું કહી શકતી નથી કે મેં તેને પરેશાન કરી હોય કે કોઈના માટે અપશબ્દો કહ્યા હોય.

## 'પરવાનગી નથી જોઈતી, હું CM સાહેબ સાથે વાત કરી લઈશ...'



મહાકુંભમાં વાઈરલ ગર્લ મોનાલિસા પોતાની ફિલ્મ 'ધ ડાયરી ઓફ મણિપુર'નું ટ્રેલર આજે પ્રયાગરાજ માઘ મેળામાં લોન્ચ કરશે. પરંતુ માઘ મેળા પ્રશાસને ફિલ્મના ટ્રેલરના લોન્ચિંગની પરવાનગી આપી નથી.

પ્રશાસને કહ્યું- પોલીસ વિભાગનો જે રિપોર્ટ આવ્યો છે. તે મુજબ, અત્યંત ભીડ અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને તમને પરવાનગી મળી શકશે નહીં. 15 ફેબ્રુઆરી પછી ભીડ ઓછી થશે. ત્યારે તમને પરવાનગી મળી જશે. ફિલ્મ ડિરેક્ટર સનોજ મિશ્રાએ કહ્યું- કોઈ વાંધો નહીં, મારે પરવાનગી નથી જોઈતી. હું કાલે સીએમ સાહેબ સાથે વાત કરીશ. મારા વિરુદ્ધ કયો રિપોર્ટ આવ્યો છે. શું હું આતંકવાદી છું. હું દેશ માટે કામ કરી રહ્યો છું. સનાતન ધર્મ માટે કામ કરી રહ્યો છું. આ તો ખૂબ ખોટું છે.

મહાકુંભમાં ચર્ચામાં આવેલી મોનાલિસાએ એક દિવસ પહેલા પોતાનો વીડિયો જાહેર કરીને કહ્યું- આજે હું પ્રયાગરાજ આવી રહી છું. ફિલ્મના ટ્રેલરની લોન્ચિંગ મારા માટે કોઈ સપનાથી ઓછી નથી. તેમણે કહ્યું- એક વર્ષ પહેલા ગંગા મૈયા અને આપ સૌના આશીર્વાદથી હું અહીં સુધી આવી છું. આપ સૌ પોતાનો પ્રેમ અને આશીર્વાદ જાળવી રાખજો.

ફિલ્મ ડિરેક્ટર બોલ્યા- હું સનાતન માટે કામ કરી રહ્યો છું 'ધ ડાયરી ઓફ મણિપુર' ફિલ્મના ડિરેક્ટર સનોજ મિશ્રાએ કહ્યું- મેં જે કેમ્પસ પસંદ કર્યું છે ત્યાં 2 થી વધુ માણસો નહીં મળે. ફક્ત મીડિયાના લોકો આવશે. 50 થી વધુ માણસો નહીં આવે. હું તો એટલા માટે આવી રહ્યો છું .


## 'કોઈપણ ફિલ્મથી પ્રેરિત નથી 'ગોલમાલ 5': કહ્યું- સમાચાર ખોટા છે

ફિલ્મ 'ગોલમાલ 5' સતત ચર્ચામાં રહી છે. ફિલ્મની સ્ટોરીને લઈને સોશિયલ મીડિયા પર અનેક પ્રકારના અહેવાલો સામે આવી રહ્યા હતા. એવું કહેવામાં આવી રહ્યું હતું કે આ ફિલ્મ 'દો ઔર દો પાંચ'થી પ્રેરિત છે. આ દરમિયાન, હવે નિર્દેશક રોહિત શેટ્ટીએ આ અટકળો પર પૂર્ણવિરામ મૂકતા સ્પષ્ટ કર્યું છે કે 'ગોલમાલ 5' કોઈ પણ ક્લાસિક બોલિવૂડ ફિલ્મથી પ્રેરિત નથી અને આવા સમાચાર સંપૂર્ણપણે પાયાવિહોણા છે.

રોહિત શેટ્ટીએ સત્તાવાર નિવેદન જારી કરતા કહ્યું કે, અમે ઓનલાઈન અને ડિજિટલ મીડિયા પ્લેટફોર્મ્સ પર ચાલી રહેલા કેટલાક સમાચારો અંગે સ્પષ્ટતા કરવા માંગીએ છીએ, જેમાં કહેવામાં આવી રહ્યું છે કે ગોલમાલ 5 ફિલ્મ 'દો ઔર દો પાંચ'થી પ્રેરિત છે અથવા તેના પર આધારિત છે.

અમે સ્પષ્ટપણે કહેવા માંગીએ છીએ કે આ તમામ અહેવાલો ખોટા, ભ્રામક અને સંપૂર્ણપણે અસત્ય છે. અમે તમામ મીડિયા હાઉસ, પ્રકાશનો, પોર્ટલ અને ડિજિટલ પ્લેટફોર્મ્સને સખત વિનંતી કરીએ છીએ કે તે અપુષ્ટ માહિતી પ્રકાશિત કે પ્રસારિત ન કરે.નિવેદનમાં આગળ જણાવાયું કે, રોહિત શેટ્ટી અથવા ગોલમાલ 5 સંબંધિત કોઈપણ સમાચાર, અપડેટ અથવા સ્પષ્ટતા પ્રકાશિત કરતા પહેલા તેને અમારા અથવા અમારા સત્તાવાર પીઆર પ્રતિનિધિ - યુનિવર્સલ કમ્યુનિકેશન્સ દ્વારા ચોક્કસપણે ચકાસવામાં આવે. જો આમ કરવામાં નહીં આવે, તો કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે. અમે બધા પાસેથી અપેક્ષા રાખીએ છીએ કે તે પત્રકારત્વની સત્યતા અને જવાબદારી જાળવી રાખે. આ ઉપરાંત, જે પણ ખોટા સમાચાર હાલમાં ચાલી રહ્યા છે, તેમને જલદીથી જલદી સુધારવામાં આવે અથવા હટાવવામાં આવે.

## રોહિત શેટ્ટી ફાયરિંગ કેસ : હુમલાખોરોના નિશાના પર હતા નિર્દેશક



(એજન્સી) મુંબઇ | તા.10

ફિલ્મ નિર્દેશક રોહિત શેટ્ટીના મુંબઈ સ્થિત ઘરની બહાર 31 જાન્યુઆરીએ પાંચ રાઉન્ડ ફાયરિંગની ઘટના સામે આવી હતી, જેના પછી મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ આ મામલાની તપાસમાં લાગેલી છે. તપાસ દરમિયાન એ ખુલાસો થયો છે કે આ ફાયરિંગમાં રોહિત શેટ્ટી જ હુમલાખોરોનું મુખ્ય નિશાન હતા.

આ મામલામાં પોલીસે 5 ફેબ્રુઆરીએ આરોપી આસારામ ફસાલેની ધરપકડ કરી હતી. પોલીસ તપાસ મુજબ, આસારામ ફસાલે છેલ્લા ચાર વર્ષથી ગેરેજ મિકેનિક તરીકે કામ કરી રહ્યો હતો અને લોરેન્સ ગેંગ સાથે જોડાયેલો હતો. તે ગેંગના માસ્ટરમાઈન્ડ શુભમ લોંકરના નિર્દેશ પર હથિયારોની સપ્લાય કરતો હતો.

આ કેસમાં પહેલાથી ધરપકડ કરાયેલા ચાર આરોપીઓમાંથી આસારામ ફસાલેની સીધી ઓળખ સ્વપ્નિલ સકટ સાથે હતી, જે શુભમ લોંકર દ્વારા કરાવવામાં આવી હતી. જણાવવામાં આવી રહ્યું છે કે લોંકરના નિર્દેશ પર ફસાલેએ જ સકટને હથિયારો પૂરા પાડ્યા હતા, જેને બાદમાં એક અજાણ્યા શૂટર સુધી પહોંચાડવામાં આવ્યા. આ જ હથિયારોનો ઉપયોગ ફાયરિંગની ઘટનામાં કરવામાં આવ્યો હતો. ક્રાઈમ બ્રાન્ચને એ પણ જાણકારી મળી છે કે આસારામના ગેંગ સાથે જોડાયેલા હોવાની જાણ તેના કેટલાક નજીકના લોકોને હતી. જોકે, તે લોકો કોણ છે અને શું તેમનો પણ લોરેન્સ ગેંગ સાથે કોઈ સીધો સંબંધ છે, તે એંગલથી પોલીસ હવે તપાસ કરી રહી છે.

## 'મહેમૂદે ખુલ્લેઆમ મારો ફાયદો ઉઠાવ્યો': અરુણા ઈરાનીનો વર્ષો પછી મોટો ખુલાસો

(એજન્સી) મુંબઇ | તા.10


અરુણા ઈરાની ભારતીય સિનેમાનાં સૌથી ચર્ચિત એક્ટ્રેસિસમાંના એક છે. તેમણે પોતાના કરિયરમાં 500થી વધુ ફિલ્મોમાં કામ કર્યું છે. અરુણા પ્રોફેશનલ લાઈફ ઉપરાંત પોતાની પર્સનલ લાઈફને લઈને પણ ઘણા ચર્ચામાં રહે છે. હાલમાં જ તેમણે મહેમૂદ સાથેના પોતાના સંબંધો પર ખૂલીને વાત કરી.

હાલમાં જ 'ઝૂમ' (એન્ટરટેઈનમેન્ટ વેબસાઈટ)ને આપેલા એક ઈન્ટરવ્યુમાં અરુણા ઈરાનીએ ફિલ્મોમાં કામ કરવાની તક આપવા બદલ મહેમૂદને શ્રેય આપ્યો. તેમણે કહ્યું કે, તેમનો સંબંધ એક પ્રકારના અહેસાન અને મજબૂરીના ભાવથી બન્યો હતો.

તેમણે કહ્યું, 'મહેમૂદજીએ મને સૌથી પહેલા કામ આપ્યું. અમારો સંબંધ એક પ્રકારના અહેસાન અને મજબૂરીના ભાવથી બન્યો અને આ જ કારણ હતું કે આવું થયું. પછીથી મહેમૂદજી તેમના અન્ય પ્રોજેક્ટ્સમાં ચાલ્યા ગયા અને હું અલગ શોમાં વ્યસ્ત થઈ ગઈ. ત્યારે મને એવું લાગવા માંડ્યું કે, તેઓ મારો ખુલ્લેઆમ ફાયદો ઉઠાવી રહ્યા હતા.'

'મેં જે કર્યું, તે મજબૂરી અને જરૂરિયાતને કારણે કર્યું, એટલે હું તેમને એકલા દોષી ઠેરવવા માંગતી નથી. હું પણ તેને સમર્થન આપતી રહી. પછીથી ફરી આ સંબંધ પૂરો થઈ ગયો.' આ જ ઈન્ટરવ્યુમાં અરુણા ઈરાનીએ મહેમૂદ સાથેના તેમના લગ્નને લઈને લાંબા સમયથી ચાલી આવતી અફવાઓ પર પણ પ્રતિક્રિયા આપી. અરુણાએ કહ્યું, 'તેમણે કહ્યું હતું કે તેઓ મારી સાથે લગ્ન કરશે, પણ એવું થયું નહીં. પાછળ વળીને જોયું તો, આ મારા માટે સારું જ હતું. તેઓ પહેલાથી જ બે વાર લગ્ન કરી ચૂક્યા હતા અને ત્રીજી વાર પણ કરી શકતા હતા, પણ મને લાગે છે કે, મારું નસીબ સારું હતું. જે થયું તે ખોટું હતું.'

## 'હૈ જવાની તો ઈશ્ક હોના હૈ'માં વરુણની ડબલ ધમાલ! બે અલગ ભૂમિકા ભજવશે



(એજન્સી) મુંબઇ | તા.10

વરુણ ધવન આ દિવસોમાં ગંભીર પાત્રો અને હળવી કોમેડી વચ્ચે સંતુલન જાળવી રહ્યો છે. 'બોર્ડર 2' થી તેણે પોતાની અભિનય ક્ષમતાનો વિસ્તાર કર્યો છે, જ્યારે 'હૈ જવાની તો ઇશ્ક હોના હૈ' દ્વારા તે ફરી એકવાર તે જ માસ ઓડિયન્સ સાથે જોડાશે.

આ ફિલ્મથી વરુણ ફરી એકવાર પોતાના મૂળ તરફ પાછો ફરતો દેખાઈ રહ્યો છે. 'હૈ જવાની તો ઈશ્ક હોના હૈ' એક શુદ્ધ મસાલા કોમેડી છે, જેને તેના પિતા અને કોમેડી કિંગ ડેવિડ ધવન ડિરેક્ટ કરી રહ્યા છે. 'મૈં તેરા હીરો', 'જુડવા 2' અને 'કુલી નંબર 1' પછી આ પિતા-પુત્રની ચોથી ફિલ્મ હશે, જેનાથી દર્શકોને ફરી એકવાર ક્લાસિક ડેવિડ સ્ટાઈલ એન્ટરટેઈનમેન્ટની અપેક્ષા છે. આ ફિલ્મ 5 જૂને સિનેમાઘરોમાં રિલીઝ થશે.

ફિલ્મમાં પૂજા હેગડે અને મૃણાલ ઠાકુર પણ મુખ્ય ભૂમિકાઓમાં છે, જ્યારે મૃણાલનો તાજેતરનો 'પ્રેગ્નન્ટ લુક' ફિલ્મની વાર્તામાં મોટા ટ્વિસ્ટનો સંકેત આપે છે. મૃણાલ પાસે આવનારા સમયમાં ઘણા મોટા પ્રોજેક્ટ્સ છે. તે ટૂંક સમયમાં 'દો દીવાને સહેર મેં'માં જોવા મળશે. તેમાં તેની સાથે સિદ્ધાંત ચતુર્વેદી છે. આ ફિલ્મને સંજય લીલા ભણસાલી પ્રોડ્યુસ કરી રહ્યા છે.

વાર્તા એક એવા યુવકની આસપાસ ફરે છે, જેની પ્રેમ કહાણી દર વખતે નિષ્ફળ જાય છે અને પછી તેને નસીબ બદલવા માટે મદદ મળે છે. રસપ્રદ વાત એ છે કે વરુણ આ ફિલ્મમાં ડબલ રોલમાં જોવા મળશે. એક તરફ બોય-નેક્સ્ટ-ડોર લુક, તો બીજી તરફ વધુ મેચ્યોર અવતાર. 90ના દાયકાના મ્યુઝિકલ વાઈબ અને રાજપાલ યાદવ, જોની લીવર, ચંકી પાંડે અને મનીષ પોલ જેવા મજબૂત સપોર્ટિંગ કલાકારો ફિલ્મને સંપૂર્ણ ફેમિલી એન્ટરટેઈનર બનાવવાની તૈયારીમાં છે.

ફિલ્મનું શૂટિંગ ઋષિકેશ, લંડન અને સ્કોટલેન્ડ જેવા ભવ્ય લોકેશન્સ પર કરવામાં આવ્યું છે. ઋષિકેશમાં ગંગા આરતી અને રિવર રાફ્ટિંગ સિક્વન્સથી લઈને યુરોપની સડકો પર પાર્ટી સોંગ સુધી, મેકિંગમાં મોટા પાયે રોકાણ કરવામાં આવ્યું છે.

## સની દેઓલની 'લાહોર 1947'ની રિલીઝ ડેટ જાહેર

### પ્રોડ્યુસર આમિર ખાને કહ્યું, 'આ ધરમજીની મનપસંદ સ્ક્રિપ્ટ હતી, કાશ તેઓ આ ફિલ્મ જોઈ શક્યા હોત'

(એજન્સી) મુંબઇ | તા.10

આમિર ખાન પ્રોડક્શન્સે પોતાની અપકમિંગ પીરિયડ ડ્રામા ફિલ્મ 'લાહોર 1947'ની થિયેટ્રિકલ રિલીઝ ડેટની જાહેરાત કરી દીધી છે. આ ફિલ્મ ઈન્ડિપેન્ડન્સ ડે વીક દરમિયાન એટલે કે 13 ઓગસ્ટ 2026ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે.

'લાહોર 1947'માં પહેલીવાર સની દેઓલ, ડિરેક્ટર રાજકુમાર સંતોષી અને પ્રોડ્યુસર આમિર ખાન એકસાથે જોવા મળશે. આમિર ખાને કહ્યું, 'આ ધરમજીની સૌથી પસંદીદા સ્ક્રિપ્ટ્સમાંથી એક હતી અને મને ખૂબ ખુશી થાત જો તેઓ આ ફિલ્મ જોઈ શક્યા હોત.'

નોંધનીય છે કે, 'લાહોર 1947'માં સની દેઓલ, શબાના આઝમી, પ્રીટિ ઝિન્ટા અને કરણ દેઓલ મુખ્ય ભૂમિકાઓમાં જોવા મળશે. સની દેઓલનો દીકરો કરણ દેઓલ પણ આ ફિલ્મમાં એક મહત્વપૂર્ણ પાત્ર ભજવતો જોવા મળશે. ફિલ્મનું સંગીત એઆર રહેમાને આપ્યું છે અને ગીતો જાવેદ અખ્તરે લખ્યા છે.

ડિરેક્ટર રાજકુમાર સંતોષી અને સની દેઓલની જોડીએ અગાઉ પણ 'ઘાયલ', 'ઘાતક' અને 'દામિની' જેવી યાદગાર ફિલ્મો આપી છે. હવે ઘણા વર્ષો પછી આ જોડી ફરીથી સાથે આવી રહી છે, જેનાથી અપેક્ષાઓ વધુ વધી ગઈ છે. 1947ના સમયગાળાને જીવંત કરતી આ ફિલ્મ દેશભક્તિ અને વીરતાનું એક નવું ઉદાહરણ પૂરું પાડી શકે છે.

છેલ્લી વાર સની દેઓલ 'બોર્ડર 2'માં જોવા મળ્યો હતો. વર્લ્ડવાઈડ 440 કરોડનું કલેક્શન કરીને આ ફિલ્મ આ વર્ષની સૌથી મોટી ફિલ્મ બની ગઈ છે. 'બોર્ડર' પછી રાની મુખર્જીની ફિ લ્મ 'મર્દાની 3' રિલીઝ થઈ હતી.



## મનોરંજન નહીં, માહિતી પણ, પૉપ સંગીતનું બદલતું લેવલ

### સ્વિફ્ટની અપીલથી લાખો મતદારો એકઠા થયા, મહિલાઓનો અવાજ બની બિયોન્સે

ન્યૂ યોર્ક | પૉપ-કલ્ચર પહેલાં ટ્રેન્ડ ફોલો કરતું હતું, પરંતુ 2026ની દુનિયામાં ટ્રેન્ડ એ જ બને છે જેને ટેલર સ્વિફ્ટ અને બિયોન્સે સ્પર્શી લે છે. તે માત્ર ગીતના જમાનો નથી બદલી રહ્યાં, તે નક્કી કરી રહ્યાં છે કે સમાજ કયા મુદ્દાઓ પર વાત કરશે. રાજકારણ, ઓળખ અને જાતિ જેવા મુદ્દાઓ પર આજે ચર્ચા કઈ દિશામાં જશે, તે આ કલાકારોના અવાજથી નક્કી થાય છે. તેના એક નિર્ણયથી શહેરોની અર્થવ્યવસ્થા બદલાઈ જાય છે. ડિજિટલ સમુદાયો સક્રિય થાય છે અને ઈન્ડસ્ટ્રી પોતાના નિયમો ફરીથી લખવા મજબૂર થઈ જાય છે. આ જ કારણ છે કે આ સમયે પૉપ-કલ્ચરને સમજવું એટલે આ બે કલાકારોના પ્રભાવને સમજવું.

2016ના આલ્બમ 'લેમનેડ'થી સાબિત કરી દીધું કે પૉપ માત્ર ટ્યૂન નથી, ઈતિહાસ અને ઓળખ પણ હોઈ શકે છે. જાતિ, સ્ત્રી-શક્તિ અને પરિવારના રાજકારણ જેવા ગંભીર વિષયોને તેણે એવી રીતે ગૂંથ્યા કે આખું અમેરિકા સાંભળવા મજબૂર થયું.

ચેમ્પિયનશિપ મેચ સુપર બોલ 2016માં બિયોન્સેના 'બ્લેક પેન્થર'-સ્ટાઈલ પ્રદર્શને તેને કલાકારથી આગળ, એક સાંસ્કૃતિક આઈકન બનાવી દીધા. તેની 'બેહાઈવ' ઓનલાઈન કોમ્યુનિટી વાતને ઝડપથી ફેલાવે છે. શરીર-છબી, માતૃત્વ અને સત્તા જેવા મુદ્દાઓ પર બિયોન્સેનો અવાજ લાખો લોકોને માર્ગ બતાવે છે. તેના રેનેસાં ટૂર (2023)એ લગભગ 4.5 અબજ ડોલરની કમાણીનું વાતાવરણ બનાવ્યું.

જ્યાં શો થયા, ત્યાં હોટલો ભરાઈ, રેસ્ટોરાંનું વેચાણ વધ્યું. સ્થાનિક વ્યવસાયોના રેકોર્ડ તૂટ્યા. તેની સરપ્રાઈઝ આલ્બમ રિલીઝ સ્ટાઈલે આખી રીત બદલી નાખી. હવે તે પોતે નક્કી કરે છે કે દુનિયા શું સાંભળશે અને ક્યારે સાંભળશે.

### ટેલર સ્વિફ્ટ: પોતાના નિયમો બનાવ્યા, ઈન્ડસ્ટ્રીએ માન્યા

શરૂઆત પોપ સંગીતની સરળ વાર્તાઓથી કરી. 2018 પછી તે માત્ર કલાકાર જ નહીં, સામાજિક સંકેત બની ગયા. ટેલરની એક વોટિંગ અપીલ પર 1.66 લાખ નવા નામ જોડાયા. આ આંકડો દર્શાવે છે કે તેની વાત માત્ર સાંભળવામાં જ નથી આવતી, પણ માનવામાં પણ આવે છે.

2020-24માં, તેણે મહિલા અધિકારો, LGBTQ સુરક્ષા અને કલાકારોની માલિકી પર ખુલ્લેઆમ અવાજ ઉઠાવ્યો અને 'સેલિબ્રિટી ન્યુટ્રાલિટી' નો જૂનો યુગ લગભગ સમાપ્ત કરી દીધો. તેના એરસ ટૂર (2023-24)એ વિશ્વભરમાં 5.7 અબજ ડોલરની હલચલ મચાવી.

શહેરોમાં હોટલ મોંઘી થઈ, ફ્લાઈટોમાં ભીડ વધી અને ટિકિટિંગ સિસ્ટમને ફોર્મ્યુલા બદલવા મજબૂર થવું પડ્યું. તેમની રી-રેકોર્ડિંગે રેકોર્ડ લેબલ્સને કલાકાર-અધિકારો પર નવા નિયમો લખવા માટે વિવશ કર્યા. ટેલરની સ્ટોરી દર્શાવે છે કે, આજે પોપ સંગીત ડિજિટલ યુગની શક્તિ છે.

## ભારત-PAK મેચ, દિલ્હી-મુંબઈથી કોલંબો ફ્લાઈટ 5 ગણી મોંઘી

₹1.45 લાખ સુધીનો ખર્ચ કરવો પડશે, હોટલનું ભાડું ₹1.13 લાખ સુધી પહોંચ્યું

નવી દિલ્હી | ભારત અને પાકિસ્તાન વચ્ચે ટી-20 ક્રિકેટ વર્લ્ડ કપ 2026ની મેચ 15 ફેબ્રુઆરીના રોજ શ્રીલંકાના કોલંબોમાં સાંજે 7 વાગ્યાથી રમાશે. જો તમે આ મેચ જોવા માટે 14 અને 15 ફેબ્રુઆરીએ ફ્લાઈટથી કોલંબો જવા માગો છો, તો તમારે 5 ગણા સુધી ભાડું ચૂકવવું પડશે.

મેકમાયટ્રિપની વેબસાઈટ પર મંગળવારે (10 ફેબ્રુઆરી) 14 અને 15 ફેબ્રુઆરીએ દિલ્હી-મુંબઈથી કોલંબો ફ્લાઈટનું ભાડું એક પેસેન્જર માટે 1.45 લાખ સુધી દર્શાવી રહ્યું છે. સામાન્ય દિવસોમાં કોલંબોની ડાયરેક્ટ ફ્લાઈટનું ભાડું 30 હજાર રૂપિયાની આસપાસ રહે છે. જ્યારે કોલંબોમાં મોટી હોટલોનું ભાડું પણ 1.14 લાખ સુધી પહોંચી ગયું છે.

# T20 વર્લ્ડકપ- ભારતીય ખેલાડીઓ પરિવાર સાથે નહીં રહે

## મેનેજમેન્ટે મંજૂરી માગી હતી, BCCIએ કહ્યું- પોતાના ખર્ચે અલગ રહી શકે છે



નવી દિલ્હી | T20 વર્લ્ડ કપ 2026 દરમિયાન ભારતીય ક્રિકેટરો તેમના પરિવાર (પત્નીઓ અને મંગેતરો) સાથે રહી શકશે નહીં. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)એ ટીમ મેનેજમેન્ટની તે માંગને નકારી કાઢી છે, જેમાં ખેલાડીઓની પત્નીઓ અને મંગેતરોને ટીમ હોટલમાં સાથે રોકાવાની મંજૂરી માગવામાં આવી હતી.ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલ મુજબ, BCCIએ સ્પષ્ટ કર્યું છે કે ટુર્નામેન્ટ દરમિયાન ખેલાડીઓના પરિવારને ટીમ સાથે રોકાવાની મંજૂરી નથી. જોકે, જો કોઈ ખેલાડી ઈચ્છે તો પોતાના પરિવાર માટે હોટલમાં અલગથી રોકાવાની વ્યવસ્થા પોતે કરી શકે છે. તેની સંપૂર્ણ જવાબદારી તેને ઉઠાવવી પડશે. આ માટે BCCI તરફથી કોઈ વ્યવસ્થા કરવામાં આવશે નહીં.ભારત T-20 વર્લ્ડ કપનું સહ-યજમાન છે. BCCIનું માનવું છે કે ટીમને માત્ર પાકિસ્તાન સામેની મેચ માટે શ્રીલંકા જવાનું છે. આવી સ્થિતિમાં ખેલાડીઓને પરિવાર સાથે રહેવાની જરૂર નથી. BCCIએ BGT 2024-25 પછી નિયમો બદલ્યા હતા BCCIના ખેલાડીઓ સાથે પરિવારના રહેવાની શરતો સ્પષ્ટ છે. વર્તમાન નીતિ હેઠળ, જો કોઈ વિદેશી પ્રવાસ 45 દિવસથી વધુ લાંબો હોય, તો ખેલાડીઓનો પરિવાર વધુમાં વધુ 14 દિવસ સુધી સાથે રહી શકે છે. જોકે, આ નિયમ કોઈપણ ICC કે મલ્ટીનેશન ટુર્નામેન્ટ પર લાગુ પડતો નથી. કોવિડ-19 પછી, સમગ્ર પ્રવાસ દરમિયાન પરિવારને સાથે રાખવાની પરંપરા શરૂ થઈ હતી. ઓસ્ટ્રેલિયા પ્રવાસ પર બોર્ડર-ગાવસ્કર ટ્રોફી (BGT) 2024-25માં ભારતની 1-3 થી હાર પછી BCCIએ તેની આ નીતિ બદલી દીધી છે.માર્ગદર્શિકાનું પાલન ન કરવા પર કડક કાર્યવાહી BCCIએ તમામ ખેલાડીઓને જારી કરાયેલી માર્ગદર્શિકાઓનું કડકપણે પાલન કરવા નિર્દેશ આપ્યો છે. નિયમોનું ઉલ્લંઘન કરવા પર શિસ્તભંગના પગલાં લેવાની વાત કહેવામાં આવી છે. જો કોઈ ખેલાડી કોઈ કારણસર આ નિર્દેશોનું પાલન ન કરી શકે, તો તેણે પસંદગી સમિતિના અધ્યક્ષ અને મુખ્ય કોચ પાસેથી પૂર્વ મંજૂરી લેવી પડશે.જો કોઈ ખેલાડી નિયમ તોડે છે, તો બોર્ડ તેને ટુર્નામેન્ટ, સિરીઝ અને IPLમાં રમવાથી પણ રોકી શકે છે. આ ઉપરાંત, ખેલાડીઓના પગાર અને કરાર સમાપ્ત કરવા જેવા કડક પગલાં પણ લઈ શકાય છે.

## ટી20 વર્લ્ડકપ: નેધરલેન્ડે નામિબિયાને 7 વિકેટથી હરાવ્યું



નવી દિલ્હી | નેધરલેન્ડ્સે 18 ઓવરમાં 3 વિકેટ ગુમાવીને 157 રનનો લક્ષ્યાંક હાંસલ કર્યો. બાસ ડી લીડે 48 બોલમાં 72 રનની અણનમ ઈનિંગ રમી. કોલિન એકરમેને 32 રનનું યોગદાન આપ્યું. ઓપનર માઈકલ લેવિટે 15 બોલમાં 28 રન ઝડપી બનાવ્યા. નામિબિયા 12 ફેબ્રુઆરીએ ટીમ ઈન્ડિયા સામે ટકરાશે. જોકે, તે પહેલાં, તેમને નેધરલેન્ડ્સ સામે કારમી હારનો સામનો કરવો પડ્યો. દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં નેધરલેન્ડ્સે નામિબિયાને 7 વિકેટથી હરાવ્યું. નામિબિયાની ટીમ પણ આ જ મેદાન પર ભારત સામે રમશે. નોંધપાત્ર વાત એ છે કે નેધરલેન્ડ્સે માત્ર નામિબિયાને હરાવ્યું જ નહીં પરંતુ પોઈન્ટ ટેબલમાં પાકિસ્તાનને પણ પાછળ છોડી દીધું. અગાઉ, લોફ્ટી-ઈટને નામિબિયાને 156 રનના સ્કોર સુધી પહોંચાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. નામિબિયા તરફથી લોફ્ટી-ઈટને સૌથી વધુ 38 બોલમાં ૪૨ રન બનાવ્યા, જેમાં એક ફોર અને બે સિક્સરનો સમાવેશ થાય છે. નેધરલેન્ડ્સના બોલરો બાસ ડી લીડે અને વાન બીકે બે-બે વિકેટ લીધી.

### બંને ટીમ હવે આગામી તબક્કાના 'સુપર લીગ રાઉન્ડ' માટે ક્વોલિફાય થઈ

# તાજપુર-પીલુપુરા 'ખેલે સાણંદ સ્પોર્ટ્સ લીગ સીઝન-3'માં પુલ વિજેતા જાહેર







સાણંદ | સાણંદના ગ્રામીણ વિસ્તારોમાં રમતગમત પ્રત્યે રુચિ વધારવા અને ખેલદિલીની ભાવનાને પ્રોત્સાહન આપવા માટે વિજ્યી ભારત ફાઉન્ડેશને 'ખેલે સાણંદ સ્પોર્ટ્સ લીગ સીઝન-3'નું આયોજન કર્યું. જે અંતર્ગત 7 ફેબ્રુઆરી, 2026ના રોજ ચાચરવાડી વાસણા ગામના ચાચરવાડી ખોડિયાર મંદિર મેદાન ખાતે ઝોન-જી અંડર-14 ખો-ખોની લીગ સ્પર્ધા યોજાઈ થઈ હતી. આ સ્પર્ધામાં વિવિધ ગામની ટીમે ભાગ લીધો હતો.

વિજેતા ટીમની ડિટેઈલ્સ:

તાજપુર ટીમ: પોતાની તમામ 4 લીગ મેચમાં અજેય રહીને 4-0ના શાનદાર સ્કોર સાથે પુલમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું.

પીલુપુરા ટીમ: મજબૂત રમતનું પ્રદર્શન કરી 3-1ના વિજય સાથે બીજું સ્થાન મેળવ્યું.

આ બંને ટીમ હવે આગામી તબક્કાના 'સુપર લીગ રાઉન્ડ' માટે ક્વોલિફાય થઈ છે.

તાજપુર અને પીલુપુરાની ટીમે આક્રમક રમત અને ખેલદિલીનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

## ટી20 વર્લ્ડકપ 2026 : મેચ પહેલા USA ટીમમાં મોટો ફેરફાર,આ સ્ટાર બોલરની એન્ટ્રી



નવી દિલ્હી | પાકિસ્તાન અને યુએસએ 2026ના T20 વર્લ્ડકપમાં પોતાનો બીજો મુકાબલો રમશે. આ મેચ એકબીજા સામે હશે.જોકે, તે મેચ પહેલા,યુએસએ ટીમે એક એવા ખેલાડીનો ઉમેરો કર્યો છે જે અગાઉ પાકિસ્તાન માટે વર્લ્ડકપમાં રમી ચૂક્યો છે.અમે એહસાન આદિલ વિશે વાત કરી રહ્યા છીએ,જેને જસદીપ સિંહના સ્થાને ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે એહસાન આદિલ પણ પાકિસ્તાન સામેની મેચમાં યુએસએ પ્લેઇંગ ઈલેવનનો ભાગ હશે.

એહસાન આદિલે રેડ-બોલ અને વ્હાઈટ-બોલ બંને ક્રિકેટમાં પાકિસ્તાનનું પ્રતિનિધિત્વ કર્યું છે. તે પાકિસ્તાન માટે વર્લ્ડ કપમાં પણ રમ્યો છે. તે 2015ના ODI વર્લ્ડ કપમાં પાકિસ્તાન ટીમનો ભાગ હતો. પાકિસ્તાને મિસ્બાહ-ઉલ-હકની કેપ્ટનશીપ હેઠળ તે ODI વર્લ્ડ કપ રમ્યો હતો, જ્યાં એહસાન આદિલે બે મેચમાં બે વિકેટ લીધી હતી.

### મહેનત કરતા રહો, લોકોના ભ્રમમાં ન આવો

# સચિને અંડર-19 કેપ્ટન આયુષને પોતાની ટેસ્ટ જર્સી આપી



નવી દિલ્હી | અંડર-19 વર્લ્ડ કપ 2026 જીત્યા પછી ભારતના કેપ્ટન આયુષ મ્હાત્રે ઝિમ્બાબ્વેથી ભારત પાછા ફર્યા પછી સોમવારે સચિન તેંડુલકરને મળ્યો. આ પહેલાં, મુંબઈ એરપોર્ટ પર કેપ્ટન આયુષ મ્હાત્રે સહિત તમામ ખેલાડીઓનું ભવ્ય સ્વાગત થયું. મ્હાત્રેનો આખો પરિવાર, તેના માતા-પિતા, તેને લેવા એરપોર્ટ પહોંચ્યા હતા. સચિનના ઘરે પહોંચ્યો મ્હાત્રે મ્હાત્રે ભારત પાછા ફર્યા પછી સોમવારે મહાન ખેલાડી સચિન તેંડુલકરના ઘરે પહોંચ્યો. આયુષ મ્હાત્રેને સચિન તેંડુલકર તરફથી એક ખાસ ભેટ મળી. ભેટમાં સચિને પોતાની ટેસ્ટ જર્સી આપી, સાથે જ તેમણે પોતાના હાથે લખેલો એક સંદેશ પણ આપ્યો. ''પ્રિય આયુષ, તમારા કરિયરમાં અપાર સફળતાની કામના કરું છું.''વીડિયોમાં સચિને મ્હાત્રેને કહ્યું કે, આ એ જ જર્સી હતી જે તેમણે પોતાની અંતિમ ટેસ્ટ સિરીઝમાં પહેરી હતી. તેઓ આગળ કહે છે, સતત મહેનત કરતા રહો. ધ્યાન કેન્દ્રિત રાખો. લોકોના ભ્રમમાં ન આવો. અભ્યાસ કરતા રહો. એકાગ્રતા જાળવી રાખવી જરૂરી છે. ભલે ગમે તે થાય, ધ્યાન ભટકાવનારી વસ્તુઓ ઘણી હશે.મ્હાત્રેએ મુલાકાતનો વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો મ્હાત્રેએ મુલાકાતનો વીડિયો સોશિયલ મીડિયા પર શેર કરતા પોતાની ખુશી વ્યક્ત કરી.



### અક્ષર પટેલ પોતાને સૌથી નીચલા ગ્રેડમાં કેમ મળ્યો?

અક્ષર પટેલનું નામ પાછલા સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાં ગ્રેડ B માં હતું.જોકે,નવા સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાં, તેને ગ્રેડ C માં ડિમોટ કરવામાં આવ્યો છે. એવું માનવામાં આવે છે કે અક્ષર પટેલને ગ્રેડ B માંથી ગ્રેડ C માં ખસેડવાનું કારણ એ હોઈ શકે છે કે તેણે 2024-25 સીઝનમાં એક પણ ટેસ્ટ મેચ રમી ન હતી. વધુમાં, તેણે ઓછા ODI અને T20 પણ રમ્યા, જેના કારણે તેનો ગ્રેડ બદલવામાં આવ્યો.

### આકાશ ચોપરાએ શું કહ્યું

અક્ષર પટેલના ડિમોશનથી તેમના ચાહકો અને કેટલાક ક્રિકેટ પંડિતોમાં આશ્ચર્ય ફેલાયું છે. ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર આકાશ ચોપરાએ આ પગલા પર સવાલ ઉઠાવતા પોતાના X હેન્ડલ પર લખ્યું, 'અક્ષર પટેલને જે લાયક છે તે મેળવવા માટે તેણે બીજું શું કરવું પડશે?' એક ક્રિકેટ ચાહકે આકાશ ચોપરાને સમર્થન આપતા લખ્યું કે અક્ષર પટેલ જેવા ઉપયોગી ખેલાડીને ડિમોશન કરવું અગમ્ય છે.

## BCCI સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ: અક્ષર પટેલ સાથે થયો અન્યાય? 12 વર્ષની કારકિર્દી છતાં ગ્રેડમાં કરાયું ડિમોશન!

નવી દિલ્હી | સૌથી વધુ ચર્ચા સ્ટાર ઓલરાઉન્ડર અક્ષર પટેલના ડિમોશનને લઈને થઈ રહી છે. T20 ટીમના વાઈસ-કેપ્ટન હોવા છતાં અક્ષરને નીચલા ગ્રેડમાં મૂકવામાં આવતા ક્રિકેટ જગતમાં આશ્ચર્ય ફેલાયું છે. BCCIના આ નિર્ણયને ચાહકો દ્વારા સારી રીતે આવકારવામાં આવી રહ્યો નથી.BCCIએ 2025-26 સીઝન માટે સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ લિસ્ટ જાહેર કરી છે.સ્ટાર ઓલરાઉન્ડર અક્ષર પટેલનું નામ તેમાં સામેલ છે. જોકે, આ વખતે અક્ષર પટેલને ડિમોશનનો સામનો કરવો પડ્યો છે, જેના કારણે સોશિયલ મીડિયા પર ભારે હોબાળો મચી ગયો છે. પટેલ ત્રણેય ફોર્મેટમાં ખેલાડી છે અને T20 ટીમના વાઈસ-કેપ્ટન પણ છે. વધુમાં, તે હાલમાં ટીમના સૌથી સિનિયર ખેલાડીઓમાંનો એક છે.પરિણામે, BCCIના આ નિર્ણયને ચાહકો દ્વારા સારી રીતે આવકારવામાં આવી રહ્યો નથી. અક્ષર પટેલ 12 વર્ષથી ટીમ ઈન્ડિયાનો ભાગ છે. આ સમય દરમિયાન, તેમણે 15 ટેસ્ટ, 71 ODI અને 88 T20I રમ્યા છે. આ ફોર્મેટમાં, તેમણે 2,200 થી વધુ રન બનાવ્યા છે અને 200 થી વધુ વિકેટ લીધી છે.

# 14 વર્ષીય વૈભવ સૂર્યવંશીની ચમકી કિસ્મત, આ કંપનીનો બ્રાન્ડ એમ્બેસેડર બન્યો



નવી દિલ્હી | ભારતના યુથ સેન્સેશન વૈભવ સૂર્યવંશીએ 14 વર્ષની ઉંમરે ક્રિકેટની દુનિયામાં પોતાનું નામ બનાવી લીધું છે. તેણે તાજેતરમાં જ ભારતની અંડર-19 વર્લ્ડ કપ જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી, ફાઈનલમાં ઐતિહાસિક 175 રન બનાવ્યા હતાભારતના યુથ સેન્સેશન વૈભવ સૂર્યવંશીએ 14 વર્ષની ઉંમરે ક્રિકેટની દુનિયામાં પોતાનું નામ બનાવી લીધું છે. તેણે તાજેતરમાં જ ભારતની અંડર-19 વર્લ્ડ કપ જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી, ફાઈનલમાં ઐતિહાસિક 175 રન બનાવ્યા હતા. વૈભવ સૂર્યવંશી હવે બ્રાન્ડ એન્ડોર્સમેન્ટની દુનિયામાં પોતાની ઓળખ બનાવવા માટે તૈયાર છે. 5,000 કરોડથી વધુ મૂલ્યની બ્રાન્ડે તેને પોતાના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે સાઈન કર્યો છે.વૈભવ સૂર્યવંશીએ અંડર-19 વર્લ્ડ કપ 2026 ની ફાઈનલમાં ભારતની ઐતિહાસિક જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

### વૈભવ કોમ્પ્લેનનો બ્રાન્ડ એમ્બેસેડર બન્યો

વૈભવ સૂર્યવંશી કોમ્પ્લેનની એક નવી જાહેરાતમાં દેખાયો છે. ઝાયડસ વેલનેસની આ ન્યુટ્રીશનલ ડ્રીંક બ્રાન્ડે વૈભવને તેના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે સાઈન કર્યો છે અને તેની સાથે એક નવી ઝુંબેશ શરૂ કરી છે. આ ઝુંબેશનું શીર્ષક "થોડા પ્લાન, થોડા કોમ્પ્લેન" છે. આ જાહેરાત વૈભવની સફર પર કેન્દ્રિત છે, કેવી રીતે તેણે નાનપણથી જ સખત મહેનત, આયોજન અને સતત પ્રેક્ટિસ દ્વારા તેના મોટા સપનાઓ સાકાર કર્યા.

# અર્શદીપ સિંહ પાસે ઈતિહાસ રચવાની તક, આવું કરનાર બનશે પ્રથમ બોલર



નવી દિલ્હી | ટીમ ઈન્ડિયાએ ICC T20 વર્લ્ડકપ 2026માં પોતાની શરૂઆતની મેચમાં યુએસએ પર 29 રનથી જીત મેળવીને જોરદાર શરૂઆત કરી હતી. ભારતીય ટીમ હવે 12 ફેબ્રુઆરી ગુરુવારના રોજ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં નામિબિયા સામે રમશે.

ટીમ ઈન્ડિયાએ ICC T20 વર્લ્ડકપ 2026માં પોતાની શરૂઆતની મેચમાં યુએસએ પર 29 રનથી જીત મેળવીને જોરદાર શરૂઆત કરી હતી. ભારતીય ટીમ હવે 12 ફેબ્રુઆરી ગુરુવારના રોજ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં નામિબિયા સામે રમશે. આ મેચમાં સ્ટાર ફાસ્ટ બોલર અર્શદીપ સિંહ પાસે ઈતિહાસ રચવાની તક હશે. અર્શદીપ T20 વર્લ્ડકપમાં નંબર-વન ભારતીય બોલર બનવાથી માત્ર થોડા પગલાં દૂર છે.આ સંદર્ભમાં,તે દિગ્ગજ સ્પિનર રવિચંદ્રન અશ્વિનનો રેકોર્ડ તોડશે.

### અર્શદીપ સિંહ રચશે ઈતિહાસ ?

હકીકતમાં,અર્શદીપે T20 વર્લ્ડ કપમાં ભારત માટે અત્યાર સુધી રમાયેલી 15 મેચમાં 29 વિકેટ લીધી છે. તેણે યુએસએ સામેની પહેલી મેચમાં 2 વિકેટ લઈને આર અશ્વિનના રેકોર્ડને ધમકી આપી હતી. અશ્વિને T20 વર્લ્ડ કપમાં 24 મેચમાં 32 વિકેટ લીધી છે. આવી સ્થિતિમાં, જો અર્શદીપ નામિબિયા સામેની મેચમાં ત્રણ કે તેથી વધુ વિકેટ લેવામાં સફળ થાય છે, તો તે T20 વર્લ્ડ કપમાં ભારતનો સૌથી વધુ વિકેટ લેનાર બોલર બની જશે. હાલમાં, તે 29 વિકેટ સાથે આ યાદીમાં બીજા સ્થાને છે. તેના પછી, જસપ્રીત બુમરાહ ત્રીજા અને હાર્દિક પંડ્યા ચોથા સ્થાને છે. બુમરાહએ 26 વિકેટ લીધી છે, જ્યારે પંડ્યાએ 24 વિકેટ લીધી છે.રવિન્દ્ર જાડેજા 22 વિકેટ સાથે આ યાદીમાં પાંચમા સ્થાને છે.

### T20 વર્લ્ડ કપમાં ભારત તરફથી સૌથી વધુ વિકેટ લેનાર બોલર

- રવિચંદ્રન અશ્વિન - 32 વિકેટ
- અર્શદીપ સિંહ - 29 વિકેટ
- જસપ્રીત બુમરાહ - 26 વિકેટ
- હાર્દિક પંડ્યા - 24 વિકેટ
- રવીન્દ્ર જાડેજા - 22 વિકેટ
- હરભજન સિંહ - 16
- ઈરફાન પઠાણ - 16

### અર્શદીપ સિંહનું T20I કરિયર

અર્શદીપે 25 નવેમ્બર, 2022 ના રોજ ન્યુઝીલેન્ડ સામે ભારત માટે T20I ડેબ્યૂ કર્યું હતું. તેણે અત્યાર સુધીમાં 77 T20I મેચોમાં 8.47 ના ઈકોનોમી રેટથી કુલ 120 વિકેટ લીધી છે. આ સમયગાળા દરમિયાન તેનું શ્રેષ્ઠ પ્રદર્શન 51 રનમાં 5 વિકેટ છે. નોંધનીય છે કે અર્શદીપ T20I ક્રિકેટમાં ભારત તરફથી સૌથી વધુ વિકેટ લેનાર બોલર છે. બુમરાહ 107 વિકેટ સાથે આ યાદીમાં બીજા સ્થાને છે.

# દેશમાં ભ્રષ્ટાચાર ઘટ્યો, US અને UKમાં નોંધાયો વધારો

## ગ્લોબલ ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલ દર વર્ષે કરપ્શન પરસેપ્શન ઈન્ડેક્સ (CPI) જાહેર

(એજન્સી) અમેરિકા | તા.10

ભ્રષ્ટાચાર દુનિયાભરના દેશો માટે એક ગંભીર પડકાર છે. ગ્લોબલ ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલના નવા અહેવાલમાં 2025 માટે અલગ-અલગ દેશોની સ્થિતિ બતાવવામાં આવી છે, જેમાં ભારત માટે થોડી રાહત આપતા સંકેતો જોવા મળે છે.ગ્લોબલ ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલ દર વર્ષે કરપ્શન પરસેપ્શન ઈન્ડેક્સ (CPI) જાહેર કરે છે. આ ઈન્ડેક્સ 0 થી 100 સુધીના સ્કોર પર આધારિત હોય છે, જેમાં 0 નો અર્થ ખૂબ જ ભ્રષ્ટ અને 100 નો અર્થ લગભગ ભ્રષ્ટાચાર મુક્ત દેશ. 2025ના અહેવાલ મુજબ, ભારતનો સ્કોર 39 રહ્યો છે અને ભારત હવે વૈશ્વિક ક્રમે 91મા સ્થાને છે. ગયા વર્ષે ભારત 92મા ક્રમે હતું, એટલે કે સ્થાનમાં નાનો પરંતુ સકારાત્મક સુધારો જોવા મળે છે.

### ભારતની સ્થિતિ ધીમે ધીમે સુધરી રહી

છેલ્લા ત્રણ વર્ષ પર નજર કરીએ તો ભારતની સ્થિતિ ધીમે ધીમે સુધરી રહી છે. 2023માં ભારત 93મા ક્રમે હતું, 2024માં 91મા અને હવે 2025માં પણ 91મા સ્થાને છે. જો કે સ્કોર હજુ પણ ખતરનાક સ્તર પર ગણાય છે, કારણ કે 39નો સ્કોર એ દર્શાવે છે કે ભ્રષ્ટાચાર હજુ પણ ગંભીર સમસ્યા છે.




### વિશ્વના અન્ય દેશોની સ્થિતિ

આ રિપોર્ટમાં કુલ 180 દેશોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમાં સૌથી ઓછો ભ્રષ્ટાચાર ધરાવતો દેશ ડેનમાર્ક છે, જે સતત ટોપ પર રહે છે. બીજી તરફ, દક્ષિણ સુદાન અને સોમાલિયા વિશ્વના સૌથી ભ્રષ્ટ દેશો તરીકે ઓળખાયા છે. યુરોપ અને યુનાઈટેડ સ્ટેટ્સ માટે આ રિપોર્ટ ચિંતાજનક છે. ઘણા વિકસિત દેશોમાં ભ્રષ્ટાચારના કેસોમાં વધારો જોવા મળ્યો છે. બ્રિટન, ફ્રાન્સ અને ઈટાલી જેવા દેશોના સ્કોરમાં ઘટાડો થયો છે. યુરોપમાં ફક્ત જર્મની એવો દેશ છે જ્યાં ભ્રષ્ટાચારમાં સુધારો નોંધાયો છે. બ્રિટન તો હવે ટોપના 20 દેશોની યાદીમાંથી પણ બહાર છે.

### અમેરિકાનો ક્રમ 2024માં 28મો

અમેરિકા બાબતે પણ નિરાશાજનક ચિત્ર સામે આવ્યું છે. ભ્રષ્ટાચાર નાબૂદ કરવાના વચનો છતાં, અમેરિકાનો ક્રમ 2024માં 28મો હતો, જે હવે ઘટીને 29મો થયો છે. ચીનની વાત કરીએ તો, ત્યાં કોઈ ખાસ સુધારો જોવા મળ્યો નથી. ચીનનો સ્કોર 43 પર જ સ્થિર રહ્યો છે અને તે વૈશ્વિક ક્રમે 76મા સ્થાને છે.

### સર્વે કયા આધાર પર થાય છે?

કરપ્શન પરસેપ્શન ઈન્ડેક્સ મુખ્યત્વે ચાર મુદ્દાઓ પર આધારિત છે
રાજકીય દાન અને તેનો લોકશાહી સંસ્થાઓ પર પડતો અસર
જાહેર સંસ્થાઓની સ્વતંત્રતા અને મજબૂતી
સેવાઓ મેળવવા માટે લાંચ અથવા રોકડ ચુકવણી
પત્રકારો અને મીડિયાને રાજ્ય દ્વારા લક્ષ્ય બનાવવાની ઘટનાઓ

### રિપોર્ટ શું સંદેશ આપે છે?

ગ્લોબલ ટ્રાન્સપરન્સીનું કહેવું છે કે વૈશ્વિક સ્તરે રાજકીય હરીફાઈ, આંતરરાષ્ટ્રીય નિયમોની અવગણના, યુદ્ધ, આબોહવા સંકટ અને સમાજમાં વધતું ધ્રુવીકરણ ભ્રષ્ટાચારને વધારતા પરિબળો છે. આ સ્થિતિમાં, વિશ્વને એવા નેતાઓ અને સંસ્થાઓની જરૂર છે જે ઈમાનદારીથી જાહેર હિતનું રક્ષણ કરી શકે.

સુપ્રીમ કોર્ટેનો આદેશ........


11 ફેબ્રુઆરી સુધીમાં રિપોર્ટ માંગ્યો

# ઈમરાન ખાનના સ્વાસ્થ્ય અને બેરેકની તપાસનો આદેશ

**ભૂતપૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાનને મળવાની પરવાનગી**

(એજન્સી) પાકિસ્તાન | તા.10

પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટે બેરિસ્ટર સલમાન સફદરને ભૂતપૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાનને મળવાની પરવાનગી આપી છે. તેણે ઈમરાનના સ્વાસ્થ્ય, સારવાર અને તેમના બેરેકની સ્થિતિ અંગેનો રિપોર્ટ પણ માંગ્યો છે. સલમાને 11 ફેબ્રુઆરી સુધીમાં રિપોર્ટ રજૂ કરવાનો રહેશે. પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટે મંગળવારે બેરિસ્ટર સલમાન સફદરને ભૂતપૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાનને મળવાની પરવાનગી આપી છે. સફદરને ઈમરાનના સ્વાસ્થ્ય અને રહેવાની વ્યવસ્થાની નિષ્પક્ષ સમીક્ષા કરવાનું કામ સોંપવામાં આવ્યું છે. ઈમરાન હાલમાં રાવલપિંડીની અદિયાલા જેલમાં બંધ છે. પાકિસ્તાનના મુખ્ય ન્યાયાધીશ યાહ્યા આફ્રિદીએ જેલ અધિકારીઓને સફદર સાથે સહયોગ



### સફ્દરને કઈ જવાબદારી સોંપવામાં આવી છે?

સફદર ઈમરાનની સુવિધાઓ, સારવાર અને રહેવાની સ્થિતિનું મૂલ્યાંકન કરશે. કોર્ટે ઈમરાનના બેરેકનું નિરીક્ષણ કરવાનો પણ આદેશ આપ્યો છે. કોર્ટે આ માટે 11 ફેબ્રુઆરીની સમયમર્યાદા નક્કી કરી છે. સુનાવણી દરમિયાન, સલમાન સફદરે તેમના અધિકારક્ષેત્ર અંગે સ્પષ્ટતા માંગી. તેમણે કોર્ટને માહિતી આપી કે થોડા દિવસો પહેલા ઈમરાનની આંખની તપાસ કરવામાં આવી હતી, જે દરમિયાન કેટલીક સ્વાસ્થ્ય ચિંતાઓ બહાર આવી હતી. આ પછી, મુખ્ય ન્યાયાધીશે રિપોર્ટ ચેમ્બરમાં રજૂ કરવાનો નિર્દેશ આપ્યો. પાકિસ્તાનના એટર્ની જનરલ મન્સૂર ઉસ્માન અવાને કોર્ટને માહિતી આપી કે સુપ્રીમ કોર્ટના 24 ઓગસ્ટ, 2023 ના આદેશ અનુસાર, ચેમ્બરમાં પહેલાથી જ પાલન અહેવાલ રજૂ કરવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે ઈમરાન ખાન તે સમયે અટ્ટોક જેલમાં કેદ હતા, અને 5 ઓગસ્ટથી 18 ઓગસ્ટ, 2023 સુધીના તબીબી રેકોર્ડ જોડવામાં આવ્યા છે.

**ઈમરાનની પાર્ટી કોર્ટમાં અપીલ કરે છે**

પીટીઆઈ અધ્યક્ષ ગૌહર ખાને કોર્ટમાં અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે પાર્ટી અને પરિવારને ઈમરાન ખાનની બીમારી વિશે જાણ કરવામાં આવી ન હતી. તેમણે માંગ કરી હતી કે ઈમરાન ખાનની તાત્કાલિક મુલાકાત લેવામાં આવે. પીટીઆઈએ કોર્ટ પાસે ખાનગી ડોક્ટરોને જેલમાં ઈમરાન ખાનની મુલાકાત લેવા અને તપાસ કરવાની પરવાનગી આપવા માટે પરવાનગી માંગી છે. ઈમરાન ખાન ઓગસ્ટ 2023 થી જેલમાં છે.

# અમેરિકામાં રસ્તા વચ્ચે જ પ્લેનનું ક્રેશ લેન્ડિંગ

**અમેરિકાના જોર્જિયા રાજ્યના ગેન્સવિલે શહેરમાં એક નાનકડા વિમાને વ્યસ્ત માર્ગ પર ઈમર્જન્સી લેન્ડિંગ કરવું પડ્યું, જેમાં ત્રણ વાહનો સાથે અથડામણ થઈ. એન્જિન ખામીના કારણે પાઈલટે મેયડે કોલ આપી રોડ પર લેન્ડ કરવાનો નિર્ણય લીધો હતો, જેમાં અનેક લોકોને સામાન્ય ઈજાઓ પહોંચી**




## ત્રણ વાહનો સાથે અથડામણ થઈ

(એજન્સી) અમેરિકા | તા.10

અમેરિકાના જોર્જિયા રાજ્યના ગેન્સવિલે શહેરમાં એક નાનકડા વિમાને વ્યસ્ત માર્ગ પર ઈમર્જન્સી લેન્ડિંગ કરવું પડ્યું, જેમાં ત્રણ વાહનો સાથે અથડામણ થઈ. એન્જિન ખામીના કારણે પાઈલટે મેયડે કોલ આપી રોડ પર લેન્ડ કરવાનો નિર્ણય લીધો હતો, જેમાં અનેક લોકોને સામાન્ય ઈજાઓ પહોંચી. અમેરિકાના જોર્જિયા રાજ્યના ગેન્સવિલે શહેરમાં એક મોટી વિમાન દુર્ઘટના ટળી ગઈ છે. શહેરના વ્યસ્ત માર્ગ પર એક નાનકડા વિમાને અચાનક ઈમર્જન્સી લેન્ડિંગ કરવું પડ્યું હતું. લેન્ડિંગ દરમિયાન વિમાન રોડ પર ચાલી રહેલા અનેક વાહનો સાથે અથડાયું હતું, જેના કારણે ઘટના સ્થળે ભારે અફરાતફરી મચી ગઈ હતી. મીડિયા અહેવાલો મુજબ પોલીસે જણાવ્યું કે આ સિંગલ એન્જિનવાળું હોકર બીચક્રાફ્ટ BE-36 વિમાન હતું, જે બ્રાઉન્સ બ્રિજ રોડ અને પર્લ નિક્સ પાર્કવે વિસ્તારમાં ઉતર્યું હતું. ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન અનુસાર, પાઈલટે બપોરે આશરે 12:10 વાગ્યે એન્જિનમાં ખામી હોવાની માહિતી આપી હતી.

### અમેરિકામાં કેવી રીતે બન્યો અકસ્માત?


અમેરિકાની રાષ્ટ્રીય પરિવહન સુરક્ષા બોર્ડ મુજબ, આ વિમાન ગેન્સવિલેના લી ગિલ્મર મેમોરિયલ એરપોર્ટથી ઉડાન ભરીને કેન્ટન સ્થિત ચેરોકી કાઉન્ટી રીજનલ એરપોર્ટ તરફ જઈ રહ્યું હતું. ઉડાન દરમિયાન એન્જિનમાં ગંભીર ટેકનિકલ ખામી સર્જાતા વિમાનને રસ્તા પર લેન્ડ કરવાની ફરજ પડી હતી, જેના કારણે પાઈલટને રસ્તા પર જ લેન્ડિંગ કરવાનો નિર્ણય લેવો પડ્યો હતો. રોડ પર ભારે ટ્રાફિક હોવાથી વિમાન લેન્ડિંગ પછી ત્રણ વાહનો સાથે અથડાયું હતું. NTSBના જણાવ્યા પ્રમાણે, ઉડાન ભર્યાના થોડા જ સમયમાં પાઈલટને ખામીનો અહેસાસ થયો અને તેમણે ગેન્સવિલે પરત ફરી લેન્ડ કરવાનો પ્રયાસ કર્યો હતો. અટલાન્ટા ન્યૂઝ ફર્સ્ટના અહેવાલ મુજબ, એર ટ્રાફિક કંટ્રોલના ઓડિયોમાં પાઈલટને "મે ડે, મે ડે" કહી મદદ માગતા સાંભળવામાં આવ્યા હતા. ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થયો છે, જેમાં વ્યસ્ત માર્ગ પર વિમાન લેન્ડ થતાં અને વાહનો સાથે અથડાતા દ્રશ્યો દેખાય છે. પોલીસ મુજબ, આ ઘટનામાં અનેક લોકોને સામાન્ય પ્રકારની ઈજાઓ પહોંચી છે. લેન્ડિંગ દરમિયાન વિમાનનું જમણી બાજુનુ પાંખીયુ એક વાહન સાથે ટકરાયું હતું અને ફ્યુઅલ ટેંક SUVમાં ઘૂસી ગઈ હતી.

# અમેરિકાએ ઈરાનના પાડોશી દેશ સાથે કર્યા પરમાણુ કરાર, આર્મેનિયાની નિર્ભરતા થશે ઓછી

**અમેરિકા અને આર્મેનિયા નાગરિક પરમાણુ ક્ષેત્રમાં મહત્વપૂર્ણ કરાર કરતા ચર્ચાનો વિષય**

(એજન્સી) અમેરિકા | તા.10

નાગરિક પરમાણુ ક્ષેત્રમાં કરારથી અમેરિકા આર્મેનિયાને પરમાણુ ટેકનોલોજી, સાધનો અને બળતણ પૂરું પાડી શકશે. આર્મેનિયાના પીએમ નિકોલ પાશિન્યાન અને અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જે.ડી.વાન્સે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. જે.ડી.વાન્સ બે દિવસની મુલાકાતે આર્મેનિયામાં છે. અમેરિકાના કોઈ ઉપરાષ્ટ્રપતિની આ પ્રથમ આર્મેનિયાની મુલાકાત છે. અમેરિકા રશિયાના લાંબા સમયથી સાથી રહેલા આર્મેનિયા સાથે તેના સંબંધોને વધુ મજબૂત બનાવવા માંગે છે. આ કરારને 123 કરાર' કહેવામાં આવે છે. કાયદેસર રીતે અમેરિકાને બીજા દેશને પરમાણુ ટેકનોલોજી, સાધનો અને બળતણ પૂરું પાડવાની મંજૂરી આપે છે. આ કરાર શરૂઆતમાં અમેરિકાને આર્મેનિયામાં આશરે $5 બિલિયન મૂલ્યની પરમાણુ ટેકનોલોજી અને સાધનો નિકાસ કરવાની મંજૂરી આપશે. વધુમાં, આગામી વર્ષોમાં ઈંધણ પુરવઠા અને જાળવણી સંબંધિત આશરે $4 બિલિયનના વધારાના કરારો પર હસ્તાક્ષર થઈ શકે છે. અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વાન્સે જણાવ્યું હતું કે, આ કરાર બંને દેશો વચ્ચે ઊર્જા સહયોગને નવી દિશા આપશે. પીએમ નિકોલ પાશિન્યાને તેને યુએસ-આર્મેનિયા સંબંધોમાં એક નવા પ્રકરણની શરૂઆત તરીકે વર્ણવ્યું છે. અત્યાર સુધી, આર્મેનિયા તેની ઊર્જા જરૂરિયાતો માટે મોટાભાગે રશિયા અને ઈરાન પર આધાર રાખતો હતો. આર્મેનિયા પાસે ફક્ત એક જ પરમાણુ રિએક્ટર, મેટ્સામોર છે. આ પ્લાન્ટ રશિયન સહાયથી બનાવવામાં આવ્યો હતો અને હવે તે નોંધપાત્ર રીતે જૂનો થઈ ગયો છે. છ મહિના પહેલા, યુએસ મધ્યસ્થી હેઠળ આર્મેનિયા અને અઝરબૈજાન વચ્ચે શાંતિ કરાર થયો હતો. આ મુલાકાત દરમિયાન વાન્સ-ટ્રમ્પ રૂટ ફોર ઈન્ટરનેશનલ પીસ એન્ડ પ્રોસ્પેરિટી નામની યોજનાનો પણ પ્રચાર કરી રહ્યા છે. આ 43 કિલોમીટર લાંબો કોરિડોર દક્ષિણ આર્મેનિયામાંથી પસાર થશે. જે અઝરબૈજાનને તેના નખ્ચિવન પ્રદેશ અને પછી તુર્કીયે સુધી સીધો માર્ગ આપશે. આ કોરિડોરના નિર્માણથી એશિયા અને યુરોપ વચ્ચે જોડાણ વધશે અને રશિયા અને ઈરાનને બાયપાસ કરવામાં આવશે.



# ભારત-ફ્રાન્સ વચ્ચે થવા જઈ રહ્યો છે સંરક્ષણ ક્ષેત્રનો સૌથી મોટો સોદો

(એજન્સી) ફ્રાન્સ । તા. 10

ભારત તેની સૈન્ય શક્તિને આધુનિક બનાવવા માટે અત્યાર સુધીના સૌથી મોટા સંરક્ષણ સોદા પર હસ્તાક્ષર કરવા જઈ રહ્યું છે. ભારતીય વાયુસેનાની શક્તિમાં અનેક ગણો વધારો કરવાના હેતુથી સરકાર 114 નવા રાફેલ ફાઈટર જેટની ખરીદીને મંજૂરી આપે તેવી પ્રબળ શક્યતા છે. આ સોદો ભારતની વ્યૂહાત્મક સ્વાયત્તતા અને સંરક્ષણ સજ્જતા માટે માઈલસ્ટોન સાબિત થશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ભારત અને ફ્રાન્સ આ મહિનાના અંત સુધીમાં આ ઐતિહાસિક કરાર પર અંતિમ મહોર મારી શકે છે. ગયા વર્ષે ભારતીય વાયુસેનાએ સંરક્ષણ મંત્રાલયને 114 વધારાના મલ્ટી-રોલ ફાઈટર એરક્રાફ્ટ ખરીદવા માટે ઔપચારિક પ્રસ્તાવ મોકલ્યો હતો. આ ખરીદી આંતર-સરકારી કરાર હેઠળ કરવામાં આવશે, જેનો અર્થ છે કે આમાં કોઈ વચેટીયા હશે નહીં અને વિમાનોનો સીધો સપ્લાય સુનિશ્ચિત કરવામાં આવશે.

# યુએસનો ગંભીર આરોપ, ગાલવાન બાદ ચીને ગુપ્ત પરમાણુ પરીક્ષણ કર્યું



(એજન્સી) અમેરિકા | તા.10

યુએસએ દાવો કર્યો છે કે ચીને ભૂકંપ દેખરેખની અસરકારકતા ઘટાડવા માટે રચાયેલ પદ્ધતિનો ઉપયોગ કરીને ગુપ્ત પરમાણુ વિસ્ફોટક પરીક્ષણો કર્યા હતા. આ પરીક્ષણો 2020 માં ગાલવાન અથડામણ પછી કરવામાં આવ્યા હતા.યુએસના નાયબ વિદેશ સચિવ થોમસ જી. ડીનાનોએ જણાવ્યું હતું કે ચીને 22 જૂન, 2020 ના રોજ, ગાલવાન અથડામણના એક અઠવાડિયા પછી, સમાન પરમાણુ પરીક્ષણ કર્યું હતું, જ્યારે ભારતનો બચાવ કરતી વખતે 20 ભારતીય સૈનિકો શહીદ થયા હતા અને 30 થી વધુ ચીની સૈનિકો માર્યા ગયા હતા. યુએસ અધિકારીએ X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, "ચીને પરમાણુ વિસ્ફોટક પરીક્ષણો કર્યા હતા, જેમાં સેંકડો ટનની નિશ્ચિત ઉપજ સાથે પરીક્ષણની તૈયારીઓનો સમાવેશ થાય છે. ચીને વિશ્વથી તેની પ્રવૃત્તિઓ છુપાવવા માટે ડીકપ્લિંગ (ભૂકંપ દેખરેખની અસરકારકતા ઘટાડવાની પદ્ધતિ) નો ઉપયોગ કર્યો હતો. ચીને 22 જૂન, 2020 ના રોજ સમાન ક્ષમતા સાથે પરમાણુ પરીક્ષણ કર્યું હતું." યુએસ અધિકારી ડીનાનોએ ભૂતકાળના જોખમોને નહીં, પણ આજના જોખમોને સંબોધિત કરતી નવી સ્થાપત્યની જરૂરિયાત પર ભાર મૂક્યો. ડીનાનોએ ચીનના પરમાણુ વિસ્ફોટક પરીક્ષણ અને તેના જોખમોની સમગ્ર પ્રક્રિયા પણ સમજાવી.વ્યૂહાત્મક પરમાણુ શસ્ત્રોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો કરવા માટે રચાયેલ વ્યૂહાત્મક શસ્ત્રો ઘટાડો સંધિનો ઉલ્લેખ કરતા, તેમણે કહ્યું, "ન્યૂ સ્ટાર્ટ 2010 માં હસ્તાક્ષરિત થયું હતું, અને વોરહેડ્સ અને લોન્ચર્સ પરની તેની મર્યાદાઓ હવે 2026 માં લાગુ રહેશે નહીં.એક પરમાણુ શક્તિ તેના શસ્ત્રોના ભંડારને પહેલા કરતા વધુ મોટા પાયે અને ગતિએ વિસ્તૃત કરી રહી છે અને ન્યૂ સ્ટાર્ટ દ્વારા કોઈપણ પ્રતિબંધ વિના મોટા પાયે પરમાણુ પ્રણાલીઓને જાળવી રાખવા અને

બાંગ્લાદેશમાં ચૂંટણીઓ નજીક આવી રહી છે અને યુનુસ સરકારનો કાયદો અને વ્યવસ્થા કથળતી

# ચૂંટણી પહેલા, વધુ એક હિન્દુની હત્યા કરાઈ

(એજન્સી) બાંગ્લાદેશ । તા. 10

ફરી હિન્દુની કરાઈ હત્યા, બાંગ્લાદેશમાં ચૂંટણીઓ નજીક આવી રહી છે અને યુનુસ સરકારનો કાયદો અને વ્યવસ્થા કથળતી જઈ રહી છે.ચૂંટણી પહેલા, વધુ એક હિન્દુની હત્યા કરાઈ છે. ઉગ્રવાદીઓ દ્વારા તેના પર કુહાડીથી હુમલો કરાયો હતો.

### હત્યાનો સિલસિલો યથાવત

બાંગ્લાદેશની ચૂંટણી પહેલા યુનુસના શાસને દેશમાં તબાહીનો માહોલ ઉભો કર્યો છે. લઘુમતીઓની હત્યા સામાન્ય બની ગઈ છે. 12 ફેબ્રુઆરીએ ચૂંટણીના માત્ર 48 દિવસ પહેલા, વધુ એક હિન્દુની હત્યા કરવામાં આવી છે. આ ઘટના મૈમનસિંહ જિલ્લામાં બની છે. જ્યાં ઉગ્રવાદીઓના ટોળાએ દીપુ દાસની હત્યા કરી હતી અને બાદમાં શરીરને આગ લગાવી હતી. આ વખતે ચોખાના વેપારી સુષેન ચંદ્ર સરકારને નિશાન બનાવીને કુહાડીથી હત્યા કરાઈ હતી.

### યુનુસ શાસનમાં કથળતી વ્યવસ્થતા

આ ઘટના બાંગ્લાદેશના મૈમનસિંહ જિલ્લાના ત્રિશાલ સબડિસ્ટ્રિક્ટમાં બની હતી. હિન્દુ ચોખાના વેપારી સુશેન ચંદ્ર સરકાર પર કુહાડીથી હુમલો કરવામાં આવ્યો હતો. તેમની દુકાનમાં જ તેમની હત્યા કરવામાં આવી હતી. હત્યા પછી, કાયર કટ્ટરપંથીઓ પકડાઈ જવાના ડરથી ભાગી ગયા હતા. વેપારીના લોહીથી દુકાનમાં લોહીના ડાઘા પડી ગયા હતા અને હત્યારાઓએ શટર બહારથી બંધ કરી દીધા હતા. જેથી મૃતદેહ કોઈ શોધી ન શકે.



# ફ્રાન્સના રાષ્ટ્રપતિ મેક્રોન ત્રણ દિવસની ભારત મુલાકાતે

(એજન્સી) ફ્રાન્સ । તા. 10

ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન 17 થી 19 ફેબ્રુઆરી સુધી ભારતની મુલાકાતે આવશે. તેઓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષીય સહયોગ, હોરાઇઝન 2047 રોડમેપ, ઈન્ડો-પેસિફિક અને વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરશે. મેક્રોન AI ઈમ્પેક્ટ સમિટમાં હાજરી આપશે અને મુંબઈની પણ મુલાકાત લેશે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન 17 થી 19 ફેબ્રુઆરી સુધી ભારતની ત્રણ દિવસની સત્તાવાર મુલાકાતે રહેશે. આ મુલાકાત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આમંત્રણ પર થઈ રહી છે. વિદેશ મંત્રાલયે આ મુલાકાતની જાહેરાત કરી છે. આ મુલાકાત ગયા વર્ષે ફેબ્રુઆરીમાં પ્રધાનમંત્રી મોદીની ફ્રાન્સની મુલાકાત બાદ થઈ છે. આ મુલાકાત દરમિયાન, રાષ્ટ્રપતિ મેક્રોન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વ્યાપક દ્વિપક્ષીય વાટાઘાટો કરશે. બંને નેતાઓ ભારત અને ફ્રાન્સ વચ્ચે સહયોગને વધુ મજબૂત બનાવવા અંગે ચર્ચા કરશે. ચર્ચાનો આધાર હોરાઈઝન 2047 રોડમેપ હશે. આ રોડમેપ ભારત અને ફ્રાન્સ વચ્ચે 25 વર્ષની વ્યૂહાત્મક યોજના છે, જેનો ઉદ્દેશ્ય 2047 સુધી બંને દેશો વચ્ચેના સંબંધોને ફરીથી દિશા આપવાનો છે. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ વાટાઘાટોમાં સંરક્ષણ, વેપાર, ટેકનોલોજી, ઉર્જા, આબોહવા પરિવર્તન, શિક્ષણ અને નવીનતા સહિતના વિવિધ મહત્વપૂર્ણ વિષયો પર ચર્ચા થશે.

### રામ મંદિર હુમલાનું કાવતરું ઘડનારનો જેલમાં અંત | રોહિત ગોદારા ગેંગ જવાબદારી લેતા નવો વળાંક આવ્યો

# આતંકી કાવતરાખોર જેલ હત્યા થી હરિયાણામાં ભારે ચકચાર મચી

ફરીદાબાદ:અયોધ્યાના ભવ્ય રામ મંદિર સંકુલ પર આતંકી હુમલાનું ભયાનક કાવતરું ઘડનારા આરોપી અબ્દુલ રહેમાનની હરિયાણાની ફરીદાબાદ જિલ્લા જેલમાં હત્યા કરી દેવામાં આવી છે. ગત રવિવારે રાત્રે આઠ વાગ્યાના સુમારે બનેલી આ લોહીયાળ ઘટનામાં સાથી કેદીએ જ આરોપી પર જીવલેણ હુમલો કર્યો હતો. ૧૯ વર્ષીય આતંકી શંકાસ્પદની હત્યા બાદ કુખ્યાત રોહિત ગોદારા ગેંગે સોશિયલ મીડિયા પર આ ઘટનાની જવાબદારી સ્વીકારી લેતા જેલ પ્રશાસન અને સુરક્ષા એજન્સીઓમાં દોડધામ મચી ગઈ છે.



પ્રાપ્ત માહિતી અનુસાર, અયોધ્યાના ઈનાયત નગરનો રહેવાસી અબ્દુલ રહેમાન ફરીદાબાદ જેલમાં બંધ હતો. રવિવારે રાત્રે આઠ વાગ્યાના સુમારે તેના સાથી કેદી અરુણ ચૌધરીએ કોઈ તીક્ષ્ણ વસ્તુ અથવા પથ્થર વડે રહેમાનના માથાના ભાગે ગંભીર પ્રહાર કર્યા હતા. ગંભીર રીતે ઘવાયેલા રહેમાનને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ટૂંકી સારવાર બાદ તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. મીડિયા અહેવાલ મુજબ, હુમલાખોરે અત્યંત આક્રમક રીતે આ હુમલો કર્યો હતો જેથી બચવાની કોઈ તક રહી નહોતી.

આ હત્યા બાદ થોડી જ વારમાં રોહિત ગોદારા ગેંગના સભ્ય મહેન્દ્ર ડેલાનાએ એક સોશિયલ મીડિયા પોસ્ટ મૂકીને હુમલાની જવાબદારી લીધી છે. ડેલાનાએ લખ્યું કે, 'રામ મંદિર પર હુમલો કરવાનું પ્લાનિંગ કરનાર આતંકીને તેના અંજામ સુધી પહોંચાડ્યો છે.' ગેંગે હુમલાખોર અરુણ ચૌધરીને દિલથી સલામ કરી છે અને ચેતવણી આપી છે કે જે પણ દેશની વિરુદ્ધ જશે તેનો આ જ અંજામ આવશે. આ કબૂલાત બાદ હવે પોલીસ ગેંગસ્ટર અને કેદીઓ વચ્ચેના કનેક્શનની તપાસ કરી રહી છે.

ઉલ્લેખનીય છે કે, માર્ચ ૨૦૨૫માં હરિયાણા સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (STF) અને ગુજરાત એન્ટી-ટેરરિઝમ સ્ક્વોડ (ATS) એ સંયુક્ત ઓપરેશનમાં અબ્દુલ રહેમાનની ધરપકડ કરી હતી. તેની પાસેથી બે હેન્ડ ગ્રેનેડ અને રામ મંદિર સંકુલના સંવેદનશીલ વીડિયો મળી આવ્યા હતા. તપાસ એજન્સીઓના મતે, તે પાકિસ્તાની જાસૂસી સંસ્થા ISI ના સંપર્કમાં હતો અને મંદિરના પ્રાંગણમાં વિસ્ફોટ કરવાની તૈયારીમાં હતો. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, તે તેના પરિવારનો એકમાત્ર વારસદાર હતો અને બે દિવસ પહેલા જ તેનો પરિવાર તેને જેલમાં મળીને અયોધ્યા પરત ફર્યો હતો.

હાઈ-પ્રોફાઈલ આતંકી કેસના આરોપીની જેલની અંદર હત્યા થતા જેલ પ્રશાસનની ઘોર બેદરકારી સામે આવી છે. શું આ હુમલો પૂર્વ આયોજિત હતો? શું જેલની અંદર હથિયારો કે પથ્થરો કેવી રીતે પહોંચ્યા? તે દિશામાં તપાસ તેજ કરવામાં આવી છે. મહારાષ્ટ્ર અને અમદાવાદમાં અગાઉ રવિ ગોદારા ગેંગના સાથીઓની ધરપકડ બાદ હવે જેલની અંદર આ હત્યાકાંડ થતા ગેંગસ્ટરો અને આતંકવાદીઓ વચ્ચેના ખતરનાક ટકરાવની નવી પેટર્ન સામે આવી છે. હાલમાં મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરીને પરિવારને સોંપવાની તજવીજ ચાલી રહી છે.

# 54000 કરોડના ડિજિટલ ફ્રોડ સરકારની બેદરકારી : સુપ્રીમ

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે ડિજિટલ અરેસ્ટને રોકવામાં નિષ્ફળતા મુદ્દે આકરા સવાલો કર્યા હતા. સુપ્રીમ કોર્ટે પૂછ્યું હતું કે ગ્રાહકો દ્વારા જીવનભરની કમાણી બેન્કોમાં જમા કરાવવામાં આવે છે જેને તેઓ ગુમાવી રહ્યા છે. એવા સમયે શંકાસ્પદ લેનદેનને સમયસર પકડીને અટકાવવામાં કેમ નથી આવી રહી? બાદમાં એટર્ની જનરલે સુપ્રીમને જણાવ્યું હતું કે મામલાઓના ડેટા એકઠા કરાઈ રહ્યા છે અને એસઓપી તૈયાર કરવામાં આવી રહી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે મળેલી જાણકારી મુજબ ૫૪૦૦૦ કરોડથી વધુની રકમ ફ્રોડથી મેળવીને વિદેશ મોકલી દેવામાં આવી છે. ડિજિટલ અરેસ્ટના કેસોને ગંભીરતાથી ના લેવા બદલ સુપ્રીમ કોર્ટે વિવિધ બેન્કોનો ઉધડો લીધો હતો, સાથે જ સવાલ કર્યો હતો કે શંકાસ્પદ ટ્રાન્ઝેક્શનોને સમયસર કેમ નથી ઓળખી શકાતા, ગ્રાહકો પોતાના જીવનભરની કમાણી ગુમાવી રહ્યા છે, શું બેન્કોની કામ કરવાની ગુણવત્તા આવી જ છે? સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની બેંચે સવાલ કર્યો હતો કે સરકારી અને ખાનગી બન્ને બેન્કો ગ્રાહકોની ફરિયાદ પર સમયસર કાર્યવાહી કેમ નથી કરી રહી? જ્યારે શંકાસ્પદ ટ્રાન્ઝેક્શન થાય છે ત્યારે ગ્રાહકો અને સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશનોમાં એલર્ટ કેમ નથી મોકલવામાં આવતા? બાદમાં એટર્ની જનરલે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે ડિજિટલ અરેસ્ટ મામલાઓને પહોંચી વળવા માટે એસઓપી સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર હાલ અંતિમ રૂપે પહોંચી ગઈ છે ટૂંક સમયમાં તેનો અમલ કરી દેવામાં આવશે.

સુપ્રીમ કોર્ટે ગૃહ બાબતોના મંત્રાલયને કહ્યું હતું કે તે રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાની સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર અંગે વિચારે. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા બેન્કો સામે ફરિયાદો પર કરવામાં આવી રહેલી કાર્યવાહીને લઈને એક ડ્રાફ્ટ એસઓપી તૈયાર કર્યો છે. સુપ્રીમ કોર્ટે કેન્દ્રીય ગૃહ મંત્રાલયને કહ્યું છે કે ૨ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ તૈયાર કરેલા એસઓપીને સત્તાવાર રીતે અપનાવવામાં આવે અને તેનો અમલ કરવામાં આવે. સાથે જ પીડિત ગ્રાહકોના ખાતામાંથી ફ્રોડ દ્વારા લઈ લેવામાં આવેલી રકમને પરત મેળવવા માટે વિવિધ એજન્સીઓ વચ્ચે તાલમેલ બેસાડવામાં આવે તેવા આદેશ પણ કર્યા હતા. સુપ્રીમ કોર્ટમાં એમિકસ ક્યૂરીએ કહ્યું હતું કે બેન્કો એવુ કહીને વળતર આપવાનું ટાળે છે કે પીડિતોએ સ્વેચ્છાએ રૂપિયા ટ્રાન્સફર કરી દીધા છે.

## News Brief

### કાનપુર લેમ્બોર્ગિની અકસ્માત શિવમ મિશ્રા નું નામ એફઆઈઆરમાં નોંધાયું

કાનપુર: ઉત્તર પ્રદેશના કાનપુરમાં વીઆઈપી રોડ પર બનેલી હાઈ-પ્રોફાઈલ લેમ્બોર્ગિની અકસ્માતની ઘટનામાં પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. કાનપુર પોલીસ કમિશનર રઘુબીર લાલે મંગળવારે પુષ્ટિ કરી હતી કે પ્રખ્યાત તમાકુ ઉદ્યોગપતિ કે. કે. મિશ્રાના પુત્ર શિવમ મિશ્રાનું નામ હવે એફઆઈઆર (FIR) માં આરોપી તરીકે દાખલ કરવામાં આવ્યું છે. અગાઉ અજાણ્યા ચાલક સામે ગુનો નોંધાયા બાદ, તપાસમાં મળેલી કડીઓ અને સીસીટીવી ફૂટેજના આધારે પોલીસ આ નિષ્કર્ષ પર પહોંચી છે કે અકસ્માત સમયે શિવમ મિશ્રા જ ગાડી ચલાવી રહ્યો હતો.પોલીસ કમિશનરના જણાવ્યા મુજબ, અકસ્માત બાદ શિવમ મિશ્રાને ડ્રાઈવરની સીટ પરથી બહાર કાઢતા હોવાના સીસીટીવી ફૂટેજ અને વીડિયો પુરાવા પોલીસ પાસે છે. કમિશનરે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, "જ્યારે તપાસમાં શિવમનું નામ સામે આવ્યું છે, તેનો અર્થ એ છે કે અમે પુરાવાઓથી સંતુષ્ટ છીએ કે તે જ ગાડી ચલાવી રહ્યો હતો. બચાવ પક્ષ ગમે તે કહે, પણ અમારી પાસે મજબૂત પુરાવા છે." અકસ્માત સમયે શિવમ સાથે તેના ખાનગી બાઉન્સરો પણ હતા, જે તેને અકસ્માત સ્થળેથી બીજી ગાડીમાં બેસાડીને લઈ ગયા હતા.બીજી તરફ, શિવમ મિશ્રાના વકીલ મૃત્યુંજય કુમારે સોમવારે દાવો કર્યો હતો કે અકસ્માત સમયે શિવમ ગાડી ચલાવી રહ્યો ન હતો, પરંતુ તેમનો ડ્રાઈવર મોહન સ્ટીયરિંગ પર હતો. વકીલે આ ઘટનાને માત્ર એક 'અકસ્માત' ગણાવી હતી અને કહ્યું હતું કે શિવમ નિર્દોષ છે. જોકે, પોલીસે આ દાવાને ફગાવી દીધો છે.

### શાંતિ પ્રયાસો અને વિસ્થાપન વચ્ચે સ્થિતિ હજુ પણ તંગ

# મણિપુર હિંસા નવા તોફાન થી ઉખરુલ જિલ્લો ફરી ધ્રૂજ્યો

ઈમ્ફાલ: મણિપુરમાં લાંબા સમયથી ચાલી રહેલી અસ્થિરતા વચ્ચે ઉખરુલ જિલ્લામાં સોમવારે ફરી એકવાર હિંસાની જ્વાળાઓ ભડકી ઉઠી છે. લિટાન સારીખોન્ગ ગામમાં ફાટી નીકળેલા આ તોફાનોમાં સશસ્ત્ર ટોળાઓએ અનેક રહેણાંક મકાનોને નિશાન બનાવી આગચંપી કરી છે. રાજ્યમાં શાંતિ સ્થાપવા માટે ચાલી રહેલા સઘન પ્રયાસો વચ્ચે બનેલી આ ઘટનાએ સુરક્ષા એજન્સીઓની ચિંતામાં વધારો કર્યો છે. હવામાં આડેધડ ગોળીબાર અને પથ્થરમારાને કારણે સ્થાનિક રહેવાસીઓમાં ભારે ગભરાટ ફેલાયો છે, જેના પરિણામે સેંકડો લોકોએ સુરક્ષિત આશ્રય મેળવવા માટે પડોશના કાંગપોકપી જિલ્લા તરફ પલાયન કરવું પડ્યું છે.

આ હિંસાના મૂળમાં શનિવાર રાત્રે બનેલી એક સામાન્ય ઘટના હોવાનું મનાય છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, તાંગખુલ નાગા સમુદાયના એક સભ્ય પર લિટાન ગામના કેટલાક શખ્સોએ હુમલો કર્યો હતો. જોકે, શરૂઆતમાં એવું લાગતું હતું કે ગ્રામ પ્રશાસન



અને સ્થાનિક આગેવાનો વચ્ચેની મધ્યસ્થીથી મામલો થાળે પડી જશે, પરંતુ પ્રસ્તાવિત શાંતિ બેઠક યોજાય તે પહેલા જ અફવાઓ અને ગેરસમજણને કારણે ઉશ્કેરાયેલા ટોળાએ ગામના મુખીના રહેણાંક પર હુમલો કરી દીધો હતો. રવિવારની મધરાતે પરિસ્થિતિ બેકાબૂ બની ગઈ હતી અને બે સમુદાયો સામસામે આવી ગયા હતા.સોમવારે વહેલી સવાર સુધીમાં તોફાનીઓએ લિટાન ગામમાં તાંગખુલ નાગા અને કુકી સમુદાયના ઘરોને નિશાન બનાવ્યા હતા. મીડિયા અહેવાલ મુજબ, આ હિંસામાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૨૧ મકાનો સળગાવી દેવામાં આવ્યા છે. સશસ્ત્ર જૂથો દ્વારા હવામાં સતત ગોળીબાર કરવામાં આવતા સમગ્ર વિસ્તારમાં સન્નાટો છવાઈ ગયો હતો. વહીવટીતંત્રે તાત્કાલિક અસરથી પ્રતિબંધક આદેશો લાગુ કર્યા છે અને તોફાની તત્વોને જોતા જ પકડવા માટેના આદેશો જારી કર્યા છે. મોટી સંખ્યામાં મહિલાઓ અને બાળકોએ જંગલ વિસ્તારમાં આશ્રય લેવાની ફરજ પડી હતી.

ઘટનાની ગંભીરતાને જોતા ડેપ્યુટી મુખ્ય મંત્રી એલ. દિખોએ અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લીધી હતી. તેમણે તાંગખુલ અને કુકી સમુદાયના પ્રતિનિધિઓ સાથે તાકીદની બેઠક યોજીને શાંતિ જાળવવા અને સંયમ રાખવા અપીલ કરી હતી. મુખ્ય મંત્રી વાય. ખેમચંદ સિંઘે પણ સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે, આ સમગ્ર ઘટના માત્ર ગેરસમજણમાંથી જન્મી છે અને રાજ્ય સરકાર સ્થિતિને સામાન્ય બનાવવા માટે તમામ જરૂરી પગલાં લઈ રહી છે. વધારાની કેન્દ્રીય સુરક્ષા દળોની ટુકડીઓને ઉખરુલના સંવેદનશીલ વિસ્તારોમાં તૈનાત કરવામાં આવી છે.

### રાજૌરી બોર્ડર રોડ પ્રોજેક્ટ: કિલા ધારહલના સરહદી ગામો માટે 'લાઇફલાઇન'

રાજૌરી (જમ્મુ-કાશ્મીર): ભારતની સરહદોને વધુ સુરક્ષિત અને સુગમ બનાવવાના અભિયાન હેઠળ બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન (BRO) દ્વારા જમ્મુ-કાશ્મીરના રાજૌરી જિલ્લામાં અભૂતપૂર્વ કાર્ય કરવામાં આવી રહ્યું છે. 'પ્રોજેક્ટ સંપર્ક' હેઠળ કિલા ધારહલ તહસીલના અંતરિયાળ અને સરહદી વિસ્તારોમાં નવા પુલો અને રસ્તાઓના નિર્માણથી સ્થાનિક લોકોના જીવનમાં મોટું પરિવર્તન આવ્યું છે. દાયકાઓથી ચોમાસા અને ભારે હિમવર્ષા દરમિયાન અલગ-થલગ પડી જતા ગામડાઓ હવે મુખ્ય માર્ગો સાથે બારેમાસ જોડાયેલા રહેશે.રાજૌરીના સરહદી વિસ્તારોમાં બે મહત્વના પુલો ગેમ-ચેન્જર સાબિત થયા છે:

જામ્ભીર સ્ટીલ બ્રિજ: ૬૦ મીટર લાંબો આ સ્ટીલ બ્રિજ બાલાવેન્યુ-લામ-ધારાલ ધરી પર આવેલો છે, જે સ્થાનિક ગામોને સીધા અખનૂર-પૂંચ નેશનલ હાઈવે સાથે જોડે છે.ભવાની સેતુ: તાજેતરમાં કાર્યરત થયેલા આ ૬૦ મીટરના કોંક્રિટ બ્રિજને કારણે ભવાની અને નૌશેરા વચ્ચેનું અંતર ૩૦ કિમીથી ઘટીને માત્ર ૧૧ કિમી રહી ગયું છે. આ માળખાકીય સુધારાની સૌથી મોટી અસર શિક્ષણ અને આરોગ્ય પર જોવા મળી રહી છે. અગાઉ, પૂર કે ખરાબ હવામાનને કારણે વિદ્યાર્થીઓ શાળા-કોલેજ જઈ શકતા નહોતા, જે હવે સુરક્ષિત રીતે સમયસર પહોંચી શકે છે. તેવી જ રીતે, લામ અને ઝાંગર જેવા અંતરિયાળ વિસ્તારોમાં ઈમરજન્સી સમયે એમ્બ્યુલન્સ વિલંબ વિના જિલ્લા હોસ્પિટલ પહોંચી શકશે, જે અનેક કિંમતી જીવ બચાવવામાં મદદરૂપ થશે. સ્થાનિક યુવક વિકાસે જણાવ્યું કે, "વરસાદની ઋતુમાં અમારે ઘણી હોનારતોનો સામનો કરવો પડતો હતો, પરંતુ BRO એ આ પુલ બનાવીને અમારું જીવન સરળ બનાવ્યું છે."

BRO ના આ પ્રોજેક્ટ્સે સ્થાનિક યુવાનો માટે "ઘર આંગણે રોજગારી" પૂરી પાડી છે. મજૂરો અને વેન્ડર્સ તરીકે સ્થાનિક લોકોને પ્રાધાન્ય મળતા સ્થળાંતરમાં ઘટાડો થયો છે. વ્યૂહાત્મક દ્રષ્ટિએ જોઈએ તો, આ નવા માર્ગો 'ડેડ ગ્રાઉન્ડ' પ્રોટેક્શન પૂરું પાડે છે. આનો અર્થ એ છે કે નાગરિક અને લશ્કરી વાહનો હવે લાઈન ઓફ કંટ્રોલ (LoC) ની પેલે પારથી સરળતાથી જોઈ શકાશે નહીં, જે સુરક્ષાની દ્રષ્ટિએ અત્યંત મહત્વનું છે.

## સાઈબર સુરક્ષા

### નકલી મોબાઈલ ટાવર છેતરપિંડી થી સાઈબર સ્કેમનું મોટું સંકટ

નવી દિલ્હી: સાઈબર અપરાધીઓ હવે લોકોની આર્થિક મૂડી લૂંટવા માટે અવનવી અને અત્યંત જટિલ ટેકનોલોજીનો સહારો લઈ રહ્યા છે. સાઈબર ફ્રોડની દુનિયામાં અત્યારે 'ફેક બેઝ સ્ટેશન' એટલે કે નકલી મોબાઈલ ટાવર દ્વારા કરવામાં આવતી છેતરપિંડીએ ભારે હોબાળો મચાવ્યો છે. ગ્રીસ પોલીસે તાજેતરમાં એક કારમાં સેટ કરેલી આખી નકલી ટાવર સિસ્ટમ ઝડપી પાડ્યા બાદ સમગ્ર વિશ્વમાં આ ટેકનિક પ્રત્યે સાવધ રહેવાની કડક સૂચના આપવામાં આવી છે. આ નવી પદ્ધતિ એટલી જોખમી છે કે ગ્રાહકને અંદાજ પણ આવતો નથી કે તેનો મોબાઈલ અસલી નેટવર્ક છોડીને સ્કેમર્સની જાળમાં ફસાઈ ચૂક્યો છે.સામાન્ય રીતે મોબાઈલ ફોન



હંમેશા તેની આસપાસના સૌથી મજબૂત સિગ્નલ ધરાવતા ટાવર સાથે કનેક્ટ થવા માટે પ્રોગ્રામ કરેલા હોય છે. આ જ ટેકનિકલ પાસાનો ગેરલાભ ઉઠાવીને સ્કેમર્સ પોર્ટેબલ અને ગેરકાયદે મોબાઈલ નેટવર્ક સેટઅપ કરે છે. આ પોર્ટેબલ ટાવર કોઈ કારમાં, બેકપેકમાં કે રસ્તા પર કોઈ છુપા સ્થળે લગાવી શકાય છે. જ્યારે કોઈ વ્યક્તિ આ વિસ્તારમાંથી પસાર થાય છે, ત્યારે તેનો ફોન ઓટોમેટિકલી આ સ્ટ્રોંગ ફેક સિગ્નલ સાથે જોડાઈ જાય છે. આ પ્રક્રિયા એટલી ઝડપી અને ગુપ્ત હોય છે કે યુઝરને કોઈ જ શંકા જતી નથી.એકવાર મોબાઈલ ફેક નેટવર્ક સાથે જોડાઈ જાય પછી સ્કેમર્સ 'એસએમએસ બ્લાસ્ટ' ટેકનિકનો ઉપયોગ કરે છે. આ ટેકનિક દ્વારા યુઝરના ફોન પર અસલી લાગે તેવા ફેક બેંક વેરિફિકેશન મેસેજ, લોન ઓફર કે ઓટીપી (OTP) મેળવવા માટેની લિંક્સ મોકલવામાં આવે છે. મીડિયા અહેવાલ મુજબ, સ્કેમર્સ ઘણીવાર યુઝરના પોતાના નંબરનો ઉપયોગ કરીને જ અન્ય સંપર્કોને જોખમી લિંક્સ મોકલી દે છે. યુઝરને લાગે છે કે મેસેજ સત્તાવાર કંપની કે બેંક તરફથી આવ્યો છે, અને જેવી લિંક પર ક્લિક થાય કે તુરંત બેંક ખાતું સાફ થઈ જાય છે. સાઈબર સુરક્ષા નિષ્ણાતોના મતે, આ સ્કેમની ઓળખ કરવાની એક રીત મોબાઈલના નેટવર્ક બાર પર નજર રાખવાની છે. જ્યારે તમારો હાઈ-સ્પીડ ૪જી (4G) કે ૫જી (5G) ફોન અચાનક ૨જી (2G) નેટવર્ક દેખાડવા લાગે, ત્યારે સમજી લેવું કે તમારું નેટવર્ક કોઈ જોખમી ચેનલમાં ડાઈવર્ટ કરવામાં આવ્યું હોઈ શકે છે.

### કોંગ્રેસ નેતાઓ પર હેરાનગતિના આરોપ થી ભાજપ લાલચોળ

## મકથલ ભાજપ ઉમેદવાર આપઘાત: તેલંગાણાના રાજકારણમાં ભારે ગરમાવો

હૈદરાબાદ: તેલંગાણામાં મ્યુનિસિપલ ચૂંટણીના મતદાનના આડે ગણતરીના કલાકો બાકી રહ્યા છે ત્યારે મકથલ નગરપાલિકામાં ભાજપના ઉમેદવાર એરુકલા મહાદેવપ્પાના આપઘાતે સમગ્ર રાજ્યને હચમચાવી દીધું છે. ભાજપના મતે આ માત્ર આપઘાત નથી પરંતુ સત્તાધારી કોંગ્રેસ દ્વારા કરવામાં આવેલી માનસિક સતામણીનું પરિણામ છે. મંગળવારે ભાજપના પ્રદેશ નેતૃત્વે કોંગ્રેસ સરકાર પર આકરા પ્રહારો કરતા આક્ષેપ કર્યો હતો કે વિરોધ પક્ષના ઉમેદવારોને ડરાવવા અને ધમકાવવા માટે સત્તાનો દુરૂપયોગ કરવામાં આવી રહ્યો છે. મકથલ નગરપાલિકાના વોર્ડ નંબર 6 ના ભાજપના ઉમેદવાર એરુકલા મહાદેવપ્પાએ પ્રચારના અંતિમ દિવસે ગળે ફાંસો ખાઈને જીવન ટૂંકાવ્યું હતું. 46 વર્ષીય મહાદેવપ્પા આદિવાસી સમુદાયના હતા અને તેમની વધતી જતી લોકપ્રિયતાથી કોંગ્રેસ ગભરાઈ ગઈ હોવાનો ભાજપનો દાવો છે. પરિવારના સભ્યોએ આક્ષેપ કર્યો છે કે ઉમેદવારી ફોર્મ ભર્યા બાદથી જ સ્થાનિક કોંગ્રેસ નેતાઓ અને મંત્રી વાકાતી શ્રીહરિના સમર્થકો દ્વારા તેમને સતત માનસિક ત્રાસ આપવામાં આવતો હતો, જેનાથી કંટાળીને તેમણે આ આત્યંતિક પગલું ભર્યું છે. ભાજપના મુખ્ય પ્રવક્તા એન.વી. સુભાષે જણાવ્યું હતું કે, તેલંગાણા પોલીસ હવે કોંગ્રેસના કાર્યકરોની જેમ વર્તી રહી છે. ભાજપના ઉમેદવારો દ્વારા વારંવાર રજૂઆતો કરવા છતાં પોલીસ કોઈ પગલાં લેતી નથી.

## "દિલ્હી પોલીસ જાગો", કોંગ્રેસ સાંસદ મણિકમ ટાગોરનો પ્રહાર

નવી દિલ્હી: ભૂતપૂર્વ આર્મી ચીફ જનરલ (નિવૃત્ત) એમ. એમ. નરવણેના સંસ્મરણો પર આધારિત પુસ્તક 'ફોર સ્ટાર્સ ઓફ ડેસ્ટિની' (Four Stars of Destiny) ના કથિત લીક અને ત્યારબાદ દિલ્હી પોલીસ દ્વારા નોંધવામાં આવેલી એફઆઈઆર (FIR) એ રાજકીય ગરમાવો વધારી દીધો છે. કોંગ્રેસના સાંસદ મણિકમ ટાગોરે મંગળવારે દિલ્હી પોલીસની ટીકા કરતા સોશિયલ મીડિયા પર લખ્યું, "દિલ્હી પોલીસ જાગો" (Delhi police awake up). ટાગોરે જનરલ નરવણેનું જૂનું ટ્વિટ શેર કર્યું હતું જેમાં તેમણે પોતે જ પુસ્તકની ઉપલબ્ધતા વિશે જાહેરાત કરી હતી. આ વિવાદે હવે સંસદથી લઈને સોશિયલ મીડિયા સુધી મોટું સ્વરૂપ ધારણ કર્યું છે.વિવાદની શરૂઆત ત્યારે થઈ જ્યારે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ રાષ્ટ્રપતિના અભિભાષણ પરના આભાર પ્રસ્તાવ દરમિયાન આ પુસ્તકની 'પ્રી-પ્રિન્ટ' નકલ ટાંકીને ૨૦૨૦ ના ચીન સાથેના સરહદ વિવાદ અંગે સવાલો ઉઠાવ્યા હતા. સરકારે આ પુસ્તક 'બિન-મંજૂર' અને 'અપ્રકાશિત' હોવાનું કહીને વિરોધ કર્યો હતો. ત્યારબાદ દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે સોશિયલ મીડિયા પર આ પુસ્તકની પીડીએફ (PDF) નકલ ફેલાવવા બદલ અજ્ઞાત લોકો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## RK ફેમિલી ટ્રસ્ટ વિવાદ: હાઈકોર્ટે પરિવારને મધ્યસ્થતાની સલાહ આપી

નવી દિલ્હી: દિવંગત ઉદ્યોગપતિ સંજય કપૂરના પરિવારમાં કરોડોની સંપત્તિ અને 'RK ફેમિલી ટ્રસ્ટ' ને લઈને ચાલી રહેલો કાનૂની જંગ હવે વધુ જટિલ બન્યો છે. દિલ્હી હાઈકોર્ટે મંગળવારે આ મામલે સુનાવણી કરતા પરિવારના સભ્યોને આ વિવાદ મધ્યસ્થતા દ્વારા શાંતિપૂર્ણ રીતે ઉકેલવા સૂચન કર્યું છે. જસ્ટિસ મિની પુષ્કર્ણાની સિંગલ જજની બેન્ચે ટિપ્પણી કરી હતી કે, "પરિવારના સંબંધોનું સન્માન કરવાનો પ્રયાસ કરો. આ કોઈકની મહેનતનું ફળ અને તમારા પરના આશીર્વાદ છે, તેને શ્રાપમાં ન ફેરવો."આ કેસ સંજય કપૂરના માતા રાણી કપૂર દ્વારા દાખલ કરવામાં આવ્યો છે, જેમાં તેમણે RK ફેમિલી ટ્રસ્ટને વિખેરી નાખવાની માંગ કરી છે. રાણી કપૂરનો આરોપ છે કે તેમની પુત્રવધૂ પ્રિયા કપૂરે છેતરપિંડીથી અને ઉતાવળમાં સંપત્તિ પર કબજો મેળવવાનો પ્રયાસ કર્યો છે. રાણી કપૂરના વકીલે કોર્ટમાં રજૂઆત કરી હતી કે ૮૦ વર્ષીય વૃદ્ધાને તેમની જાણ બહાર ટ્રસ્ટમાંથી બાકાત કરી દેવામાં આવ્યા છે. બીજી તરફ, પ્રિયા કપૂરના વકીલે આ તમામ આરોપોને પાયાવિહોણા ગણાવતા કહ્યું કે સંજય કપૂરે પોતાની મહેનતથી કંપનીને ખોટમાંથી ઉગારીને IPO સુધી પહોંચાડી હતી. આ વિવાદમાં બોલિવૂડ અભિનેત્રી કરિશ્મા કપૂર અને સંજય કપૂરના બાળકો (સમાયરા અને કિયાન) પણ પક્ષકાર છે. તેઓએ પણ તેમની દાદી રાણી કપૂરના પક્ષને સમર્થન આપ્યું છે. કરિશ્માના બાળકોના વકીલે અગાઉ આક્ષેપ કર્યો હતો કે પ્રિયા કપૂરનું વર્તન 'સિન્ડ્રેલાની સાવકી મા' જેવું છે.

## કર્ણાટક મુખ્યમંત્રી પદનો વિવાદ: ડીકે શિવકુમાર તેડું આવતા દિલ્હી રવાના

બેંગલુરુ: કર્ણાટકમાં છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી સત્તાની સાઠમારી ફરી એકવાર સપાટી પર આવી છે. મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ મંગળવારે પુષ્ટિ કરી હતી કે ડેપ્યુટી સીએમ ડી.કે. શિવકુમાર દિલ્હીની મુલાકાતે ગયા છે. સત્તાવાર રીતે આ મુલાકાત અસમમાં આગામી વિધાનસભા ચૂંટણી અંગે એઆઈસીસી (AICC) ની બેઠકમાં હાજરી આપવા માટે હોવાનું જણાવાયું છે. જોકે, રાજ્યમાં જે રીતે સીએમ પદ માટે ખેંચતાણ ચાલી રહી છે, તે જોતા રાજકીય ગલિયારાઓમાં આ મુલાકાતને નેતૃત્વ પરિવર્તનના સંકેત તરીકે જોવામાં આવી રહી છે.આ વિવાદમાં નવો વળાંક ત્યારે આવ્યો જ્યારે કોંગ્રેસના ધારાસભ્ય ઈકબાલ હુસૈને દાવો કર્યો કે ૮૦ થી ૯૦ જેટલા ધારાસભ્યોએ હાઈકમાન્ડ સમક્ષ ડી.કે. શિવકુમારને મુખ્યમંત્રી બનાવવાની ઈચ્છા વ્યક્ત કરી છે. હુસૈને સીએમ સિદ્ધારમૈયાના પુત્ર અને એમએલસી યતીન્દ્ર સિદ્ધારમૈયાના નિવેદન સામે પણ નારાજગી વ્યક્ત કરી હતી. યતીન્દ્રએ તાજેતરમાં કહ્યું હતું કે હાઈકમાન્ડે તેમના પિતાને આખી ટર્મ (૫ વર્ષ) સુધી સીએમ તરીકે ચાલુ રાખવાના સંકેત આપ્યા છે. હુસૈને યતીન્દ્રને 'શિસ્તમાં રહેવા' અને હાઈકમાન્ડને મુશ્કેલીમાં ન મૂકવા સલાહ આપી હતી.

મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ આ અંગે પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે, "ડી.કે. શિવકુમારે મને પત્ર લખીને જાણ કરી છે કે તેઓ દિલ્હી જઈ રહ્યા છે.

## સંસદમાં વિપક્ષનો હોબાળો

## ભારત અમેરિકા વેપાર કરાર વિરોધ માં સંસદના દ્વારે વિપક્ષના ધરણા

નવી દિલ્હી: ભારત અને અમેરિકા વચ્ચે થયેલા વચગાળાના વેપાર કરારના માળખાને લઈને દેશમાં રાજકીય સંગ્રામ છેડાયો છે. મંગળવારે સંસદના મકર દ્વારની બહાર ઈન્ડિયા (INDIA) ગઠબંધનના સાંસદોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના પોસ્ટરો સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું. વિપક્ષી સાંસદોએ આક્ષેપ કર્યો છે કે આ કરાર દ્વારા ભારતની વ્યૂહાત્મક સ્વાયત્તતા અને ખેડૂતોના હિતોને નુકસાન પહોંચાડવામાં આવ્યું છે. સંસદના બજેટ સત્ર દરમિયાન આ મુદ્દે ચર્ચાની માંગ સાથે વિપક્ષે સરકાર પર આકરા પ્રહારો કર્યા છે.

સંસદ ભવનની બહાર વિરોધ કરી રહેલા સાંસદોના હાથમાં રહેલા પોસ્ટરો પર "નરેન્દ્ર સરેન્ડર? દેશ જોઈ રહ્યો છે" (Narender surrendered? The nation is watching) તેવું લખાણ જોવા મળ્યું હતું. વિપક્ષી નેતાઓએ આક્ષેપ કર્યો છે કે અમેરિકાને ખુશ કરવા માટે ભારત સરકાર રશિયા પાસેથી સસ્તું તેલ ખરીદવાનું બંધ કરવા અને અમેરિકન કૃષિ ઉત્પાદનો પર ટેરિફ ઘટાડવા સંમત થઈ છે. કોંગ્રેસના સાંસદ મનીષ તિવારીએ લોકસભામાં આ મામલે સ્થગિત પ્રસ્તાવની નોટિસ આપીને તાત્કાલિક ચર્ચાની માંગ કરી છે.

આ વિવાદની શરૂઆત વ્હાઈટ હાઉસના તે નિવેદનથી થઈ છે જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે ભારત રશિયા પાસેથી તેલની આયાત બંધ કરવા અને તેના બદલે અમેરિકા પાસેથી ઉર્જા ઉત્પાદનો ખરીદવા સંમત થયું છે. મનીષ તિવારીએ તેમની નોટિસમાં જણાવ્યું છે કે, "રશિયન તેલની ખરીદી બંધ કરવી અને અમેરિકી કૃષિ માલસામાનને છૂટછાટ આપવી તે ભારતની ઉર્જા સુરક્ષા અને ખેડૂતોના હિતો સામે પ્રશ્નાર્થ ચિહ્ન ઉભું કરે છે." વિપક્ષના મતે આ નિર્ણયથી દેશના સામાન્ય નાગરિકો પર મોંઘવારીનો બોજ વધી શકે છે.બંને દેશોના સંયુક્ત નિવેદન મુજબ, ભારત અમેરિકાના તમામ ઔદ્યોગિક ઉત્પાદનો અને અનેક કૃષિ ઉત્પાદનો જેવા કે સોયાબીન તેલ, વાઈન, મકાઈ અને તાજા ફળો પરની ડ્યુટી ઘટાડશે. આ પગલું ભારતીય ખેડૂતો માટે નુકસાનકારક હોવાનું વિપક્ષ માની રહ્યો છે.

### સંસદમાં વિપક્ષનો હોબાળો ચરમસીમાએ પહોંચ્યો | લોકશાહી મૂલ્યો અને સંસદીય ગરિમા પર ગંભીર સવાલો

# લોકસભા અધ્યક્ષ અવિશ્વાસ પ્રસ્તાવ લાવવા વિપક્ષની સહી ઝુંબેશ

નવી દિલ્હી:ભારતીય સંસદના ઈતિહાસમાં સત્તાધારી પક્ષ અને વિપક્ષ વચ્ચેનો ગતિરોધ હવે એક અત્યંત ગંભીર તબક્કે પહોંચી ગયો છે. લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા પર પક્ષપાતી વલણ



અપનાવવાનો આરોપ લગાવીને વિપક્ષી ગઠબંધન તેમને પદ પરથી હટાવવા માટે અવિશ્વાસ પ્રસ્તાવ લાવવાની તૈયારી કરી રહ્યું છે. બજેટ સત્ર દરમિયાન વિપક્ષના નેતા રાહુલ ગાંધીને બોલતા અટકાવવા અને આઠ સાંસદોના સસ્પેન્શન બાદ વિપક્ષી છાવણીમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ મામલો એટલો વકર્યો છે કે હવે વિપક્ષી સાંસદોએ સ્પીકર વિરુદ્ધ મોરચો માંડીને સહી ઝુંબેશ તેજ કરી દીધી છે.

તાજેતરના મીડિયા અહેવાલ મુજબ, લોકસભાના સ્પીકર ઓમ બિરલા સામે અવિશ્વાસ પ્રસ્તાવની નોટિસ પર વિપક્ષના ૧૦૦થી વધુ સાંસદોએ હસ્તાક્ષર કરી દીધા છે. કોંગ્રેસ અને અન્ય વિપક્ષી પક્ષોનો મુખ્ય આરોપ છે કે ગૃહમાં વિપક્ષના અવાજને દબાવવામાં આવી રહ્યો છે. રાષ્ટ્રપતિના અભિભાષણ પરના આભાર પ્રસ્તાવ દરમિયાન જ્યારે રાહુલ ગાંધીએ ચીની ઘૂસણખોરી જેવા સંવેદનશીલ મુદ્દા ઉઠાવ્યા, ત્યારે તેમને અધ્યક્ષ દ્વારા વારંવાર અટકાવવામાં આવ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. વિપક્ષનું કહેવું છે કે સ્પીકર લોકશાહીની ગરિમા જાળવવામાં નિષ્ફળ રહ્યા છે.

કોંગ્રેસના વરિષ્ઠ નેતા કે. સી. વેણુગોપાલે આક્રમક વલણ અપનાવતા કહ્યું છે કે સંસદમાં વિપક્ષ માટે હવે કોઈ સ્થાન બચ્યું નથી. તેમણે આરોપ લગાવ્યો કે સત્તાધારી પક્ષના સાંસદોને ગમે તે બોલવાની અને વિપક્ષના નેતાઓનું અપમાન કરવાની છૂટ આપવામાં આવે છે, જ્યારે વિપક્ષના સાંસદોના વિચારો રજૂ કરવાની સ્વતંત્રતા છીનવી લેવામાં આવી રહી છે. સ્પીકર દ્વારા મહિલા સાંસદો પર લગાવવામાં આવેલા આરોપોને પણ વિપક્ષે અયોગ્ય ઠેરવ્યા છે. સંસદની અંદર જે રીતે આઠ સાંસદોને એકસાથે સસ્પેન્ડ કરવામાં આવ્યા, તેણે આ વિવાદમાં ઘી હોમવાનું કામ કર્યું છે.બીજી તરફ, રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહાર કરતા દાવો કર્યો છે કે પૂર્વ સૈન્ય વડા એમ.એમ. નરવણેના પુસ્તકમાં થયેલા ખુલાસાઓથી સરકાર ડરી ગઈ છે. વિપક્ષના મતે આ જ કારણ છે કે મહત્વના મુદ્દાઓ પર ચર્ચા ટાળવા માટે સંસદમાં વિપક્ષના નેતાઓને બોલતા અટકાવવામાં આવે છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, વિપક્ષના નેતાઓએ સોમવારે ઓમ બિરલા સાથે મુલાકાત કરીને ઉકેલ લાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ મડાગાંઠ હજુ ઉકલી નથી. રાજ્યસભામાં પણ મલ્લિકાર્જુન ખડગેએ આ મુદ્દો ઉઠાવતા ભારે હોબાળો થયો હતો અને વિપક્ષે વોકઆઉટ કર્યો હતો.સંસદના બંને ગૃહોમાં ચાલી રહેલો આ વિવાદ ભારતીય લોકશાહી માટે ચિંતાનો વિષય બન્યો છે. જો વિપક્ષ ખરેખર અવિશ્વાસ પ્રસ્તાવ લાવશે, તો તે ઓમ બિરલાના કાર્યકાળ માટે એક મોટો પડકાર બની રહેશે. વિપક્ષ હવે ચીની ઘૂસણખોરી, અમેરિકા સાથેની સંરક્ષણ ડીલ અને આઝાદી જેવા મુદ્દાઓ પર સરકારને ઘેરવાની રણનીતિ બનાવી રહ્યો છે. આગામી દિવસોમાં સંસદનું વાતાવરણ વધુ તોફાની બનવાની પૂરેપૂરી સંભાવના છે, કારણ કે બંને પક્ષો પોતપોતાની જીદ પર મક્કમ જોવા મળી રહ્યા છે.

સિટી એક્સપ્રેસ

WEDNESDAY 11 FEBRUARY-2026

AHMEDABAD

## નવરંગપુરામાં આવેલા બંધ ફ્લેટમાંથી 23 લાખની ચોરી

અમદાવાદ | વિજય પાર્ક પાસે આવેલા 'નક્ષત્ર એપાર્ટમેન્ટ'ના એક ફ્લેટમાં સોમવારે સાંજે 5:30 થી 7:00 વાગ્યાના ગાળામાં બની હતી. આ મામલે ફાર્મા કન્સલ્ટન્ટ તરીકે કામ કરતા 28 વર્ષીય શીતલ સોમાણીએ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદી અને તેમનો પરિવાર સાંજના સમયે ઘરને લોક કરીને બહાર ગયો હતો. જ્યારે શીતલબેન સાંજે 7 વાગ્યાની આસપાસ ઘરે પરત ફર્યા, ત્યારે તેમણે જોયું કે મુખ્ય દરવાજાનું હેન્ડલ તૂટેલું હતું. ઘરની અંદર તપાસ કરતા લિવિંગ રૂમમાં બધું બરાબર હતું, પરંતુ બેડરૂમમાં રહેલી પ્લાયવુડની તિજોરીના ખાના તોડી નાખવામાં આવ્યા હતા.

## અમદાવાદમાં આ વિસ્તારોમાં થશે આજે પાણીકાપ

અમદાવાદ | વિગતવાર વિસ્તારોની વાત કરીએ તો, કોતરપુર પ્લાન્ટ પર નિર્ભર એવા પૂર્વ અમદાવાદના નરોડા, સરદારનગર, બાપુનગર, ઠક્કરબાપાનગર, નિકોલ અને નારોલ સુધીના વિસ્તારોમાં અસર થશે. આ ઉપરાંત ઓઢવ, વિરાટનગર, સૈજપુર અને મધ્ય શહેરના શાહીબાગ, અસારવા, શાહપુર, દરિયાપુર, જમાલપુર તથા ખાડિયામાં પણ પાણીની સમસ્યા રહેશે. ઉત્તર અમદાવાદના મોટેરા, ચાંદખેડા, સાબરમતી અને સ્ટેડિયમ જેવા વિસ્તારોમાં પણ ઓછા પ્રેશરથી પાણી મળવાને કારણે રહેવાસીઓને જરૂરિયાત મુજબનું પાણી સંગ્રહી રાખવા અને કરકસરપૂર્વક વાપરવા સૂચના આપવામાં આવી છે.

GOVERNMENT OF INDIA

પશુધન વિકાસના કાર્યોથી મજબૂત થશે આજીવિકા, સમૃદ્ધ થશે પરિવાર

હવે બનશે પશુ, મત્સ્ય અને પોલ્ટ્રી ઈન્ફ્રાસ્ટ્રકચર અને શસક્ત થશે ગ્રામીણ અર્થવ્યવસ્થા



વિકસિત ભારત - રોજગાર અને આજીવિકા મિશન (ગ્રામીણ) માટેની ગેરંટી : વીબી - જી રામ જી

(વિકસિત ભારત - જી રામ જી) અધિનિયમ, 2025

125 દિવસ ની રોજગાર ગેરંટી



CBC 35101/13/0113/2526

# અમદાવાદ ઍરપોર્ટ પર 6.8 કિલો હેરોઇન પકડાયું

(એજન્સી) અમદાવાદ | તા.10

અમદાવાદ ઍરપોર્ટ પરથી 6.8 કિલો હેરોઇન સાથે એક શખ્સને ઝડપી પાડવામાં આવ્યો છે. પકડાયેલા હેરોઇનની અંદાજિત કિંમત 30 કરોડથી વધુ આંકવામાં આવી રહી છે. મલેશિયાથી આવેલા પેડલરે હર્બલ સાબુના જુદા જુદા પેકેટમાં હેરોઇન સંતાડ્યું હતું. પણ કસ્ટમ વિભાગે ચાંપતી નજર અને સતર્કતા દાખવી જથ્થાને પકડી લીધો છે. અમદાવાદ ઍરપોર્ટ પર સુરક્ષા એજન્સીઓએ ડ્રગ્સ માફિયાઓના ઈરાદાઓ પર પાણી ફેરવી દીધું છે. મલેશિયાથી આવેલા એક પેડલર પાસેથી અધધ 30 કરોડ રૂપિયાનું 6.8 કિલો હેરોઇન ઝડપાયું છે. તસ્કરીની રીત જોઈને અધિકારીઓ પણ ચોંકી ગયા હતા.X-ray સ્કેનિંગથી બચવા માટે હેરોઇનને સિલ્વર ફોઈલ અને કાર્બન પેપરમાં લપેટવામાં આવ્યું હતું અને હર્બલ સાબુના જુદા જુદા પેકેટમાં છુપાવ્યું હતું. પરંતુ સતર્ક સુરક્ષાકર્મીઓએ આ કરોડોનું 'ઝેર' પકડી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે પ્રાથમિક પૂછતાછમાં ઝડપાયેલો આરોપી ચેન્નાઈનો રહેવાસી હોવાનું ખૂલ્યું છે. તેને આ જથ્થો અહીંયા લાવવા બદલ 30 હજાર રૂપિયા આપવામાં આવ્યા હોવાની કબૂલાત કરી છે. ઍરપોર્ટ પર ઉતરતાં કેરિયરને આ જથ્થો આપવાનો હતો પકડાઈ જતાં કેરિયર ફોન ઉઠાવી રહ્યો નથી. કસ્ટમ્સ વિભાગે પેડલર અને કેરિયર બંનેના મોબાઈલ નંબરની વધુ તપાસ હાથ ધરી છે. 9 ફેબ્રુઆરીના રોજ અમદાવાદ કસ્ટમ્સના એર ઈન્ટેલિજન્સ યુનિટના અધિકારીઓએ શંકા જતાં એક મુસાફરને અટકાવ્યો હતો, તે એર એશિયા ફ્લાઈટ નંબર AK-91 દ્વારા કુઆલાલંપુરથી અમદાવાદ આવ્યો હતો. જેના સામાનમાંથી 29 સાબુ જેવા પેકેટની ચકાસણી કરવામાં આવી હતી. જેમાં કુદરતી સાબુ અને હર્બલ સાબુ બારના આડમાં માદક દ્રવ્યોની હેરાફેરી થતી હોવાનું ખૂલ્યું હતું. એક્સ-રે સ્કીનીંગથી બચવા માટે યુવકે હેરોઇન પર ચાંદીના વરખ અને કાર્બન પેપર લપેટ્યા હતા. તેમ છતાં પણ કસ્ટમ વિભાગે તેને ચેકિંગ દરમિયાન ઝડપી લીધો હતો. ઉલ્લેખનીય છે કે ભારતીય બજાર પ્રમાણે હેરોઇનના એક કિલોની કિંમત 2 કરોડ આસપાસ અંદાજી શકાય, પણ આંતરરાષ્ટ્રીય બજાર કિંમત 5 કરોડથી વધુની છે, જેથી પકડાયેલા જથ્થાની કિંમત 30 કરોડ આસપાસ હોવાનું અનુમાન છે.

# પશ્ચિમ રેલવે રાજકોટ ડિવિઝનના પૂર્વ એન્જિનિયરની 1.58 કરોડની સંપત્તિ જપ્ત

(એજન્સી) અમદાવાદ | તા.10

અમદાવાદમાં ગઈકાલે સોમવારે હૈદરાબાદની EDની ટીમ દ્વારા અમેરિકન નાગરિકોને છેતરવા ગેરકાયદે ચાલી રહેલા કોલ સેન્ટરો પર દરોડા પાડવામાં આવ્યા હતાં. ત્યાર બાદ ED દ્વારા વધુ એક મોટી કાર્યવાહી કરવામાં આવી છે. રેલવેના પૂર્વ એન્જિનિયર સામે EDએ સપાટો બોલાવ્યો છે. અમદાવાદમાં ગઈકાલે સોમવારે હૈદરાબાદની EDની ટીમ દ્વારા અમેરિકન નાગરિકોને છેતરવા ગેરકાયદે ચાલી રહેલા કોલ સેન્ટરો પર દરોડા પાડવામાં આવ્યા હતાં. ત્યાર બાદ ED દ્વારા વધુ એક મોટી કાર્યવાહી કરવામાં આવી છે. રેલવેના પૂર્વ એન્જિનિયર સામે EDએ સપાટો બોલાવ્યો છે. વેદપ્રકાશ અને પત્નીની મિલકતો જપ્ત કરાઈ છે. EDએ 1.58 કરોડની સંપત્તિ જપ્ત કરી છે. અમદાવાદમાં રેલવેના પૂર્વ એન્જિનિયર સામે સીબીઆઈની ફરિયાદ બાદ ઈડીએ તપાસ હાથ ધરી છે. પૂર્વ એન્જિનિયર વેદપ્રકાશ અને તેમની પત્નીની મિલકતો જપ્ત કરવામાં આવી છે. તપાસમાં નાણાંનો અંગત ઉપયોગ થયો હોવાની વિગતો પ્રાપ્ત થઈ છે. બે રહેણાંક ફ્લેટ પણ જપ્ત કરવામાં આવ્યા છે.

## ગુજરાતમાં 20 એપ્રિલથી વસતિગણતરીનો પ્રારંભ

ગાંધીનગર | દેશભરમાં યોજાનારી વસતિગણતરી-2027 માટે કેન્દ્ર સરકારે મહત્વપૂર્ણ સૂચના જાહેર કરી છે. કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા નોટિફિકેશન મુજબ, 1 એપ્રિલ 2026થી 30 સપ્ટેમ્બર 2026 દરમિયાન સમગ્ર દેશમાં હાઉસલિસ્ટિંગ કામગીરી હાથ ધરવામાં આવશે. ગુજરાત રાજ્યમાં આ પ્રક્રિયા માટે વિશેષ સમયગાળો નક્કી કરવામાં આવ્યો છે. રાજ્યમાં 20 એપ્રિલ 2026થી 19 મે 2026 સુધી હાઉસ લિસ્ટિંગ ઓપરેશન હાથ ધરાશે. આ દરમિયાન દરેક મકાન, રહેણાંક એકમ અને ઘરેલુ માહિતી એકત્રિત કરવામાં આવશે. હાઉસ ટુ હાઉસ ગણતરી શરૂ થાય તે પહેલાં 15 દિવસ માટે સ્વ-ગણતરી (Self Enumeration) પણ કરાશે. આ પ્રક્રિયા દ્વારા નાગરિકોને પોતાની માહિતી જાતે જ નોંધાવવાની તક મળશે. આ અંગેની સૂચના ગુજરાત સરકારના જનરલ એડમિનિસ્ટ્રેશન વિભાગ (પ્લાનિંગ) દ્વારા ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવી છે. વસતિ ગણતરીને લઈને વહીવટી તંત્રએ તૈયારીઓ શરૂ કરી દીધી છે અને આગામી સમયમાં અધિકારીઓ તથા કર્મચારીઓને તાલીમ આપવામાં આવશે.

વસતિગણતરીના સફળ અમલ માટે રાજ્ય, જિલ્લા, મહાનગરપાલિકા અને તાલુકા સ્તરે IT સાધનો, વાહન માટે POL ખર્ચ અને કામગીરી માટે જરૂરી સાધનો માટે અલગ-અલગ બજેટ ફાળવણી કરવામાં આવી છે. રાજ્ય સ્તરે આ માટે 10 લાખ, જિલ્લા અને મહાનગરપાલિકા સ્તરે 5 લાખ અને તાલુકા સ્તરે 1 લાખ સુધીની જોગવાઈ રાખવામાં આવી છે.

### ક્રાઈમ બ્રાન્ચે 7 કલાકના ઓપરેશન બાદ રવિ ગોદારા ગેંગના બે આરોપીને ઝડપ્યા

# કુખ્યાત ગેંગના 2 ગેંગસ્ટર અમદાવાદથી ઝડપાયા

(એજન્સી) અમદાવાદ | તા.10

મદાવાદ ક્રાઈમ બ્રાન્ચે રાજસ્થાનની કુખ્યાત રવિ ગોદારા ગેંગના બે ગેંગસ્ટરની ધરપકડ કરી છે. ક્રાઈમ બ્રાન્ચે સાત કલાકના ઓપરેશન બાદ બંને આરોપીની ધરપકડ કરી છે. બંને આરોપી ખંડણી, હત્યાનો પ્રયાસ, ટાર્ગેટેડ શૂટિંગ, આર્મ્સ એક્ટ સહિત 20થી વધુ ગુનાઓમાં સામેલ છે. અમદાવાદમાં પણ ખંડણીના નેટવર્ક માટે ટાર્ગેટ શોધી રહ્યા હતા, જે પહેલા ક્રાઈમ બ્રાન્ચે બંનેની ધરપકડ કરી છે.અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ગત(9 ફેબ્રુઆરી) મોડીરાતથી ઓપરેશન ચાલું કર્યું હતું. આ દરમિયાન બંને આરોપીને આજે વહેલી સવારે વાસણા-વેજલપુર રોડ પરથી ઝડપી પાડ્યા છે.

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે રાજસ્થાનના કોટાના અમન ઉર્ફે બચ્ચા અને સુહેબ ઉર્ફે ચિન્ટુ નામના ગેંગસ્ટરની ધરપકડ કરી છે. આ બંને રાજસ્થાનની કુખ્યાત રવિ ગોદારા ગેંગ સાથે જોડાયેલા હતા.આ બંને આરોપીએ ખંડણી, હત્યાનો પ્રયાસ, ટાર્ગેટેડ શૂટિંગ, આર્મ્સ એક્ટ સહિતના ગુનામાં સામેલ હતા.

ક્રાઈમ બ્રાન્ચે સાત કલાકના લાંબા ઓપરેશન બાદ બંનેની ધરપકડ કરી છે. બંને આરોપી ગુજરાતમાં તેમનું ખંડણી નેટવર્ક શરૂ કરવા માટે આવ્યા હતા. આરોપીઓ ખંડણી માટે તેમનો ટાર્ગેટ શોધી રહ્યા હતા. ક્રાઈમ બ્રાન્ચે બંને આરોપીની ધરપકડ કરી છે. તપાસ બાદ બંનેને કોટા પોલીસને સોંપવામાં આવશે. રાજસ્થાનના કુખ્યાત ગેંગસ્ટર રોહિત ગોદારાનું નામ રાવતરામ સ્વામી છે અને તે રાજસ્થાનના બિકાનેરના લુંકરનસરનો રહેવાસી છે. ગુનાહિત જગતમાં તેનું નામ અનેક સનસનાટીભરી હત્યાઓ સાથે જોડાયેલું છે. ગોદારાને પંજાબી ગાયક સિદ્ધુ મૂસેવાલાની હત્યા, રાજસ્થાનમાં રાજપૂત કરણી સેનાના પ્રમુખ સુખદેવસિંહ ગોગામેદીની ઘરમાં ઘૂસીને હત્યા અને સીકરના ગેંગસ્ટર રાજુ તેહતની હત્યા જેવા મોટા કેસોનો માસ્ટરમાઈન્ડ માનવામાં આવે છે.

તેની સામે દેશભરમાં 40થી વધુ ગુનાહિત કેસ નોંધાયેલા છે. વધતા દબાણ અને પોલીસ કાર્યવાહીથી બચવા માટે તે 13 જૂન, 2022ના રોજ નકલી પાસપોર્ટનો ઉપયોગ કરીને દિલ્હીથી દુબઈ ભાગી ગયો હતો. તેનું હાલનું સ્થાન પોર્ટુગલ અને કેનેડામાં હોવાનું જાણવા મળે છે.




### કોણ છે રાજસ્થાનનો કુખ્યાત ગેંગસ્ટર રોહિત ગોદારા?

રાજસ્થાનના કુખ્યાત ગેંગસ્ટર રોહિત ગોદારાનું નામ રાવતરામ સ્વામી છે અને તે રાજસ્થાનના બિકાનેરના લુંકરનસરનો રહેવાસી છે. ગુનાહિત જગતમાં તેનું નામ અનેક સનસનાટીભરી હત્યાઓ સાથે જોડાયેલું છે. ગોદારાને પંજાબી ગાયક સિદ્ધુ મૂસેવાલાની હત્યા, રાજસ્થાનમાં રાજપૂત કરણી સેનાના પ્રમુખ સુખદેવસિંહ ગોગામેદીની ઘરમાં ઘૂસીને હત્યા અને સીકરના ગેંગસ્ટર રાજુ તેહતની હત્યા જેવા મોટા કેસોનો માસ્ટરમાઈન્ડ માનવામાં આવે છે.

## આજે 15થી વધુ વિસ્તારોમાં ઓછું પાણી આવશે

### કોતરપુર વૉટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ 8 કલાક બંધ રહેશે; બુધવારથી રાબેતા મુજબ પાણી મળશે...



(એજન્સી) અમદાવાદ | તા.10

શહેરમાં પશ્ચિમ અને પૂર્વ વિસ્તારના કેટલાક ભાગોમાં પાણી પૂરું પાડતા કોતરપુર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટને આજે (10 ફેબ્રુઆરી) સાંજે ચાર વાગ્યા સુધી મેન્ટેનન્સ માટે બંધ કરવામાં આવ્યું છે. આ કારણે આવતીકાલે 11 ફેબ્રુઆરીના રોજ સવારે આખા પૂર્વ અને પશ્ચિમના કેટલાક ભાગોમાં પાણી ખૂબ ઓછું આવશે. પાણી ઓછું આવવાના કારણે નાગરિકોએ પાણીની સમસ્યાનો સામનો કરવો પડશે.

કોતરપુર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી શહેરના પૂર્વ વિસ્તારના નરોડા, સરદારનગર, બાપુનગર ઠક્કરબાપાનગરથી લઈ નારોલ સુધી તેમજ ઓઢવ, વિરાટનગર, નિકોલ, સૈજપુર, શાહીબાગ, અસારવા, શાહપુર, દરિયાપુર, જમાલપુર ખાડિયા, મોટેરા, ચાંદખેડા, સાબરમતી અને સરદાર પટેલ સ્ટેડિયમ સહિતના વિસ્તારોમાં પાણી પૂરું પાડવામાં આવે છે. આજે સવારે પાણી આપ્યા બાદ શટ ડાઉન કરવામાં આવ્યું હોવાના કારણે આ વિસ્તારોમાં આવતીકાલે સવારે ઓછા પ્રેશરથી પાણી આવશે.

### વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે કામગીરી

મ્યુનિસિપલ કોર્પોરેશનના વોટર પ્રોડક્શન ખાતા હસ્તકના કોતરપુર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટસ ખાતે વીજ પુરવઠો પુરો પાડતી કંપની GETCO દ્વારા પાવર ફીડર-1 અને 2માં 10 ફેબ્રુઆરીના રોજ પ્રી-મોન્સુન એક્ટિવિટી અંતર્ગત મેઈન્ટેનનસ માટે સવારે 8થી સાંજના 4 વાગ્યા સુધી 8 કલાક માટે શટડાઉન લેવામાં આવ્યું છે.

કોતરપુર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટસ 8 કલાક બંધ રહેશે, જેના લીધે ઉત્તર ઝોન, મધ્યઝોન, પુર્વ ઝોન, પશ્ચિમ ઝોન, અને દક્ષિણ ઝોનના અમુક વિસ્તારમાં 11 ફેબ્રુઆરીના રોજ પાણીના ઉપલબ્ધ જથ્થા મુજબ પાણીનો પુરવઠો પુરો પાડવામાં આવશે. બુધવારથી રાબેતા મુજબ પાણી પુરવઠો પુરો પાડવામાં આવશે.

## વિધાનસભા સત્ર પૂર્વે સત્તાપક્ષની તૈયારી તેજ: ભાજપ ધારાસભ્યોની મહત્વની બેઠક

(એજન્સી) ગાંધીનગર | તા.10

સત્રના કામકાજની રૂપરેખા અને વિધાનસભામાં રજૂ થનારા બિલોને લઈને કામકાજ સલાહકાર સમિતિની બેઠક 12 ફેબ્રુઆરીના રોજ યોજાશે. આ બેઠકમાં મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, વિધાનસભા અધ્યક્ષ, નાણાં મંત્રી અને પ્રવક્તા મંત્રી સહિત સરકારના મુખ્ય દંડક, કોંગ્રેસ પક્ષના નેતા સહિત કુલ 10 સભ્યો હાજર રહેશે. બેઠકમાં વિધાનસભા સત્ર દરમિયાન રજૂ થનારા બિલો અને કામકાજ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે. આ સાથે જ વિધાનસભા સત્ર પૂર્વે ભાજપના ધારાસભ્યોની અલગ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. વિપક્ષ સરકારને ઘેરી ન શકે તે માટે રણનીતિ ઘડાશે. 16 ફેબ્રુઆરીના રોજ વિધાનસભાના ચોથા માળે યોજાનારી બેઠકમાં મુખ્યમંત્રી તથા પ્રદેશ પ્રમુખ જગદીશ પંચાલ હાજર રહેશે. બેઠક દરમિયાન સરકારનો પક્ષ ગૃહમાં મજબૂતીથી રજૂ કરી શકાય તે માટે ધારાસભ્યોને માર્ગદર્શન અપાશે. સત્ર દરમિયાન કયા નવા કાયદાઓ લાવવામાં આવશે, બજેટની મુખ્ય જોગવાઈઓ શું રહેશે તેની જાણકારી પણ ધારાસભ્યોને આપવામાં આવશે. સાથે જ વિધાનસભા સત્ર દરમિયાન સમયપાલન અને શિસ્ત જાળવવા ખાસ સૂચનાઓ આપવામાં આવશે, જેથી ગૃહની કામગીરી સુચારુ રીતે ચાલે. આ ઉપરાંત, વિધાનસભાના ઈ-નેવા (e-NeVA) કેન્દ્ર ખાતે રાજ્યના તમામ મંત્રીઓ માટે ખાસ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. વિધાનસભા સત્ર દરમિયાન પ્રશ્નોત્તરી અને ચર્ચા વખતે મંત્રીઓએ કેવી રીતે યોગ્ય અને નિયમસર જવાબ આપવા તે મુદ્દે ટ્રેનિંગ આપવામાં આવી.

## માતા-પુત્રી બજારમાં ગયા ને 23 લાખની ચોરી

અમદાવાદ | શહેરના નવરંગપુરા વિસ્તારમાં આવેલા ફ્લેટમાંથી તસ્કરોએ 23 લાખની ચોરી કરી છે. પરિવારના સભ્યો 2 કલાક માટે બહાર ત્યારે તસ્કરોએ ઘરમાં ઘૂસીને દાગીના અને રોકડ સહિત કુલ 23 લાખ રૂપિયાની ચોરી કરી છે. જે મામલે નવરંગપુરા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

નવરંગપુરા વિસ્તારના સી.જી.રોડ પર આવેલી નક્ષત્ર એપાર્ટમેન્ટમાં રહેતી શિતલ ઓમપ્રકાશ સોમાનીએ નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે તે ખાનગી કંપનીમાં ફાર્મા કન્સલ્ટન્ટ તરીકે કામ કરે છે. ગઈકાલે શીતલ તેની માતા રાજશ્રીબેન સાંજના સાડા પાંચ વાગ્યાની આસપાસ ઘરવખરીનો સામાન લેવા માટે બજારમાં ગયા હતા, ત્યારે તેના ભાભી સુનંદા ઘરે હાજર હતા. માતા-પુત્રી બન્ને કોમર્સ છ રસ્તા પહોચ્યા ત્યારે સુનંદાનો ફોન શીત્તલ પર આવ્યો હતો અને કહેવા લાગી હતી કે, હું ઘરનું તાળુ મારીને પિયર જઉ છું. સુનંદા ઘરને તાળુ મારીને જતી રહી હતી, ત્યારે શિતલ અને રાજશ્રીબેન સાંજે સાત વાગ્યાની આસપાસ ઘરે પરત આવ્યા હતા. શીતલે તાળુ ખોલવા જતા દરવાજાનો નકુચો ઢીલો હતો, જેથી તે બહાર આવી ગયો હતો.

ઘરમાં માતા-પુત્રી પહોચ્યા ત્યારે સામાન વેરવિખેર હતો, જેથી તેઓ પોતપોતાના રૂમમાં ગયા હતા. રાજશ્રીબેન બેડરૂમમાં ગયા ત્યારે તેમનો વોડ્રોબનો દરવાજો ખુલ્લો હતો. રાજશ્રીબેન તરતજ વોડ્રોબ ચેક કર્યુ તો સોના-ચાંદીના દાગીના તેમજ વિદેશી અને ભારતીય ચલણી નોટો ગાયબ હતી. શિતલના ઘરમાંથી તસ્કરોએ 23 લાખ રૂપિયાની મત્તાના દાગીના અને વિદેશી ચલણી નોટો લઈને જતા રહ્યા છે. માત્ર બે કલાકમાં તસ્કરોએ શિતલના ઘરમાં પ્રવેશ્યા હતા અને લાખો રૂપિયાની ચોરી કરીને લઈ ગયા છે. પોલીસે શિતલની ફરિયાદના આધારે ગુનો નોંધ્યો છે.

## ચેતજો! તમને પનીરના નામે કેમિકલ પીરસાય છે સિટીની 27 હજાર રેસ્ટોરન્ટમાં કાળો કારોબાર

અમદાવાદ| જો તમે હોટલ કે રેસ્ટોરન્ટમાં પનીરનું શાક ખાવાના શોખીન હોવ તો આ સમાચાર તમારા માટે આંખ ઉઘાડનારા છે. અમદાવાદની સેંકડો હોટલોમાં શુદ્ધ દૂધના પનીરને બદલે કેમિકલ, વનસ્પતિ તેલ અને સ્ટાર્ચમાંથી બનેલું 'એનાલોગ પનીર' પીરસવામાં આવી રહ્યું હોવાનો ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. અસલી પનીર કરતા લગભગ અડધી કિંમતે મળતું આ નકલી પનીર લોકોના સ્વાસ્થ્ય માટે ગંભીર જોખમ ઊભું કરી રહ્યું છે. એનાલોગ પનીર એ અસલ પનીર નથી, પરંતુ તેને દેખાવમાં પનીર જેવું બનાવવા માટે નીચેની વસ્તુઓનો ઉપયોગ થાય છે. તેમાં વનસ્પતિ તેલ, સ્ટાર્ચ અને વિવિધ કેમિકલ્સ હોય છે. તેના પેકિંગ પર સ્પષ્ટ લખેલું હોય છે કે 'આ દૂધમાંથી બનેલું નથી', છતાં હોટલ સંચાલકો નફાની લાલચમાં તેને શુદ્ધ પનીર તરીકે ખવડાવે છે. શુદ્ધ પનીરનો ભાવ 400 રૂપિયા પ્રતિ કિલોની આસપાસ છે, જ્યારે એનાલોગ પનીર હોલસેલમાં માત્ર 200 રૂપિયાથી 250 રૂપિયામાં મળી રહે છે.

# અમદાવાદ એરપોર્ટ પર 8 લોકોએ નમાઝ પઢી : પેસેન્જરે વીડિયો શૂટ કર્યો

### પ્રેયરરૂમને બદલે બહાર નમાઝ પઢતા નમાઝીને પૂછ્યું-આ લીગલ છે? તો જવાબ ન મળ્યો



અમદાવાદ | અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર જાહેરમાં નમાઝ પઢવામાં આવી હોવાનો એક વીડિયો સોશિયલ મીડિયામાં ફરતો થયો છે. આ ઘટના વહેલી સવારે અંદાજે સાડાપાંચ વાગ્યાની આસપાસ બની હોવાનું સામે આવ્યું છે, જેમાં હજારો લોકોની અવરજવર હોય એવી જગ્યાએ નમાઝ પઢવામાં આવી હતી. આ સમયે એક મુસાફરે આ સમગ્ર દૃશ્યો પોતાના મોબાઈલમાં કેદ કર્યા હતા, જે હાલ સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહ્યાં છે.

આ વીડિયોમાં જોઈ શકાય છે કે મુસાફરો દ્વારા બોર્ડિંગ પાસ મેળવ્યા બાદ અને ફ્લાઈટમાં બેસવા જતી વખતે નમાઝ પઢવામાં આવી હતી. મહત્ત્વનું છે કે આ પહેલાં પણ અમદાવાદમાં સહિત અને જિલ્લામાં જાહેર બાગ-બગીચા કે એસટી સ્ટેન્ડ પર નમાઝ પઢવાની ઘટનાઓ સામે આવતી હતી, પરંતુ હવે એરપોર્ટ જેવી અત્યંત સુરક્ષિત ગણાતી જગ્યાએ પણ આવો જ કિસ્સો જોવા મળ્યો છે. આયુષ મહેતા નામના એક મુસાફરે વીડિયો બનાવીને સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે આજે સવારે એટલે કે 10 ફેબ્રુઆરી 2026ના રોજ સવારે અમદાવાદથી મુંબઈની ફ્લાઈટ હોવાથી 5:30 વાગ્યે એરપોર્ટ પર આવ્યો. સિક્યોરિટી ચેક પતાવીને જ્યારે હું ટર્મિનલ-1ના ફર્સ્ટ ફ્લોર પર આવ્યો, ત્યારે મેં અમુક ડિસ્ટર્બિંગ ઘટના જોઈ. કોઈ ગ્રુપ ત્યાં નમાઝ અદા કરી રહ્યું હતું. એ જોઈને તરત જ હું શોક થઈ ગયો અને મેં ત્યાં ઊભા રહીને વીડિયો શૂટ કરી લીધો.

આ અંગે એરપોર્ટનાં સૂત્રો તરફથી મળતી માહિતી અનુસાર, પેસેન્જર્સ મૂવમેન્ટ સ્મૂથ જ હતી. કોઈ પેસેન્જર્સને કોઈપણ પ્રકારની તકલીફ પડી ન હતી. તેમની પાસે કોઈ પેસેન્જરની ફરિયાદ આવી નથી. CISFની ટીમમાં આ અંગે વાત કરી હતી તો CISFનું પણ એવું કહેવું હતું કે અમારી પાસે કોઈ પેસેન્જર ફરિયાદ લઈને આવ્યું નથી. એરપોર્ટ પર સુરક્ષામાં તહેનાત CISFને પણ આ અંગે જાણ કરવામાં આવી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. વીડિયોમાં માત્ર એક વ્યક્તિ જ નહીં, પરંતુ એક આખો સમૂહ નમાઝ પઢતો હોવાનું નજરે પડી રહ્યો છે. આ મામલે અત્યારસુધી અમદાવાદ એરપોર્ટ ઓથોરિટી તરફથી કોઈ સત્તાવાર સ્પષ્ટતા કરવામાં આવી નથી કે કોઈપણ પ્રકારની કાયદેસરની કાર્યવાહી થઈ છે કે કેમ એની વિગતો હજુ સામે આવી નથી.

એરપોર્ટનાં સૂત્રો તરફથી મળતી માહિતી અનુસાર, T1 એટલે કે ટર્મિનલ 1માં પ્રેયર રૂમ નથી, કેમ કે ત્યાં કન્સ્ટ્રક્શનનું કામ ચાલી રહ્યું છે. T2 પર પ્રેયર રૂમ છે, કારણ કે 99 ટકા ફ્લાઈટ ત્યાંથી ઓપરેટ થતી હોય છે. જેદ્દાહ જેવી જગ્યા પર જવા માટેની 99% ફ્લાઈટ T2 પરથી ઓપરેટ થાય છે .